શ્રી.

જૈન સ્તવન સંગ્રહ.

ભાગ ૧-૨-૩-૪

પ્રાત:સ્મરણ, ભાવનાઓ, ચૈત્યવંદનો, સ્તવનો, આનંદ ઘનજી કૃત સ્તવનો, થોયો, સઝાયો, લાવણીઓ, ગુહુંળીઓ, બેરાંને ગાવાનાં ગીતો, આરતીઓ, મંગળદીવો સહિત.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

શા. કેશવલાલ સવાઇભાઇ.

સમશેર બહાદુરવાળા.

ઠે. રીચીરોડની સડકપર—અમદાવાદ.

ક્રીંમત આઠ આના.

અમદાવાદમાં.

ધી રત્નસાગર પ્રીન્ટીંગ પ્રેસમાં
શા. અમરતલાલ જેશીંગભાઈએ છાપ્યું.

આવૃત્તિ ૧ લી. પ્રત ૧૦૦૦

સવંત ૧૯૬૫ સને ૧૯૧૩

श्री.

જૈન સ્તવન સંગ્રહ.

ભાગ ૧-૨-૩-૪

ભાગ ૧ લો.

કાવ્યમ્.

સરસ શાંતિ સુધારસ સાગરં,
સુચિતરં ગુણ રત્ન મહાગરં;
ભવિક પંકજ બોધ દિવાકરં,
પ્રતિદિનં પ્રણમામિ જીનેશ્વરં.

નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં, નમો આયરિયાણં, નમો ઉવજ્ઝાયાણં, નમો લોએ સવ્વ સાહૂણં, એસો પંચ નમુક્કારો,

સવ્વ પાવપ્પણાસણો, મંગલાણં ચ સવ્વે-
સિં, પઢમં હવઈ મંગલં.

શાર્દુલવિક્રિડિતવૃત્તમ.

બ્રાહ્મી ચંદનબાલિકા ભગવતી,
રાજીમતી દ્રૌપદી ॥
કૌશલ્યા ચ મૃગાવતી ચ સુલસા,
સીતા સુભદ્રા શિવા ॥
કુંતી શીલવતી નલસ્ય દયિતા,
ચુલા પ્રભવત્યપિ ॥
પદ્માવત્યપિ સુંદરી દિનમુખે,
કુર્વંતુ વો મંગલમ્ ॥ ૧ ॥
સર્વ મંગલ માંગલ્યં,
સર્વ કલ્યાણ કારણમ્ ॥
પ્રધાનં સર્વ ધર્માણાં,
જૈનં જયતિ શાસનમ્ ॥ ૨ ॥

શ્રી અરિહંત સ્તુતિ.

મોતીદામ છંદ.

તુંહી અરિહંત તુંહી ભગવંત, તુંહી

જિનરાજ તુંહી જગસંત ॥ તુંહી જગનાથ તુંહી પ્રતિપાલ, તુંહી મનમોહન ગાંજિ દયાલ ॥ તુંહી ભવભંજન ભાવસ્વરૂપ, તુંહી અરિગંજન રંજનભૂપ ॥ તુંહી અવિનાશ તુંહી વિતરાગ, તુંહી મહારાજ તુંહી વડભાગ ॥ તુંહી ગુણધામ તુંહી વિશરામ, તુંહી નવ નિધ તુંહી વડ નામ ॥ તુંહી અઘનાશ તુંહી અવિનાશ, તુંહી ભગવંત તુંહી મનવાસ ॥ તુંહી ગુણકેવલરૂપ અનંત, તુંહી જગ તરણ તારણ સંત ॥ તુંહી જગદ્ધ્યાય તુંહી જગદ્ધ્યાન, તુંહી સિદ્ધરૂપ તુંહી જગભાણ ॥ તુંહી શરણાગત રાખણ-હાર, તુંહી દુઃખ દોહગ ટાલણહાર ॥ ૫ ॥

ગણધર સ્તવન.

એકાદશ ગણધરનાં નામ, પ્રહ ઉઠીને કરૂં પ્રણામ ॥ ઇંદ્રભૂતિ પહેલો તે જાણ, અગ્નિભૂતિ બીજો ગુણ ખાણ ॥ ૧ ॥ વાયુ

ભુતિ ત્રીજો જગસાર, ગણધર ચોથો વ્યક્ત ઉદાર ॥ શાસનપતિ સુધર્મા સાર, મંડિત નામે છઠ્ઠો ધાર ॥ ૨ ॥ મોર્યપુત્ર તે સાતમો જેહ, અકંપિત અષ્ટમ ગુણ ગેહ ॥ મુનિવર માંહે જે પરધાન, અચલભ્રાત નવમો એ નામ ॥ ૩ ॥ નામથકી હોય કોડી કલ્યાણ, દશમો મેતારજ અવિરલ વાણ ॥ એકાદશમો પ્રભાસ કહેવાય, સુખસંપત્તિ જસ નામે થાય ॥ ૪ ॥ ગાયા વીરતણા ગણધાર, ગુણમણિ રયણતણા ભંડાર ॥ ઉત્તમ વિજય ગુરૂનો શિષ્ય, રત્નવિજય વંદે નિશદિશ ॥ ૫ ॥ ઇતિ

પ્રભાતિયાં.

આવી રૂડી ભગતી મેં પહેલાં ન જાણી, પહેલાં ન જાણી રે પ્રભુ પહેલાં ન જાણી, સંસારની માયામાં મેં વલોવ્યું પાણી ॥ એ આંકણી ॥ કલ્પતરૂનાં ફુળ લાવીને, જે જિનવર પૂજે; કાળ અનાદિ કર્મ તે સંચિત,

સત્તાથી ધૂજે ॥ આવી૦ ॥ ૧ ॥ થાવર તિ-
રિ નરયા ચવએ દુગે, ઈગ વિગલા લીજે;
સાધારણ નવમે ગુણઠાણે, ધૂર ભાગે છીજે
॥ આવી૦ ॥ ૨ કેવળ પામીને શિવગતિ
ગામી, શૈલે શીઠાણે; ચરમ સમય દોએ
માંહે સ્વામિ, અંતિમ ગુણઠાણે ॥આવી૦॥
૩ ॥ બાકી નામકરમની પયડી, તે સઘળી
જાવે; અજર અમર નિષ્કલંક સ્વરૂપે, નિઃ
કર્મા થાવે ॥ આવી૦ ॥ ૪ ॥ જે સિદ્ધ કે-
રી પડિમા પૂજે, તે સિદ્ધમયિ હોવે; નાહી
ધોઈ નિર્મળ ચિતે, આરીસો જોવે ॥આવી૦
॥ ૫ ॥ કર્મસુડણ તપ કેરી પૂજા, ફળ તે
નર પાવે; શ્રી શુભવીર સ્વરૂપ વિલોકી,
શિવવહુ ઘર આવે ॥ આવી રૂડી ભગતી
મેં પહેલાં ન જાણી ॥ ૬ ॥

પાસ સંખેશ્વરા સાર કર સેવકા, દેવ કાં
એવડી વાર લાગે; કોડી કર જોડી દરબાર

આગે ખડા, ઠાકુરા ચાકુરા માન માગે ॥ ૧ ॥ પ્રગટ થા પાસજી મેલી પડદા પરો, મોડ અસુરાણુને આપ છોડો; મુજ મહિરાણુ મજુસમાં પેશીને, ખલકના નાથજી બંધ ખોલો ॥ ૨ ॥ જગતમાં દેવ જગદીશ તું જાગતો, એમ શું આજ જિનરાજ ઉંઘે; મોટા દાનેશ્વરી તેહને દાખીએ, દાન દે જેહ જગ કાળ મોંઘે ॥ ૩ ॥ ભીડ પડી જાદવા જોર લાગી જરા, તતક્ષિણુ ત્રીકમે તુજ સંભાર્યો; પ્રગટ પાતાળથી પલકમાં તેં પ્રભુ, ભક્તિજન તેહનો ભય નિવાર્યો ॥ ૪ ॥ આદિ અનાદિ અરિહંત તું એક છે, દિનદયાળ છે કોણુ દૂજો; ઉદયરતન કહે પ્રગટ પ્રભુ પાસજી, પામી ભયભંજનો એહ પૂજો ॥ ૫ ॥

ચાલોને પ્રિતમજી પ્યારા, શેત્રુંજે જઇએ. સેત્રુંજે જઇએ, ચાલોને પ્રિતમજી૦

એ આંકણી. શું સંસારે રહ્યા છો મોહી, દિન દિન તન છીજે; આઠ આભની છાયા સરખી, પોતાની કીજે. ચાલો૦ ૧ જે કરવું તે પેલાં કીજે, કાલે શી વાતો; અણચિંતવીઆં આવી પડશે, સબલાની લાતો ચાલો૦ ૨ ચતુરાઇશું ચિત્તમાં ચેતી, હાથે તે સાથે; મરણ તણાં નિશાણાં મોટાં, ગાજે છે માથે. ચાલો૦ ૩ માતા મરૂદેવા નંદન નિરખી, ભવ સફળો કીજે; દાનવી જે સાહિબની સેવા, એ સબલી લીજે. ચાલો૦૪

પ્રભાતે પંખીડા બોલે, રજની થોડી; માતા મરૂદેવા કહે ઉઠો, પુત્ર આળસ મોડી. પ્રભાતે૦ ૧ દેવ દેવી તારૂં મુખ જોવાને, ઉભાસુર કોડી; વાટ જુવે વનિતા નગરીમાં, દિયો દરિશન દોડી. પ્રભાતે૦ ૨ સુર ઇંદ્ર સભામા આવે, સુરલોક છોડી; નાટક કારણ કિન્નર આવે, દિગકુમરિ દોડી પ્રભાતે ૩

સુરજ તો સવારે ઉગે, તિમિર જાળને તો-ડીદ; અવસર જાણી ચંદ્ર ઉગ્યો છે, દીયો દરિશન દોડી. પ્રભાતે ૪ નાભિનંદનનો ના-હલો નિહાળી, હરખે સુર કોડી; લક્ષ્મી ચંદ શિષ્ય રામ પયંપે, વંદુ કર જોડી. પ્રભાતે૦ ૫

શ્લોક.

મંગલં ભગવાન્ વીરો,
મંગલં ગૌતમ પ્રભુઃ ॥
મંગલં સ્થુલિભદ્રાદ્યા,
જૈનોધર્મો ઽસ્તુ મંગલં ॥ ૧ ॥

ભાવનાઓ.

દર્શનં દેવ દેવસ્ય, દર્શનં પાપ નાશનં; દર્શનં શિવ સોપાનં, દર્શનં મોક્ષ સાધનં. પ્રભુ દર્શન સુખ સંપદા, પ્રભુ દર્શન નવ નિદ્ધ; પ્રભુ દર્શનથી પામીએ, સકલ પદા-રથ સિદ્ધ.

૪૬૭૭

ભાવે જિનવર પૂજીએ, ભાવે દીજે દાન; ભાવે ભાવના ભાવીએ, ભાવે કેવળજ્ઞાન. ત્રિભુવન નાયક તું ધણી, મહા મોહોટે મહારાજ, મોહોટે પુન્યે પામીઓ, તુમ દર્શન હું આજ. આજ મનોરથ સવી ફળ્યા, પ્રગટ્યા પુન્ય કલ્લોલ, પાપ કરમ દૂરે ટળ્યાં, ભાગ્યાં દુઃખ ભંડોળ. જીવડા જીનેવર પૂજીએ, પૂજ્યાનાં ફળ હોય; રાજ નમે પ્રજા નમે, આણ ન લોપે કોય. વાડી ચંપો મોરીઓ, સોવન પાંખડીએ; પાર્શ્વ-જીનેશ્વર પૂજીએ, પાંચે આંગળીએ.

આભને વહાલી વીજળી, ધરતીને વહાલો મેહ; રાજુલ વહાલા નેમજી, આપને વહાલો દેહ. આખી જલેબી પાતળી, ખુણે બેશી ખાય; દેવ ગુરૂની નિંદા કરે, તે સાતમી નરકે જાય.

દોહરા.

એક જંબુ જગ જાણિયે,
બીજા નેમકુમાર ॥
ત્રીજા વયર વખાણિયે,
ચોથા ગૌતમ સ્વામિ ॥ ૨ ॥

જગત્રયાધાર કૃપાવતારં,
દુર્વારિ સંસાર વિકાર વૈદ્યં;
શ્રીવિતરાગ ત્વયિ મુગ્ધભાવાત,
વિજ્ઞપ્રભોવિજ્ઞપયામિકિંચિત.

દેખીરે અદભૂત તાહારૂ રૂપ,
અચરિજ ભાવિકારૂપિ પદ વરે;
તાહરી ગત તું જાણે હો દેવ;
સ્મરણ ભજન તે વાચકજસ કહે.

સકલ કર્મ વારી, મોક્ષ માર્ગાધિકારી;
ત્રિભુવન ઉપગારી, કેવળજ્ઞાન ધારી. ૧

ભવિજન નિત્ય સેવો, દેવ તે ભક્તિ ભાવે;
ઇહજ જીન ભજંતાં, સર્વ સંપત્તિ આવે. ૨
જીનવર પદ સેવા, સર્વ સંપત્તિ દાઇ; નિ-
શિદિન સુખદાઇ, કલ્પવલ્લી સહાઈ. ૩ નમિ
વિનમિ લહીજે, સર્વ વિદ્યા વડાઈ; ઋષભ
જિનહ શેવા, સાધતાં તેહ પાઇ. ૪

તું અકલંકી રૂપ સ્વરૂપી, પરમાનંદ પદ
તું દાઇ ॥ તુ શંકર બ્રહ્મા જગદિશ્વર, વિ-
તરાગ તું નિરમાઇ ॥ ૧ ॥ અનોપમ રૂપ
દેખી તુજ રીઝે, સુર નર નારી કે વૃંદા ॥
નમો નિરંજન ફણીપતી સેવિત, પાસ ગો-
ડીચા સુર કંદા ॥ ૨ ॥ કાને કુંડલ શિર
છત્ર બિરાજે, ચક્ષુ ટિકા નિરધારી ॥ અષ્ટ
બિજોરૂં હાથ સોહે, તુમ પદ વંદે સહુ ન-
રનારી ॥ ૩ ॥ અગ્નિ કાષ્ટસેં સર્પ નિકા-
લ્યા, મંત્ર સુનાયા બહુ ભારી ॥ પૂરવ
જનમકા વૈર ખોલાવ્યા, જળ બરસાયા
શિરધારી ॥ ૪ ॥ જળ આવી પ્રભુ નાકે

અહીઆં, આસન કંપ્યા નીરધારી ॥ નાગ નાગણી છત્ર ધરે છે, પૂરવ જનમકા ઉપકારી ॥ ૫ ॥ રૂપવિજય કહે સુણ મેરી લાવણી એસી શોભા બહુ સારી ॥ માતા પિતા બંધવ સહુ સાથે સંજમ લીધા નિરધારી ॥ ૬ ॥

જળ પૂજા.

સુગંધએ જળ વાસીને, જે પૂજે જિન રાય; તસ ત્રિભુવન જશ વિસ્તરે, દુર્ગંધતા દૂર જાય. મલિન વસ્તુ ઉજવળ કરે, એહ સ્વભાવ જળમાંચ; જળશું જિનવર પૂજતાં, કર્મ કલંક મિટ જાય. તિર્થોદક કુંભે કરી, રત્ન પ્રમુખ શ્રીકાર; અડ સહસ અડ જાતિના, અથવા કળશા ચાર. આઠ જાતિ કળશે કરી, ન્હવરાવે જિનરાય; તસ્સ ત્રિભુવન જશ વિસ્તરે, સુરપતી સેવે પાય. જ્ઞાન કળશ ભરી આતમા, સમતા રસ

ભરપૂર; શ્રી જિનને ન્હુરાવતાં, કર્મ થાય ચકચૂર.

ચંદન પૂજા.

કેસર ચંદન દ્રવ્યથી, ભાવથકી બહુ માન; જિનવર અંગે ચરચતાં, પ્રગટે આતમ જ્ઞાન. કેશર ચંદન ઘસી કરી, ભરી કચોળાં સાર; જિનવર અંગે ચરચતાં, પાપ કરો પરહિાર. બાવના ચંદન અતિ ભલું, કસ્તુરી બરાસ; ઇણ વિધ જિનવર સેવતાં, પામે લીલ વિલાસ. કનક કચોલ ભરી કરી, સેવે જિનપતિ પાય; દુઃખ દોહગ દૂરે ટળે, મનવાંછિત સુખ થાય. તમે વસ્તુ શીતળ કરે, ચંદન શીતળ આપ; ચંદનસે જિન પૂજતાં, મટે મોહ સંતાપ. પુજાને પ્રણામ હો, કરો ચંદનકી રીત; શીતળ ને સુગંધતા, જેણુ ભાજે ભવભીત.

નવ અંગ પુજાના દુહા.

જળ ભરી સંપૂટ પત્રમાં, જુગલીક નર પૂજંત; રિખવ ચરણ અંગુઠડે, દાયક ભવજળ અંત. ૧ જાનુબળે કાઉસ્સગ્ગ રહ્યા, વિચર્યા દેશ વિદેસ; ખડાં ખડાં કેવળ લહ્યું, પૂજો જાનું નરેસ. ૨ લોકાંતિક વચને કરી, વરસ્યા વરશીદાન; કરકાંડે પ્રભુ પૂજતાં, પૂજો ભવી બહુ માન. ૩ માન ગયો દોય હંસથી, દેખી વીર્ય અનંત; ભુજાબળે ભવજળ તર્યા, પૂજો ખંધ મહંત. ૪ સિદ્ધસિલા ગુણ ઉજળી, લોકંતે ભગવંત, વશીયા તેણે કારણ ભવિ, શિર શિખા પૂજંત. ૫ તિર્થંકરપદ પુન્યથી, ત્રિભુવન જન સેવંત; ત્રિભુવન તિલક સમા પ્રભુ, ભાળ તિલક જયવંત. ૬ સોળ પહોર પ્રભુ દેશના, કંઠે વિવર વરતુલ; મધુરધ્વની સુરનર સુણે, તાણે ગળે તિલક અમુલ. ૭ હૃદય કમળ

ઉપસમ બળે, બાળ્યા રાગને રોષ; હિમ દહે વનખંડને, હ્રદય તીલક સંતોષ. ૮ રત્ન ત્રઈ ગુણ ઉજળી, સકલ સુગુણ વીશરામ; નાભિ કમળની પૂજના, કરતાં અવિચળ ધામ. ૯ ઉપદેશક નવ તત્વના, તિણે નવ અંગ જિણંદ; પૂજો બહુ વિધ રાગશું, કહે શુભવીર મુણિંદ. ૧૦

ધુપ પુજા.

પાવક ગ્રહે સુગંધકું, ધુપ કહાવત સોય; ઉખેવત ધુપ જિણંદકું, કર્મ દહનસબ હોય. ધુપ ઉખેવત જેહ મન, પ્રભુ આગળ બહુ માન; દુર્ગંધતા દૂરે ટળે, પામે અમર વિમાન. હુતાસનસે કાષ્ટ જયું, તેમ ધ્યાનાનળ કર્મ; તેણે મિસે ધુપ પુજા કરે, જેમ પામે શિવશર્મ.

પુષ્પ પુજા.

પ્રણીઆને સદ્‌ગતી હોવે, પુજાએ કેમ નવિ હુ ય; સુમનશ ભાવે દુર્ગંધતા, પુજા પંચા-

શકુ જોય. શત પત્રી વર મોગરો, ચંપક જાઈ ગુલાબ; કેતકી ડમરો બોલસીરી, પુજો ભરીને છાબ.

ચૈત્યવંદન કરવાની વિધિ.

(પ્રથમ) ઇચ્છામિ ખમાસમણો, વંદિઉ જાવણિજ્જાએ; નિસિહિઆએ, મથ્થએણ વંદામિ. ૧ (પછી)

ઇચ્છાકારેણ સંદિસહ ભગવાન્ ચૈત્યવંદન કરૂં.

(એમ કહી ચૈત્યવંદન કરવું.) (પછી)

જંકિંચિ નામતિથ્થં, સગ્ગે પાયાલિ માણુસેલોએ; જાઇ જિણબિંબાઇ, તાઇં સવાઇં વંદામિ ૧

અથ નમુથ્થુણં.

નમુથ્થુણં અરિહંતાણં ભગવંતાણં આઇગરાણં તિથ્થયરાણં સયંસંબુદ્ધાણં, પુરિસુત્તમાણં પુરિસસીહાણં, પુરિસવરપુંડ-

રિઆણં, પુરિસવરગંધહત્થીણં, લોગુત્ત-માણં, લોગનાહાણં, લોગહિઆણં, લોગ-પઈવાણં, લોગપજ્જોઅગરાણં, અભયદ-યાણં, ચક્ખુદયાણં, મગ્ગદયાણં, સરણ દયાણં, બોહિદયાણં, ધમ્મદયાણં, ધમ્મ-દેસિયાણં, ધમ્મનાયગાણં, ધમ્મસારહીણં, ધમ્મવરચાઉરંત, ચક્કવટ્ટીણં, અપ્પડિહય-વરનાણં, દંસણધરાણ, વિઅટ્ટછઉમાણં, જિણાણં, જાવયાણં, તિન્નાણં તારયાણં, બુદ્ધાણં બોહીયાણં, મુત્તાણં મોઅગાણં, સવ્વન્નુણં સવ્વદરિસિણં, સિવ મયલ મ-રૂઅ મણંત, મક્ખય, મવ્વાબાહ મપુણ-રાવિત્તિ સિદ્ધિ ગઈ, નામ ધેયં ઠાણં સંપ-ત્તાણં નમોજિણાણં જિયભયાણં જેઅઅઈ આસિદ્ધા જેઅભવિસ્સંતિણા ગએ કાલે, સંપઈઅવટ્ટમાણા, સવ્વેતિવિહેણવંદામિ.

જાવંતિ ચેઈઆઓ.

જાવંતિ ચેઈઆએ ઉઢ્ઢે અહેઅ તિ-

રિઅ લોએઅ સવ્વાઇં તાઇવંદે ઇહસંતો તત્થસંતાઈ. ૧ (પછી ખમાસમણ દેઇ.)

જાવંત કેવિસાહુ ભરહેરવય મહાવિદે. હેઅ સવ્વેસિં તેસિં પણઓ તિવિહેણ તિ દંડ વિરયાણં. ૨

નમોઽર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વ સાધુભ્યઃ

(એટલું કહ્યા પછી સ્તવન કહેવું. પછી હાથ જોડીને.)

જયવીઅરાય.

જયવીઅરાય જગગુરૂ, હોઉ મમં તુહ પભાવઓ. ભયવં ભવ નિંવ્વેઓ, મગ્ગાણુ-સારિઆ ઈટ્ઠ ફલ સિદ્ધિ, લોગવિરૂદ્ધચ્ચાઓ ગુરૂજણપુઆ પરત્થકરણં ચ સુહગુરૂ જોગો તવ્વયણ શેવણા આભવમખંડા, વારિજઇજઇ વિનઆણબંધણં વીઅરાય તુહસમએ તહવિ મમ હુજજ શેવા ભવે-

ભવે તુમ્હ ચલણાણં દુખ્ખખ્ખઓ કમ્મખ્ખઓ સમાહિ મરણં ચ બોહિલાભોઅ સંપજ્જઉ મહ એઅં તુહ નાહ પણામ કરણેણં સર્વ મંગલ માંગલ્યં, સર્વ કલ્યાણ કારણં, પ્રધાનં સર્વ ધર્મોણાં, જૈનં જયતિ સાસનં. (પછી ઉભા થઇને.)

અરિહંત ચેઇઆણં.

અરિહંત ચેઇઆણં કરેમિકાઉસ્સગ્ગં વંદણવત્તિઆએ પુઅણવત્તિઆએ સક્કારવત્તિઆએ સમ્માણવત્તિઆએ બોહિલાભવત્તિઆએ નિરૂવસગ્ગવત્તિઆએ સદ્ધાએ મેહાએ ધીઇએ ધારણાએ અણુપેહાએ વઢ્ઢમાણીએ ઠામિ કાઉસ્સગ્ગં.

અન્નથ્થ ઉસસીએણં.

અન્નથ્થ ઉસસિએણં નીસસિએણં ખાસિએણં છીએણં જંભાઇએણં ઉડ્ડુએણં વાયનિસગ્ગેણં ભમલિએ, પિત્તમુચ્છાએ,

સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલ સંચાલેહિં, સુહુમેહિં દિહિસંચાલેહિં એવમાઈઅેહિં આગારેહિં અભગ્ગો અવિરાહિઓ હુજ્જમે કાઉસ્સગ્ગો, જાવ અરિહંતાણં, ભગવંતાણં, નમુક્કારેણં નપારેમિ તાવકાયં, ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં વોસિરામિ.

(પછી એક નવકારનો કાઉસ્સગ્ગ પાળીને થોય કહેવી.)

(પછી ખમાસમણ દેવું.)

ચૈત્યવંદન કરવાની વિધિ સમાપ્ત.

ચૈત્યવંદનો.

સકળકુશળ વલ્લી પુષ્કરાવર્ત મેઘા, દુરિત તિમિર ભાનું કલ્પવૃક્ષોપમાનુ; ભવજલ નિધિપોત, સર્વ સંપત્તિ હેતુ; સંભવતુ સતવંત: શ્રેયસે શાંતિનાથ, શ્રેયસે પાર્શ્વનાથ.

જય જય શ્રી જીનરાજ આજ, મળીયો મુજ સ્વામી; અવિનાશી અવિકાર સાર, જગ અંતરજામી. રૂપારૂપી ધર્મ દેવ, આતમ આરામી; ચિદાનંદ ચેતન વિભુ, શિવ લીલા પામી. સિદ્ધ બુદ્ધ તુજ વંદતાં, સકલ સિદ્ધ વરબુદ્ધ; રમો પ્રભુ ધ્યાને કરી, પ્રગટે આતમ શુદ્ધ. કાળ બહુ થાવર ગ્રહ્યા, ભમીયો ભવમાંહી; વિગળેંદ્રી એળે ગયો, થીરતા નહીં કાંઇ. ફરી પંચેંદ્રી દેહમાં, વળી કરમે હું આવ્યો; કરી કુકર્મ નરકે ગયો, દરશન નવિ પાયો. એમ અનંતા કાળ કરી, પામ્યો નર અવતાર; હવે ભવતારણ તું મળ્યો, ભવજળ પાર ઉતાર.

સિદ્ધાચળનાં ચૈત્યવંદનો.

વિમળ કેવળજ્ઞાન કમળા, કલીત ત્રિભુવન હિતકરં; સુરરાજ સંસ્તુત ચરણ પંકજ,

નમો આદિ જીનેશ્વરં. ૧ વિમળ ગિરિવર શ્રૃંગ મંડણ, પ્રવર ગુણ ગણ ભુધરં; સુર અસુર કિન્નર કોડિ સેવીત, નમો આદિ જીનેશ્વરં. ૨ કરતી નાટક કીન્નરી ગણ, ગાય જીન ગુણ મનહરં; નિર્જરાવળી નમે અહોનિશ, નમો આદિ જીનેશ્વરં. ૩ પુંડરિક ગણપતિ સિદ્ધિ સાધી, કોડિ પણ મુનિ મનહરં; શ્રી વિમળ ગિરિવર શ્રૃંગ સિદ્ધા, નમો આદિ જીનેશ્વરં. ૪ નિજ સાધ્ય સાધન સુર મુનિવર, કોડિ અનંત એ ગિરિવરં; મુગતિરમણી વર્યા રંગે, નમો આદિ જીનેશ્વરં. ૫ પાતાલ નર સુરલોક માંહી, વિમળ ગિરિવર તો પરં; નહીં અધિક તિરથ તિરથપતિ કહે, નમો આદિજીનેશ્વરં. ૬ એમ વિમળ ગિરિવર શિખર મંડણ, દુઃખ વિહંડણ ધ્યાઇએ; નિજ શુદ્ધ સત્તા સાધનાર્થે, પરમ જ્યોતિને પાઇએ. ૭ જીત મોહ કોહ વિછોહ નિદ્રા, પરમપદસ્થિત

જયકરં; ગિરિરાજ સેવા કરણ તત્પર, પદ્મવિજય સુહિતકરં. ૮

શ્રી શેત્રુંજય સિદ્ધ ખેત્ર, દીઠે દુરગતિ વારે; ભાવ ધરીને જે ચઢે, તેને ભવપાર ઉતારે. ૧ અનત સિદ્ધનો એ ઠામ, સકળ તિરથનો રાય; પૂરવ નવાણું રિખવદેવ, જ્યાં ઠવીયા પ્રભુ પાય. ૨ સૂરજકુંડ સોહામણો, કવીડ જક્ષ ભિરામ; નાભિરાયા કુલ મંડણો, જિનવર કરૂં પ્રણામ. ૩

આજ દેવ અરિહંત નમું, સમરૂં તારૂં નામ; જ્યાં જ્યાં પ્રતિમા જીનતણી, ત્યાં ત્યાં કરૂં પ્રણામ. ૧ શેત્રુંજે શ્રી આદિદેવ, નેમ નમું ગિરનાર; તારંગે શ્રી અજીતનાથ, આબુ રિખવ જુહાર. ૨ અષ્ટાપદ ગિરિ ઉપરે, જિન ચોવીશી જોડ; મણિમય મુંરત માનશું, ભરતે ભરાવી સોય. ૩ સમેતશિ

ખર તિરથ વડો, જ્યાં વિશે જિન પાય; વેભાર ગિરિવર ઉપરે, વીર જિનેશ્વર રાય. ૪ માંડવગઢનો રાજીયો, નામે દેવ સુપાસ; રિખવ કહે જિન સમરતાં, પહોચે મનની આશા. ૫

શ્રી સીમંદિરસ્વામીનાં ચૈત્યવંદનો.

શ્રી સીમંધીર વિતરાગ, ત્રીભુવન તુમે ઉપગારી; શ્રી શ્રેયાંસ પિતા કુળે, બહુ શોભા તુમારી. ૧ ધન્ય ધન્ય માતા સતકી જેણુ જાયો જયકારી; વૃષભ લંછને બિરાજમાન, વંદે નર નારી. ૨ ધનુષ પાંચશેં દેહડી એ, સોહીએ સોવનવાન; કિરતીવિજય ઉવઝાયનો, વિનય ધરે તુમ ધ્યાન. ૩

શ્રી શ્રી મંદીર જગધણી, આ ભરતે આવો; કરૂણાવંત કરૂણા કરી, અમને વંદાવો. ૧ સકળ ભક્ત તુમે ધણીએ, જો હોવે

અમ નાથ; ભવોભવ હું છું તાહરો, નહીં મેલું હવે સાથ. ૨ સયલ સંગ છંડી કરી- એ, ચારિત્ર લેઈશું; પાય તુમારા સેવીને, શિવ રમણી વરશું. ૩ એ અળગો મુંજને ઘણાએ, પુરો શ્રી મંદીર દેવ; ઇહાં થકી હું વિનવું, અવધારો ગુણ ગેહ. ૪

શ્રી આદિનાથજિન ચૈત્યવંદન.

આદિદેવ અલવેસરૂ, વિનીતાનો રાય; નાભિરાયા કુલ મંડણો, મરૂદેવા માય. ૧ પાંચશેં ધનુષની દેહડી, પ્રભુજી પરમ દ- યાલ; ચોરાશી લખ્ખ પૂર્વનું, જસ આ- યુ વિશાલ. ૨ વૃષભ લંછન જિન વૃષધરૂ- એ, ઉત્તમ ગુણ મણિ ખાણ; તસ પદ પદ્મ સેવનથકી, લહિએ અવિચળ ઠાણ. ૩

શ્રી શાંતિનાથજિન ચૈત્યવંદન.

શાન્તિ જિનેશ્વર સોલમા, અચિરા સુત વંદો; વિશ્વસેન કુળ નભમણિ, ભવિજન

સુખ કંદો. ૧ મૃગલંછન જિન આઉખું, લાખ વરસ પ્રમાણ; હથિણાઉર નયરી ધણી, પ્રભુજી ગુણમણિ ખાણ. ૨ ચાલીસ ધનુષની દેહડીએ, સમચઉરસ સંઠાણ; વદન પદ્મ જ્યું ચંદલો, દીઠે પરમ કલ્યાણ. ૩

શ્રી પાર્શ્વનાથજિન ચૈત્યવંદન.

આશા પૂરે પ્રભુ પાર્શ્વજી, ત્રોડે ભવ પાસ; વામા માતા જનમીયો. અહી લંછન જાસ. ૧ અશ્વસેન સુત સુખકરૂ, નવ હાથની કાયા; કાશી દેશ વણારસી, પુણ્યે પ્રભુ આયા. ૨ એકસો વરસનું આઉખું એ, પાળી પાર્શ્વકુમાર; પદ્મ કહે મુકતે ગયા, નમતાં સુખ નિરધાર. ૩

શ્રી મહાવીરજિન ચૈત્યવંદન.

સિદ્ધારથ સુત વંદિએ, ત્રિસલાનો જાયો ક્ષત્રિકુંડમાં અવતર્યો, સુર નરપતિ ગાયો. ૧ મૃગપતિ લંછન પાઉલે, સાત હાથની

કાયા; બહોત્તેર વરસનું આઉખું, વીર જિનેશ્વર રાયા. ૨ ખિમાવિજય જિનરાય-નો એ, ઉત્તમ ગુણ અવદાત; સાત બોલ-થી વર્ણવ્યો, પદ્મવિજય વિખ્યાત. ૩

પદ્મ પ્રભુને વાસુપૂજ્ય, દોય રાતા કુ-હીએ; ચંદ્રપ્રભુને સુવિધિનાથ, દો ઉજવળ લહીએ. ૧ મલ્લીનાથને પાર્શ્વનાથ, દો નિલા નિરખા; મુનિસુવ્રતને નેમનાથ, દો અંજન સરિખા ૨ સોળે જિન કંચન સ-માએ, એહવા જિન ચોવીસ; ધિરવિમળ પંડિતતણો, જ્ઞાનવિમળ કહે શિશ. ૩

શ્રી સિદ્ધાચળનાં સ્તવનો.

દોહરા.

એકેકું ડગલું ભરે, શેત્રુંજા સામો જેહ;
રિખવ કહે ભવ કોડનાં, કર્મ ખપાવે તેહ.

૧ શેત્રુંજા સમો તિરથ નહીં, રિખવ સમો નહીં દેવ; ગોતમ સરખા ગુરૂ નહીં, વળી વળી વંદુ તેહ. ૨ સિદ્ધાચળ સમરૂ સદા, સોરઠ દેશ મોજાર; મનુષ્ય જનમ પામી ફરી, વંદુ વાર હજાર. ૩ સોરઠ દેશમાં સંચર્યો, ન ચઢયો ગઢ ગિરનાર; શેત્રુંજી નદી નાહ્યો નહીં, તેનો એળે ગયો અવતાર. ૪ શેત્રુંજી નદીમાં નાહને, મુખ બાંધી મુખ કોશ; દેવ જુગાધીશ પૂજીએ, આણી મન સંતોષ. ૫ જગમાં તિરથ દો વડા, શેત્રુંજો ગઢ ગિરનાર; એક ગઢ રિખવ સમોસર્યો, એક ગઢ નેમકુમાર. ૬ સિદ્ધાચળ સિદ્ધિ વર્યા, મુનિવર અનંતિ કોડ; જ્યાં મુનિવર મુગતે ગયા, વંદું બે કર જોડ. ૭ શેત્રુંજય ગિરિ મંડણો, મારૂદેવીનો નંદ; જુગલાધર્મ નિવારકો, નમો જુગાદિ જીણંદ. ૮

સ્તવન ૨ જું.

આંખડીએ રે મેં આજ શેત્રુંજો દીઠો રે, સવાલાખ ટકાનો દહાડો રે; લાગે મને મીઠો રે. સફળ થયો રે મારા મનનો ઉમાહ્યો, વાલા મારા ભવનો સંશય ભાગ્યો રે, નરક ત્રિજંચ ગતિ દૂર નિવારી, ચરણે પ્રભુજીને લાગ્યો રે. શેત્રુંજો દીઠો રે. એ આંકણી. માનવ ભવનો લાહો લીજે, વાલા મારા દેહડી પાવન કીજે રે; સોના રૂપાને ફુલડે વધાવી, પ્રેમે પ્રદક્ષિણા દિજેરે. શેત્રુંજો૦ ૨ દુધડે પખાળી ને કેસર ઘોળી, વાલા મારા શ્રી આદેશ્વર પૂજ્યા રે; શ્રી સિદ્ધાચળ નયણે જોતાં, પાપ મેવાશી ધ્રૂજ્યા રે. શેત્રુંજો૦ ૩ શ્રીમુખ સુધર્મા સુરપતિ આગે, વાલા મારા વીરજિણંદ એમ બોલે રે; ત્રણ ભુવનમાં તિરથ મોટું, નહીં કોઈ શેત્રુંજા તોલે રે. શેત્રુંજો૦ ૪ ઇંદ્ર સ-

રિખા એ તિરથની, વાલા મારા ચાકરી ચિત્તમાં ચાહે રે; કાયાની તોકાસર કાઢી, સૂરજકુંડમાં નાહ્યા રે. શેત્રુંજો૦ ૫ કાંકરે કાંકરે શ્રી સિદ્ધખેત્રે, વાલા મારા સાધુ અનંતા સિધ્ધ્યા રે; તે માટે એ તિરથ મેહોટું, ઉદ્ધાર અનંતા કીધા રે. શેત્રુંજો૦ ૬ નાભિરાયા સુત નજરે જોતાં, વાલા મારા મેહ અમીરસ વુઠયા રે; ઉદયરતન કહે આજ મારે પોતે, શ્રી આદેસર તુઠયા રે. શે૦ ૭

સ્તવન ૩ જું.

મારૂં મન મોહ્યુ રે શ્રી સિદ્ધાચળે રે, મારૂં મન મોહ્યું રે શ્રી વિમલાચળે રે. દેખીને હરખિત હોય, વિધિસ્યું કીજે રે જાત્રા એહની રે, ભવ ભવનાં દુઃખ જાય. મારૂં૦ ૧ પંચમે આરે રે પાવન કારણે રે, એ સમો તિરથ ન કોય; મોટા મહીમા રે જગમાં એહનો રે, આ ભરતે અહીંયાં

જોય. મારૂં૦ ૨ એ ગિરિ આવ્યા રે જિનવર ગણધરા રે, સિધ્યા સાધુ અનંત; કઠણ કરમ પણ એ ગિરિ ફરસતાં રે, હોવે કરમની શાંત. મારૂં૦ ૩ જૈનધર્મ તે સાચો જાણીને રે, માનવ તિરથ એ સ્તંભ; સુરીનર કીન્નર નૃપ વિદ્યાધરા રે, કરતા નાટા હો રંગ. મારૂં૦ ૪ ધન ધન દહાડો રે, ધન વેળા ઘડી રે, ધરીએ હ્રદય મોઝાર; જ્ઞાનવિમળસુરિ ગુણ એહના ઘણા રે, કહેતાં ન આવેરે પાર. મારૂં૦ ૫

સ્તવન ૪ થું.

શેત્રુગર તું શીદને આવ્યો.—એ દેશી.

આવો ગિરિ સિદ્ધાચળ જઇએ, પાપ હરી નિરમળ થઇએ; કુમતિ કદાગર તજીએ, આવો ગિરિ સિદ્ધાચળ જઈએ. ૧ તારણ તિરથ દો કહીએ, થાવર જંગમને લહીએ; લોકોતરને નિત ભજીએ. આવે ૨

૨ પરમપદ અલવાણુ પચ ચરીએ, પુન્ય ઘણું લાભે ભરીએ; સિદ્ધ અનંતા કાંકરી-એ. આવો૦ ૩ સોના રૂપાને ફુલે, મુગતા-ફળ અમુલખ મૂલે; પૂજીને નામ નહી ભૂ-લે. આવો૦ ૪ ચડીએ ગિરિવર અનુક્રમે, અંતર ધ્યાન રશે રમીએ; મારૂદેવા નંદને નમીએ. આવો૦ ૫ રાયણ હેઠળ જિનરાયા, પૂરવ નવાણું ઈહાં આયા; લળી લળી તસ પ્રણમું પાયા. આવો૦ ૬ સૂરજકુંડમાં જળે નાહાસ્યું, પેરણ ખીરોદક આણું; આગી રચી જિન ગુણ ગાસ્યું. આવો૦ ૭ તિરથ દરશને ફરીએ, જોગ ઉપાધી દૂરે કરીએ; લાભ અનંતો એણુ ગરિએ. આ૦ ૮ ગામ બગોદરેથી આવે, સંઘવી સંઘ-વણ મન ભાવે; જિનગુણ માળા કંઠે ઠાવે. આવો૦ ૯ ઓગણાસં બીલોતેર વરસ, ઉજવલ પોષની છઠ દીવસે; જિનવર ભેટી મન ઉલસે. આવો૦ ૧૦ દેવકી નંદન અ-

જુસરીએ, ઉલખાઝાળે જળ ભરીએ; સિદ્ધ શિલ્લા કાઉસ્સગ્ગ ધરીએ. આવો૦ ૧૧ ભાવે ડુંગર ચિત્ત લાયા, શીદ્ધવડની શિતળ છાયા; જાણું માવડલી માયા. આ૦ ૧૨ વિમળાચળ ફરશે પ્રાણી, જીવ ભવિક હોવે નાણી; રિખવ કહે વરે શીવરાણી. આવો૦ ૧૩

સ્તવન ૫ મું.

વિમળાચળ વિમળા પ્રાણી, શિતળ તરૂ છાયા ઠરાણી; રસ વેધક કંચન ખાણી, કહે ઇંદ્ર સુણો ઇંદ્રાણી. સનેહી સંત એ ગિરિ સેવો, ચોદખેત્રમાં તિર્થ નહીં એવો૦ સ૦ ૧ ખત્રી પાળી ઉલસીએ, છઠ્ઠ અઠ્ઠમ કાયા કશીએ; મોહમલ્લના સામા ધશીએ, વિમળાચળ વેગે વશીએ. સ૦ સં૦ ૨ અન્ય થાનક કર્મ જે કરીએ, તે હીમગિરિ હેઠા હરીએ; પાછળ પ્રદક્ષિણા ફરીએ, ભ

વજળથી હેલા [illegible]રીએ. સ૦ સં૦ ૩ શિવ મંદિર ચડવા કાજે, સો પાનની પાંતી બિરાજે; ચડતાં સમકીર્તિ છાજે, દુર ભવિ આં અભવ્યતે લાજે. સ૦ સં૦ ૪ પાંડવ પમુહા જોઇ કેઈ સંતા, આદિશ્વર ધ્યાન ધરંતા; પરમાતમ ભાવ ભજંતા, સિદ્ધાચળ સિદ્ધ અનંતા. સ૦ સં૦ ૫ ખટ માસી ધ્યાન ધરાવે, શુકરાજાનું રાજ તે પાવે; બહિરંતર શત્રુ હરાવે, શેત્રુંજો નામ ધરાવે. સ૦ સં૦ ૬ પ્રાણી ધ્યાને ભજો ગેરિ જાચો, તિર્થંકર નામ નહીં કાચો; મોહરાયને લાગે તમાચો, શુભવીર વિમળગિરિ સાચો. સનેહી સંત એ ગેરિ સેવો, ચોદખેત્રમાં તિરથ નહીં એવો. સ૦ ૭

સ્તવન ૬ હું.

આવો સખી સિદ્ધાચળ જઇયે, ગેરિવર ભેટી સુખ લહીએ; જો જિનઆણા શું

રહીએ, આવો સખી સિદ્ધાચળ જઇએ. ૧ સિદ્ધ અનંતાનો ઠામ, એહવી જિનવરની વાણ; જાણે આગમના જાણ. આવો સખી૦ ૨ એ ગેરિના ગુણ કહું કેતા, પાર ન પામે કેવળી લેતા; ક્રોડ પુરવ દેશના દેતા. આવો સખી૦ ૩ સંઘવી પ્રેમાશા આવે, ગજનગરનો સંઘ લાવે; જાત્રા નવાણું કરે ભાવે. આવો સખી૦ ૪ જાત્રા નવાણું કરો ભાવે, એહવો અવસર ફરી નાવે; આતમ શિવપુરમાં જાવે. આવો સખી૦ ૫ જાત્રાની હુંશે છે ભારિ, લાગી અનુભવની ટાળી; ગેરિવર દરિસન બલિહારી. આવો સખી૦ ૬ અઢારસે સત્યાશી વરસે, ગેરિ ગુણ ગાયા મન હરખે; મણિ ઉદ્યોત ગેરિ ગુણ ગણશે. આવો સખી૦ ૭

સ્તવન ૭ મુ.

સિદ્ધાચળગેરિ ભેટયા રે, ધન્ય ભાગ્ય

અમારાં. એ આંકણી. એ ગિરિવરનો મહિમા મોટો, કહેતાં ન આવે પાર; રાયણ રિખભ સમોસર્યા સ્વામી, પૂર્વ નવાણું વારા રે. ધ૦ ૧ મુળનાયક શ્રી આદિ જિનેશ્વર, ચા મુખ પ્રતિમા ચારા; અષ્ટ દ્રવ્યશું પૂજો ભાવે, સમકિત મૂલ આધારા રે. ધ૦ ૨ ભાવ ભગતિશું પ્રભુ ગુણ ગાતાં, અપના જનમ સુધારા; જાત્રા કરી ભવિજન શુભ ભાવે, નરગતિ દુર્ગતિ વારા રે. ધ૦ ૩ દૂર દેશાંતરથી હું આવ્યો, શ્રવણે સુણી ગુણ તોરા; પતીત ઉદ્ધારોને બિરૂદ તુમારો, એ તિરથ જગસારા રે. ધ૦ ૪ અઢારસેં ત્યાસી માસ અષાડો, વદ આઠમ ભોમવારા; પ્રભુકે ચર્ણ પસાયથી સંઘમાં, ખેમારતન પ્રભુ પ્યારારે. ધ૦ ૫

સ્તવન ૮ મું.

ડુંગર પ્યારો મે તો મોતીડે વધાવું રે

(૨) ડુંગર ફરસીત પાપ મીટત હે, ગી-રીવર નીરખત આનંદ થાઉં રે. ડુંગર૦ કાંકરે સિદ્ધા અનંતા, આદિનાથતણા ગુણ ગાઉં રે. ડુંગર૦ સૂરજકુંડમાં નાહિ નિર્મળ થઇએ રે; કરી પૂજાને આંગી રચાવુ રે. ડુંગર૦ હાથીની પોળમાં અરિહંતજી-ને દેહરે રે, ધરી નૈવેદને ભાવના ભાવુ રે. ડુંગર૦ નથુ કલ્યાણ કવી દીપનો શ્રાવક, કહે શ્રદ્ધાથી સમકીત પાઉ રે. ડુંગર૦

સ્તવન ૯ મું.

કુંઅર ગભારો નજરે દેખતાંજી.—એ દેશી.

સમકિત દ્વાર ગભારે પેસતાંજી, પાપ પડળ ગયાં દુર રે; મોહન મરૂદેવીનો લા-ડણોજી, દીઠા મીઠા આનંદ પૂર રે. સમ-કિત૦ આયુ વરજીત સાતે કરમનીજી, સા ગર કોડાકોડી હીણ રે; સ્થિતિ પઢમ કરણે કરીજી, વીર્ય અપૂરવ મોઘર લીધ રે.

સમકિત૦ મુંગળ ભાગી આઠ કષાયની-જી, મિથ્યાત મોહની સાંકળ સાથ રે; બાર ઉઘાડયાં સમ સંવેગનાંજી, અનુભવ ભવને બેઠા નાથ રે. સમકિત૦ તોરણ બાંધ્યું જી વહચાતણુંજી, સાથીઓ પૂર્યો સરધારૂપ રે; ધુપ ઘટી પ્રભુ ગુણ અનુમોદનાજી, ધીગુણ મંગળ આઠ અનૂપ રે. સમકિત૦ સંવર પાણી અંગ પખાલણેજી, કેસર ચંદન ઉત્તમ ધ્યાન રે; આતમગુણ રૂપી મૃગમદ મહમહેજી, પંચાચાર કુસુમ પ્રધાન રે. સમકિત૦ ભાવપૂજાએ પાવન આતમાજી; પૂજો પરમેશ્વર પુન્ય પવિત્ર રે; કારણજોગે કારજ નિપજેજી, ખીમાવિજય જિન આગમ રીત રે. સમકિત૦

સ્તવન ૧૦ મું.

શિરે સિદ્ધાચળ ભેટવા, મુજ મન અધિક ઉમાહ્યો; રિખવદેવ પૂજા કરી, લીજે

ભવતણો લાહો. શીરે૦ ૧ મણીમય મુરત શ્રી રિખભની, તે નિપાયે અભિરામ; ભુવન કરાવ્યાં કનકનાં, રાખ્યાં ભરતે નામ. શીરે૦ ૨ નેમ વિના ત્રેવીસ પ્રભુ, આવ્યા સિદ્ધખેત્ર જાણી; શેત્રુંજા સમો તિરથ નહીં, બોલ્યા સીમંદીર વાણી. શીરે૦ ૩ પૂરવ નવાણું સમોસર્યા, સ્વામી રિખભ જીણંદ; રામ પાંડવ મુગતે ગયા, પામ્યા પરમાનંદ. શીરે૦ ૪ પૂરવ પૂન્ય પસાયથી પુંડરિક ગિરિ પાયો; કાંતિવિજય હરખે કરી, શ્રીસિદ્ધાચળ ગાયો. શીરે૦ ૫

સ્તવન ૧૧ મું.

તુમે તો ભલે બિરાજોજી, શ્રી સિદ્ધાચળકે વાસી, સાહિબ ભલે બિરાજોજી. એ આંકણી. મારૂદેવીનો નંદન રૂડો, નાભીનરીંદ મલ્હાર; જુગલા ધર્મ નિવારણ આવ્યા, પૂર્વ નવાણું વાર. તુમે તો૦ ૧ મૂળ

દેવને સનમુખ રાજે, પુંડરિક ગણધાર; પંચ કોડસ્યું ચૈત્રીપુનમે, વરીઆ શિવવધુ સાર. તુમે તો૦ ૨ સહસકોટ દક્ષિણ બિરાજે, જિનવર સહુસ ચોવીસ; ચઉદસેં બાવન ગણધરનાં, પગલાં પૂજો જગીશ. તુમે તો૦ ૩ પ્રભુ પગલાં રાયણ હેઠે, પૂજી પરમાનંદ; અષ્ટાપદ ચઉવીસ જિનેશ્વર, સમેત વીસ જિણંદ. તુમે તો૦ ૪ મેરૂપર્વત ચૈત્ય ઘણેરા, ચઉમુખ બિંબ અનેક; બાવનજીનાલાના દેવળ નિરખી, હરખ લહુ અતિશેક. તુમે તો૦ ૫ સહેસફણા ને સામળા પાસજી, સમોવસરણ મંડાણ; છીપાવસીને ખડતરવસી કાંઈ, પ્રેમાવસી પરમાણ. તુમે તો૦ ૬ સંવત અઢાર ઓગણી પચાશે, ફાગણ અષ્ટમી દીન; ઉજળપક્ષે ઉજવળ હુઓ, ગિરિ ફરસ્યે મુજ મન તુમે તો૦ ૭ ઇત્યાદિક જિન બિંબ નિહાળી, સાંભળી સિદ્ધની શ્રેણ; ઉત્તમ ગિરિવર કેણીપેરે

વિસરે, પદ્મવિજય કહે જેણ. તુમે તો૦ ૮

સ્તવન ૧૨ મું.

વિમલાચળ વાસી મારા વ્હાલા, સેવકને વિસારો નહીં વિસારો નહીં, જળ વિણ મીન દુઃખ અતિ પામે, જીનંદ આપ જાણો સહી, જાણો સહી. એ ટેક. દુઃખ હરનારા ભવિજન પ્યારા, શરણે છું મહારાજ; ચાર ચોર મુજ કેડે પડીયા, પુન્ય રતનને કાજ, પ્રભુજી હો પુન્ય રત્નને કાજ. સેવક૦ પાપી ચડાળો પકડી તુજ, માલ હરી લેનાર, પ્રભુજી જો મુજ વ્હારે આવો, તો છું ઉગરનાર; સ્વામીજી તો છું ઉગરનાર. સેવક૦ જનમ મરણનાં દુઃખ બહુ વેઠયાં, તોએ ન આવ્યો પાર; તે દુઃખને દૂર કરવા કારણ; આવ્યો તુજ દરબાર, દાદાજી આવ્યો તુજ દરબાર. સેવક૦ અરજી ઉર ધરી નેહ નજર કરી, સેવકની કરો

સાર; કૃપાતણા એ સીંધુ તમ વિણુ, કોણુ ઉતારે પાર; પ્રભુજી કોણુ ઉતારે પાર. સેવક૦ ભવ ભય ભંજન નાથ નિરંજન, કરો કઠણ કરમનો નાશ, પદ પંકજ આઉ પ્રાણ મધુકર, પૂરો મનની આશ; પ્રભુજી પૂરો મનની આશ. સેવકને૦

સ્તવન ૧૩ મું.

માતા મરૂદેવાના નંદ, દેખી તાહરી મુરતી મારૂં મન લોભાણુંજી; મારૂં દીલ લોભાણુંજી, દેખી૦ એ ટેક. કરૂણા નાગર કરૂણા સાગર, કાયા કંચનવાન; ધોરી લંછન પાઉલે કાંઇ, ધનુષ પાંચસે માન. માતા૦ ૧ ત્રિગડે બેસી ધર્મ કહંતા, સુણે પર્ષદા બાર; યોજન ગામિની વાણી મીઠી, વરસંતી જળધાર. માતા૦ ૨ ઉર્વશી રૂડી અપછરાને, રામા છે મન રંગ; પાયે નેપુર રણઝણે, કાંઇ કરતી નાટારંભ. માતા૦ ૩

તુંહી બ્રહ્મા તુંહી વિધાતા, તું જગ તારણહાર; તુજ સરિખો નહીં દેવ જગતમાં, અરવડીઆ આધાર. માતા૦ ૪ તુંહી ભ્રાતા તુંહી ત્રાતા, તુંહી જગતનો દેવ; સુરનર કિન્નર વાસુદેવા, કરતા તુજ પદ સેવ. માતા૦ ૫ શ્રી સિદ્ધાચળ તિરથ કેરો, રાજા રિષભ જિણંદ; કીર્તિ કરે માણેકમુનિ તાહરી, ટાળો ભવભય ફંદ. માતા૦ ૬

સ્તવન ૧૪ મું.

પ્રથમ જીનેશ્વર પ્રણમીએ, જાસ સુગંધી કાય; કલ્પ વૃક્ષપરે તાસ ઇંદ્રાણી નયન જે, ભૃંગપેરે લપટાય ૧ રોગ ઉરોગ તુજ નવિ નડે, અમૃત જે આસ્વાદ; તેહથી પ્રતિહત તેહમાંનું કોઇ નવિ કરે, જગમાં તુમશું વાદ. ૨ ધોઇ તુજ નિરમળી, કાયા કંચનવાન; નહિં પરસ્વેદ લગાર તારે તું તેહને, જે ધરે તાહરૂં ધ્યાન. ૩ રાગ ગયો

તુજ મનથકી, તેહમાં ચિત્ત ન કોય; રૂધિર અમિષથી રોગ ગયો તુજ જન્મથી, દૂધ સહોદર હોય. ૪ શ્વાસોશ્વાસ કમળ સમો, તુંજ લોકોતર વાદ; દેખે ન આહાર નિહાર ચર્મચક્ષુ ધણી, એવા તુજ અવદાત. ૫ ચાર અતિશય મૂળથી, ઓગણીશ દેવનાં કીધ; કર્મ ખપ્યાથી અગ્યાર ચોત્રીસ ઇમ અતિશયા, સમવાયંગે પ્રસિદ્ધ. ૬ જીન ઉત્તમ ગુણ ગાવતાં ગુણ આવે નિજ અંગ; પદ્મવિજય કહે એમ સમય પ્રભુ પાળજો, જેમ થાઉં અક્ષય અભંગ. પ્રથમ જીનેશ્વર૦ ૭

તિર્થમાળાનું સ્તવન.

શેત્રુંજે રિખભ સમોસર્યા, ભલા ગુણ ભર્યા રે; સિધ્યા સાધુ અનંત, તિરથ તે નમું રે. ત્રણ કલ્યાણક તિહાં થયાં, મુગતે ગયા રે; નેમીશ્વર ગિરનાર. તિરથ૦ ૧

અષ્ટાપદ એક દહેરો, ગિરિ શેહરો રે; ભ-
રતે ભરાવ્યા બિંબ. તિરથ૦ ૨ આબુ ચૌ-
મુખ અતિ ભલો, ત્રિભુવન તીલો રે; વિ-
મલ વસે વસ્તુપાળ. તિરથ૦ ૩ સમેતશિ-
ખર સોહામણો, રળિયામણો રે; સિધ્ધા
તિર્થંકર વીસ. તિરથ૦ ૪ નયરી ચંપા
નિરખીએ, હઇડે હરખીએ રે; સિધ્ધા શ્રી
વાસુપૂજ્ય. તિરથ૦ ૫ પૂરવ દિસે પાવા-
પુરી, રિદ્ધે ભરી રે; મુગતિ ગયા મહા-
વીર. તિરથ૦ ૬ જેસલમેર જુહારીએ, દુ:ખ
વારીએ રે; અરિહંત બિંબ અનેક. તિરથ
૭ વાંકાનેરજ વંદીએ, ચીર નંદીએ રે;
અરિહંત દેરાં આઠ. તિરથ૦ ૮ સોરીસરો
સંખેશ્વરો, પંચાસરો રે; ફલોધી થંભણ
પાસ. તિરથ૦ ૯ અંતરિક અજાવરો, અ-
મીઝરો રે. જીરાવલો જગનાથ.
તિરથ૦ ૧૦ ત્રિલોકય દિપક દેહરો, જાત્રા
કરો રે; રાણકપુરે રે સહેસ. તિરથ૦ ૧૧

નાડુલાઈ જાદવો, ગોડી સ્તવો રે; શ્રી વર-
કાણા પાસ. તિરથ૦ ૧૨ નંદિશ્વરનાં દેહરાં,
બાવન ભલાં રે; રૂચક કુંડલે ચ્યાર ચ્યાર.
તિરથ૦ ૧૩ સાસ્વતિ અસાસ્વતિ, પ્રતિમા
છતી રે; સ્વર્ગ મૃત્યુ પાતાળ. તિરથ૦ ૧૪
તિરથ જાત્રા ફળ તિહાં, હોજ્યો મુજ ઇહાં
રે; સમયસુંદર કહે એમ. તિરથ૦ ૧૫

શ્રી પંચતિર્થનું સ્તવન.

(ચોવીશચોકની દેશી.)

હે સાહેબજી, નેક નજર કરી નાથ સે-
વકને તારો. હે સાહેબજી, મહેર કરી પૂ-
જાનું ફળ મુજ આલો. પ્રભુ તુજ મુરતિ
મોહનવેલી, પૂજે સૂર અપછરા અલબેલી;
વર ઘનસાર કેસરશું ભેળી. હે સાહેબજી૦
૧ સિદ્ધાચળતિર્થ ભવિ સેવો, ચોદક્ષેત્રે તિ-
રથ નહીં એવો; એમ બોલે દેવાધિ દેવો.
હે સાહેબજી૦ ૨ ગિરનારે જઇએ નેમ પા

સે, ઈહાં ભવિજન સિદ્ધિ જાશે; જસ ધ્યા ને પાતિકડાં નાસે. હે સાહેબજી૦ ૩ આ- બુગઢે આદિજિનરાયા, નેમનાથ શિવાદેવી જાયા; જસ ચોસઠ ઇંદ્રે ગુણ ગાયા. હે સાહેબજી૦ ૪ વળી સમેતશિખરે જગના ઇશ, ગયા મોક્ષે જિનરાજ વીશ; ધ્યેય ધ્યાવો ભવિજન નિશ દીશ. હે સાહેબ- જી૦ ૫ અષ્ટાપદે સકલ કર્મ ટાળી, પ્રભુ વરીયા શિવવધુ લટકાળી; આદિશ્વર પૂ- જતાં દીવાળી. હે સાહેબજી૦ ૬ એ આદે તિર્થ પ્રણમો મનરંગે, વળી પૂજો પ્રભુને નવ અંગે; કહે ધર્મચંદ્ર અતિ ઉમંગે. હે સાહેબજી૦ ૭

ગિરનારજીનું સ્તવન.

તોરણથી રથ ફેરી ચાલ્યા કંથ રે, પ્રી- તમજી૦ આઠ ભવની પ્રીતડી તોડી તંત. મારા પ્રીતમજી૦ નવમે ભવ પણ નેહ ન

આણ્યો મુજ રે, પ્રીતમજી૦ તો શેં કારણ એટલે આવવું તુજ. મારા પ્રીતમજી૦ એક પોકાર સુણી તીર્યંચનો ઇમ રે, પ્રીતમજી૦ મૂકો અબળા રોતી પ્રભુજી કીમ. મારા પ્રીતમજી૦ ખટ જીવના રખવાળમાં સીરદાર રે, પ્રીતમજી૦ તો કેમ ટળવળતી સ્વામી મૂકો નાર. મારા પ્રીતમજી૦ શિવ વધુ કેરૂં એવું કેવું રૂપ રે, પ્રીતમજી૦ મુજ મૂકીને ચિત્તમાં ધરી જિન ભૂપ. મારા પ્રિતમજી૦ જિનજી લીએ સહસાવનમાં વ્રત ભાર રે, પ્રીતમજી૦ ઘાતીકરમ ખપાવીને નિરધાર. મારા પ્રીતમજી૦ કેવળ રિદ્ધિ અનંતી પ્રગટ કીધ રે, પ્રીતમજી૦ જાણી રાજુલ ઇમ પ્રતિજ્ઞા લીધ. મારા પ્રીતમજી૦ જે પ્રભુએ કીધું કરવું તેહ રે, પ્રીતમજી૦ એમ કહી વ્રતધર થઇ પ્રભુ પાસે જેહ. મારા પ્રીતમજી૦ પ્રભુ પહેલાં નિજ સોકયનું જોવા રૂપ રે, પ્રીતમજી૦ કે

વળજ્ઞાન લહી થઇ સિદ્ધ સ્વરૂપ. મારા પ્રીતમજી૦ શિવવધુ વરીઆ જિનવર ઉત્તમ નેમ રે, પ્રીતમજી૦ પદ્મ કહે પ્રભુ રાખો અવિચળ પ્રેમ. મારા પ્રીતમજી૦

સમેતશિખરજીનું સ્તવન.

જઇ પૂજો લાલ, સમેતશિખર ગિરિ ઉપર પાસજી શામળા, જીન ભગતિ લાલ, કરતાં જિન પદ પાવે ટળે ભવ આંબળા ॥ એ આંકણી ॥ છહરી પાળી દરિસણ કરીએ, ભવ ભવ સંચિત પાતીક હરીએ ॥ નિજ આતમ પુન્ય રસે ભરીએ ॥ જઇ પૂજો લાલ૦ ॥ ૧ ॥ એ ગિરિવર નિત્ય શેવા કીજે, જીમ શીવસુખડાં કરમાં લીજે ॥ ચિદાનંદ સુધારસ નિત્ય પીજે ॥ જઇ પૂજો લાલ૦ ॥ ૨ ॥ જીહાં શીવરમણી વરવા આવ્યા, અજીતાદિક વીસે જિનરાયા ॥ બહુ મુનિવર જિન શિવવધુ પાયા ॥

॥ જઇ પૂજો લાલ૦ ॥ ૩ ॥ તેણુ એ ઉ-
ત્તમ ગિરિ જાણો, કરો સેવા આતમ કરી
શયાણો ॥ એ ફરી ફરી નહીં આવે ટાણો
॥ જઈ પૂજો લાલ૦ ॥ ૪ ॥ તુમે ધન કં-
ચનની માયા, કરતા અસુચી કીધી કાયા
॥ કેમ તરશો વીણુ એ ગિરિ રાયા ॥ જ
ઇ પૂજો લાલ૦ ॥ ૫ ॥ ઈમ શુભ મતિ
વચન સુણી તાજા, એ ભજો જગ ગુરૂ
આતમરાજા ॥ ગિરિ ફરસે ધરી મન સુ-
ચી માજા ॥ જઇ પૂજો લાલ૦ ॥ ૬ ॥
સંવતસર નિધિ ગજચંદ સમે, ફાગણ સુ
દી તીજ બુધવાર ગમે ॥ ગિરિ દરિશન
કરતાં ચિત્ત રમે ॥ જઈ પૂજો લાલ૦ ॥૭॥
પ્રભુપદ પદ્મતણિ સેવા, કરતાં નિત્ય લહી
એ શિવ મેવા ॥ કહે રૂપવિજય મુજ તે
હેવા ॥ જઇ પૂજો લાલ૦ ॥ ૮ ॥

અષ્ટાપદનું સ્તવન.

કુંવર ગભારો નજરે દેખતાંજી.—એ દેશી.

ચઉ અઠ દશ દોય વંદીએજી, વરતમાન જગદીશ રે અષ્ટાપદગિરિ ઉપરેજી, નમતાં વાધે જગીશ રે. ચઉ૦ ૧ ભરત ભરતપતિ જિન મુખેજી, ઉચરીયાં વ્રત બાર રે; દર્શન શુદ્ધિને કારણેજી, ચોવીસ પ્રભુનો વિહાર રે ચઉ૦ ૨ ઉંચપણે કોશ તીગ કહ્યુંજી, યોજન એક વિસ્તાર રે; નિજ નિજ માન પ્રમાણ ભરાવીયાજી, બીંબ સ્વપર ઉપગાર રે. ચઉ૦ ૩ અજીતાદિક ચઉદિશા દીણુજી, પશ્ચિમે પઉમાઇ આઠ રે; અનંત આદે દેશ ઉતરેજી, પૂર્વે રિખભ વીર પાઠ રે. ચઉ૦ ૪ રિખભ અજીત પુર્વે રહ્યાજી, એ પણ આગમપાઠ રે; આતમશક્તિ કરે જાત્રાજી, તે ભવમુક્તિ વરે હુણી આઠ રે. ચઉ૦ ૫ દેખો અચંબો શ્રી સિદ્ધાચળેજી, હુઆ અસંખ્ય ઉદ્ધાર રે; આ.જ દીન પણ એ-

ણી ગિરિજી, જગમગ ચૈત્ય ઉદ્ધાર રે. ચ-
ઉ૦ ૬ રહેશે ઉત્સરપીણી લગેજી, દેવ મ-
હિમા ગુણ દાખ્યા રે; સિંહની સદ્યાદિક
થીરગુણેજી, વસુદેવ હીંડની સાખ રે. ચ-
ઉ૦ ૭ કેવળી જિનમુખ સેં સુણ્યુંજી, એણ
વિધે પાઠ પઠાય રે; શ્રી શુભવીર વચન
રસેજી, ગાયા રિખભ શીવદાયરે. ચઉ૦ ૮

આબુજીનું સ્તવન.

કોઇ લો પરવત ધુંધલો રે.—એ દેશી.

આબુ અચળ રળિઆમણો રે લોલ, દેલવાડે મનોહાર સુખકારી રે; વાદળીએ જે સર ઘરયું રે લોલ, દેવળ દીપે ચ્યાર બલિહારી રે. ભાવ ધરીને ભેટીએ રે લોલ. આંકણી. બાર પાદશાહ વશ કરિ રે લોલ, વિમળ મંત્રીસર સાર; સુ૦ તેણે પ્રાસાદ નિપાઇઆ રે લોલ, રિખભ જગદાધાર બ૦ આબુ૦ ૧ તેહ ચૈત્યમાં જિનવરૂ રે લોલ,

આઠસેંને છોતેર; સુ૦ જેહ દીઠે પ્રભુ સાં ભરે રે લોલ, મોહ કર્યો જીણ જેર. બ૦ આબુ૦ ૨ દ્રવ્ય ભરી ધરતી ભલીરે લોલ લીધો દેવળ કાજ; સુ૦ ચૈત્ય તિહાં મંડા- વીઉ રે લોલ, લેવા શિવપુર રાજ. બ૦ આબુ૦ ૩ પંદરસેં કારીગરે રે લોલ, દિ- વીધરા પ્રત્યેક; સુ૦ તેમ મરદનકારક વળી રે લોલ, વસ્તુપાળ એ વિવેક. બ૦ આ- બુ૦ ૪ કોરણી વોરણી તિહાં કરી રે લોલ દીઠાં બને તે વાન; સુ૦ પણ નવિ જાએ મુખે કહી રે લોલ, સુર ગુરૂ સમ વિખ્યા ત. બ૦ આબુ૦ ૫ ત્રણ વરશે નિપન્યો રે લોલ, તે પ્રાસાદ ઉત્તંગ; સુ૦ બાર કોડી ત્રેપન લક્ષને રે લોલ, ખરચ્યા દ્રવ્ય ઉછ- રંગ. બ૦ આબુ૦ ૬ દેરાણી જેઠાણીના ગો ખલા રે લોલ, દેખતાં હરખ તે થાય; સુ૦ લાખ અઢાર ખરચીઆ રે લોલ, ધન ધન એહુની માય. બ૦ આબુ૦ ૭ મુળનાયક

નેમિસરૂ રે લોલ, જન્મથકી બ્રહ્મચાર; સુ૦ નિજ સત્તા રમણી થયા રે લોલ, ગુણ અનંત આધાર. બ૦ આબુ૦ ૮ ચ્યારસેં ને અડસઠ ભલા રે લોલ, જિનવર બિંબ વિશાળ; સુ૦ આજ ભલે મેં ભેટીઆ રે લોલ, પાપ ગયાં પાતાળ, બ૦ આબુ૦ ૯ રિખભ ધાતુમયી દેહરે રે લોલ એકસો પીસ્તાલીશ બિંબ; સુ૦ ચોમુખ ચૈત્ય જુહારી રે લોલ, મરૂધરમાં જિમ અંબ. બ૦ આબુ૦ ૧૦ બાણું કાઉસ્સગ્ગીઆ તેહમાં રે લોલ, અગન્યાશી જીનરાય સુ૦ અચલગઢે બહુ જિનવરા રે લોલ, વંદું તેહના પાય. બ૦ આબુ૦ ૧૧ ધાતુમયી પરમેશ્વરૂ રે લોલ, અદભુત જાસ સ્વરૂપ; સુ૦ ચઉમુખ જિન વંદતાં રે લોલ, થાએ જિનગુણ ભુપ. બ૦ આબુ૦ ૧૨ અઢારસેં ને અઢારમાં રે લોલ, ચેતર વદી ત્રીજ દીન; સુ૦ પાલણપુરના સંઘશું રે લોલ, પ્રણ-

મી થયો ધન ધન. ભ૦ આબુ૦ ૧૩ તેમ શાન્તી જગદીસરૂ રે લોલ, જાત્રા કરી અદભુત; સુ૦ જે દેખી જિન સાંભરે રે લોલ, સેવ કરે પુરહુત. ભ૦ આબુ૦ ૧૪ ઇમ જાણી આબુતણી રે લોલ, જાત્રા કરશે જેહ; સુ૦ જિન ઉત્તમ પદ પામશે રે લોલ, પદ્મવિજય કહે તેહ. ભ૦ આબુ૦ ૧૫

શ્રી સીમંદરસ્વામીનું સ્તવન.

સુણો ચંદાજી, શ્રીમંદિર પરમાતમ પાસે જાજયો; મુજ વિનતડી, પ્રેમ ધરીને એણીપરે તુમે સંભળાવજો. જે ત્રણ્યભુવનનો નાયક છે, જસ ચોસઠ ઇંદ્રિ પાયક છે; જ્ઞાન દરિસણ જેહને ખાયક છે. સુણો૦ ૧ જસ કંચનવરણી કાયા છે, જસ ધોરી લંછન પાયા છે; પુંડરિક ગિરી નગરીના રાયાછે. સુણો૦ ૨ બાર પ્રખદામાંય બિરાજે છે, જસ ચોત્રીસ અતિશય છાજે છે; ગુણ પાંત્રીસ વાણીએ ગાજે છે. સુણો૦ ૩

ભવિજનને તે પડિબોહે છે, તુમ અધિક શિતળ ગુણ સોહે છે; રૂપ દેખી ભવિજન મોહે છે. સુણો૦ ૪ તુમ સેવા કરવા રસિ-યો છું. પણ ભરતમાં દૂરે વસિઓ છું; મ હા મોહરાય કર ફસિયો છું. સુણો૦ ૫ પણ સાહિબ ચિત્તમાં ધરીયો છે, તુમ આણા ખડગ કર ગ્રહિઓ છે; તેથી કાંઈક મુજથી ડરીયો છે. સુણો૦ ૬ જિન ઉત્તમ પુંઠ હવે પુરો, કહે પદ્મવિજય થાઉં શુરો; તો વાધે મુજ મન અતિ નુરો. સુણો૦ ૭

રાણકપુરનું સ્તવન.

શ્રી રાણકપુર રળિઆમણું રે લોલ, શ્રી આદિશ્વર દેવ મન મોહ્યું રે ॥ ઉત્તંગ તોરણ દેહરૂં રે લોલ, નિરખીજે નિત્ય મેવ॥ ॥ મન૦ ॥ શ્રી૦ ॥ ૧ ॥ ચઉવીસ મંડપ ચઉદીસે રે લોલ, ચૌમુખ પ્રતિમા ચાર ॥ ॥ મન૦ ॥ ત્રિભુવન દીપક દેહરૂં રે લોલ, સમોવડ નહીં સંસાર ॥ મન૦ ॥ શ્રી૦

॥ ૨ ॥ દેહરી ચઉરાશી દીપતી રે લોલ, માંડયો અષ્ટાપદ મેર ॥ મન૦ ॥ ભલે ઝુ-લાર્યાં ભોંયરાં રે લોલ, સુતાં ઉઠી સવેર ॥ મન૦ ॥ શ્રી૦ ॥ ૩ ॥ દેશ જાણી સો દેહરાં રે લોલ, મોટો દેશ મેવાડ ॥ મન ॥ લાખ નવાણું લગાવીયાં રે લોલ, ધન ધ-રણુ પોરવાડ ॥ મન૦ ॥ શ્રી૦ ॥ ૪ ॥ ખ રતરગચ્છહી ખાંતશું રે લોલ, નિરખત સુખ થાય ॥ મન૦ ॥ પાંચ પ્રાસાદ બીં જાં વળી રે લોલ, જોતાં પાતક જાય ॥ ॥ મન૦ ॥ શ્રી૦ ॥ ૫ ॥ આજ કૃતારથ હું થયો રે લોલ, આજ થયો રે આણંદ ॥ મન૦ ॥ યાત્રા કરી જિનવરતણી રે લો લ, દૂર ગયું દુઃખ દંદ ॥ મન૦ ॥ શ્રી૦॥ ॥ ૬ ॥ સંવત સોળને છાહોતરી રે લોલ, માગસર માસ મોઝાર ॥ મન૦ ॥ રાણકપુર યાત્રા કરી રે લોલ, સમયસુંદર સુખકાર ॥ મન૦ ॥ શ્રી૦ ॥ ૭ ॥

ભાગ ૨ જો.

શ્રી રિખવદેવનું સ્તવન.

મહાવિદેહ ક્ષેત્ર સોહામણું—એ દેશી.

જગજીવન જગ વહાલહો, મારૂદેવીનો નંદ લાલ રે; મુખ દીઠે સુખ ઉપજે, દરશન અતિહી આણંદ લાલ રે. જગ૦ ૧ આંખડી અંબુજ પાંખડી, અષ્ટમી સસી સમભાળ લાલ રે; વદન તે શારદ ચંદલો, વાણી અતિ રસાળ લાલ રે. જગ૦ ૨ લક્ષણ અંગે વિરાજતાં, અડહીય સહસ ઉદાર લાલ રે; રેખા કર ચરણાદિકે, અભિંતરે નહીં પાર લાલ રે. જગ૦ ૩ ઇંદ્ર ચંદ્ર રવિ ગિરિતણા, ગુણ લઇ ઘડીયું અંગ

લાલ રે. ભાગ્ય કિયાં થકી આવીયું, અચરિજ એહ ઉત્તંગ લાલરે. જગ૦ ૪ ગુણ સઘળા અંગે કર્યા, દુર કર્યા સવિ દોષ લાલ રે; વાચકજશ વિજયે થુણ્યો, દેજો સુખનો પોખ લાલ રે. જગ૦ ૫

શ્રી અજીતનાથનું સ્તવન.

મારૂં મન મોહ્યું રે શ્રી વિમળાચળે રે. એ દેશી.

પંથડો નિહાળું રે બીજા જીનતણો રે, અજીત અજીત ગુણ ધામ; જે તે જીત્યા રે તેણે હું જીતિયો રે, પુરૂષ કિસ્યું મુજ નામ. પંથડો૦ ૧ ચરમ નયણ કરી મારગ જોવતો રે, ભૂલ્યો સયલ સંસાર; જેણે નયણે કરી મારગ જોઇએ રે, નયણ તે દિવ્ય વિચાર. પંથડો૦ ૨ પુરૂષ પરંપર અનુભવ જોવતાં રે, અંધો અંધ પુલાય; વસ્તુ વિચારે રે જો આગમે કરી રે, ચરણ

કારણ નહીં કોય. પંથડો૦ ૩ તર્ક વિચારે રે વાદ પરંપરા રે, પાર ન પહોંચે કોય; અભિમતે વસ્તુ વસ્તુગતે કહે રે, તે વિરલા જગ જોય. પંથડો૦ ૪ વસ્તુ વિચારે રે દિવ્ય નયણતણો રે, વિરહ પડયો નિરધાર; તરતમ જોગે રે તરતમ વાસના રે, વાસિત બોધ આધાર. પંથડો૦ કાલ લબ્ધિ લહી પંથ નિહાળશું રે, એ આશા અવિલંબ, એ જન જીવે રે જીનજી જાણજો રે, આનંદઘન મત અંબ. પંથડો૦ ૬

શ્રી સંભવનાથનું સ્તવન.

સાહિબ સાંભળો રે, સંભવ અરજ અમારી; ભવોભવ હું ભમ્યો રે, ના લહી સેવા તુમારી; નરક નીગોદમાં રે, તિહાં હું બહુ ભવ ભમીઓ, તુમ વિના દુઃખ સહ્યાં રે, અહર્નિશ ક્રોધે ધમધમીઓ. સાહિબ૦ ૧ ઈંદ્રી વશ પડયો રે, પાળ્યાં વ્રત

નવી હુંસે, ત્રસ પણ નવિ ગણ્યા રે, હણી
યા થાવર હુંશે; વ્રત પણ ચિત્ત નવી ધર્યાં
રે, બીજું સાચું ન બોલ્યું; પાપની ગોઠ-
ડી રે, તિહાં મેં હેડલું ખોલ્યું. સાહિબ૦
૨ ચોરી મેં કરી રે, ચોવિહ અદત્ત ન ટા-
ળ્યું; શ્રી જિન આણશું રે, મેં નવી સં-
જમ પાળ્યું; મધુકરતણી પરે રે, શુદ્ધ ન
અહાર ગવેખ્યો, રસના લાલચે રે, વિરસ
પીંડ ઉવેખ્યો. સાહિબ૦ ૩ નરભવ દોહિ-
લો રે, પામી મોહ વશ પડીયો; પરસ્ત્રી દે
ખીને રે, મુજ મન ત્યાં જઈ અડીયો; કા-
મ ન કો સર્યો રે, પાપે પીંડ મેં ભરીઓ,
શુદ્ધબુદ્ધ નવી રહી રે, તેણે નવી આતમ
તાર્યો. સાહિબ૦ ૪ લક્ષ્મીની લાલચે રે,
મેં બહુ દીનતા દાખી; તોપણ નવી મળી
રે, મળી તો નવ રહી રાખી; જે મન
અભિલખે રે, તેહ તો તેથી નાસે; તૃણ
સમ જે ગણે રે, તેહને નિત્ય રહે પાસે.

સાહિબ૦ ૫ ધન્ય ધન્ય તે નરા રે, એહુ-નો મોહ વિછોડી, વિષયને વારીને રે, જે-હુને ધર્મમાં જોડી; અભક્ષ તે મેં ભખ્યાં રે, રાત્રીભોજન કીધાં; વ્રત નવિ પાળિયાં રે, જે હતાં મુળથી લીધાં. સાહિબ૦ ૬ એમ અનંતા ભવ ભમ્યો રે, ભમતાં સા-હિબ મળીયો; તુમ વિણુ કુણ દિયે રે, બોધ રયણુ મુજ બળીયો; સંભવ આપ-જયો રે, ચરણ કમળ તુજ સેવા; નય એમ વિનવે રે, સુણજયો દેવાધિ દેવા. સા૦ ૭

શ્રી સુમતિનાથનું સ્તવન.

ઝાંઝરીઆ મુનિવરની.—એ દેશી.

સુમતિનાથ ગુણસ્યું મીલીજી, વાધે મુ જ મન પ્રીત; તેલ બિંદુ જેમ વિસ્તરે જી, જળમાંહી ભલી રીત. સોભાગી જિનશું, લાગ્યો અવિહડ રંગ. ૧ સજજનશું જે પ્રીતડીજી છાની તે ન રહાય; પરિમલ કુ-

સ્તુરીતણોજી, મહિમા એમ કહેવાય. સો૦ ૨ અંગુલિએ નવિ મેરૂ ઢંકાએ, છાબડીએ રવિ તેજ; અંજલીમાંહી જેમ ગંગ ન માએ, મુજ મન તેમ પ્રભુ હેજ. સો૦ ૩ હુઓ છપન અધર અરૂણવર, ખાતાં પાન સુરંગ; પીવત ભરભર પ્રભુ ગુણ પ્યાલે, તેમ મુજ પ્રેમ અભંગ. સો૦ ૪ ઢાંકી ઇક્ષુ પરાલસ્યુંજી, ન રહે લહિ વિસ્તાર; વાચક જશ કહે પ્રભુ ગુણેજી, તેમ મુજ પ્રેમ પ્રકાર. સો૦ ૫

શ્રી ચંદ્રપ્રભુજીનું સ્તવન.

રાયજી અમને હીએ આંણી.—એ દેશી.

જીનજી ચંદ્રપ્રભુ અવધારો કે, નાથ નિહાળજો રે લોલ; બમણી બિરૂદ ગરીબ નિવાજની, વાચા પાળજો રે ॥ હરખે હું તુમ શરણે આયો કે, મુજને રાખજો રે લોલ; ચોરદા ચાર મુગલ જે ભુંડા કે, તેને

દૂરે નાંખજો રે લોલ. ૨ પ્રભુજી પંચતણી
ખરસંસા કે, રૂડી થાપજો રે લોલ; મોહન
મહેર કરીને મુજને, દરિશન આપજો રે
લોલ. ૩ તારક તુમ પાલવ મેં ઝાલ્યો કે,
હવે મુને તારજો રે લોલ; કુતરી કુમતિ
થઇ છે કેડે કે, તેને દૂરે વારજો રે લોલ.
૪ સુંદરી સુમતિ સોહાગણ સારી કે,
પ્યારી છે ઘણું લોલ; તાતજી તે વિણરે
જીવે, ચઉદ ભુવન કેરં આગણું રે લોલ.
૫ લખ ગુણ લખમણ રાણીએ જાયા કે,
મુજ મન આવજો રે લોલ; અનુપમ અનુ
ભવ અમૃત મીઠી કે, સુખડી લાવજો રે
લોલ. ૬ દીપતી દોઢશો ધનુષ પરિમાણ
કે, પ્રભુજીની દેહડી રે લોલ; દેવની દસ
પૂરવ લખ માન કે, આયુષ વેલડી રે લો-
લ. ૭ નિગુણી નિરાગી પણ રાગી કે, મ-
નમાંહે રહ્યા રે લોલ; શુભગુરૂ સુમતિવિ-
જય સુપસાય કે, રામે સુખ લહ્યા રે
લોલ. ૮

શ્રી શ્રેયાંસનાથનું સ્તવન.

કરમ ન છુટે રે પ્રાણીઆ.—એ દેશી.

તુમે બહુ મિત્રી રે સાહેબા, મ્હારે તો મન એક ॥ તુમ વિણુ બીજો રે નવિ ગમે, એ મુજ મોટી રે ટેક ॥ શ્રી શ્રેયાંસ કીરપા કરો ॥ એ આંકણી ॥ મન રાખો તુમે સવિતણાં, પણ કિહાં એક મળી જાઓ ॥ લલચાવી લખ લોકને, સાખી સહજ ન થાઓ ॥ શ્રી૦ ॥ ૨ ॥ રાગ ભરે જન મન રહો, પણ તિહું કાળ વૈરાગ ॥ ચિત્ત તુમારે સમુદ્રનો, કોઈ ન પામે રે ત્યાગ ॥ ॥ શ્રી૦ ॥ ૩ ॥ એહવા શું ચિત્ત મેળવ્યું, કેળવ્યું પહેલાં ન કાંઇ ॥ શેવક નિપટ અબુજ છે, નિરવહસ્યો તુમે શાંઇ ॥શ્રી૦॥ ॥ ૪ ॥ નિરાગી સુર કેમ મિલે, પણ મળવાનો એકાંત ॥ વાચકજશ કહે મુજ મીલ્યો, ભગતી તે કામણ તંત ॥ શ્રી૦ ॥૫॥

શ્રી વાસુપુજયનું સ્તવન.

વાસુપુજ્ય જિન ત્રિભુવન સ્વામી, ઘન નામી પરનામી રે ॥ નિરાકાર સાકાર સચેતન, કરમ કરમ ફળ કામી રે ॥ વા૦ ॥ ॥ ૧ ॥ નિરાકાર અભેદ સંગ્રાહક, ભેદ ગ્રાહક સાકારો રે ॥ દરશન જ્ઞાન દુભેદ ચેતન, વસ્તુ ગ્રહણ વ્યાપારો રે ॥ વા૦ ॥ ॥ ૨ ॥ કર્તા પરિણામી પરિણામો, કર્મ જે જીવે કરીએ રે ॥ એક અનેક રૂપ નય વાદે, નિયતે નય અનુસરિયે રે ॥ વા૦ ॥ ॥ ૩ ॥ દુઃખ સુખરૂપ કરમફળ જાણો, નિશ્ચય એક આનંદો રે ॥ ચેતનતા પરિણામ ન ચુકે, ચેતન કહે જિનચંદો રે ॥ ॥ વા૦ ॥ ૪ ॥ પરિણામી ચેતન પરિણામો, જ્ઞાન કરમફળ ભાવી રે ॥ જ્ઞાન કરમફળ ચેતન કહીયે, લેજો તેહ મનાવી રે ॥ વા૦ ॥ ૫ ॥ આત્મજ્ઞાની શ્રમણ કહાવે,

બીજા તો દ્રવ્યલિંગી રે ॥ વસ્તુ તેજે વસ્તુ પ્રકાશે, આનંદઘન મતિ સંગી રે ॥ ॥ વા૦ ॥ ६ ॥

શ્રી ધર્મનાથનું સ્તવન.

ધર્મ જીનેશ્વર ગાઉં રંગશું, ભંગ મ પડશો હો પ્રીત; જીનેશ્વર૦ બીજો મન મંદિર આણું નહીં, એ અમ કુલવટ રીત. જીનેશ્વર૦ ધર્મ૦ ૧ ધરમ ધરમ કરતોજગ સહુ ફિરે, ધરમનો ન જાણે હો મર્મ; જીનેશ્વર૦ ધરમ જીનેશ્વર ચરણ ગ્રહ્યા પછી, કોઇ ન બાંધે હો કર્મ. જીનેશ્વર૦ ધર્મ૦ ૨ પ્રવચન અંજન જો સદગુરૂ કરે, દેખે પરમ નિધાન; જીનેશ્વર૦ હ્રદય નયન નિહાળે જગ ધણી, મહિમા મેરૂ સમાન. જીનેશ્વર૦ ધર્મ૦ ૩ દોડત દોડત દોડત દોડીયા, જેતી મનની રે દોડ; જીનેશ્વર૦ પ્રેમ પ્રતીત વિચારો ઢુકડી, ગુરૂ ગમ લેજો રે

જોડ. જીનેશ્વર૦ ધર્મ૦ ૪ એક પખી કેમ પ્રીતિ વરે પડે, ઉભય મિલ્યા હુએ સંધિ; જીનેશ્વર૦ હું રાગી હું મોહે ફંદીયા, તું નીરાગી નિરબંધ. જીનેશ્વર૦ ધર્મ૦ ૫ પરમ નિધાન પ્રગટ મુખ આગળે, જગત ઉલંઘી હો જાય; જીનેશ્વર૦ જ્યોતિ વિના જુઓ જગદીશની, અંધો અંધ પલાય. જીનેશ્વર૦ ધર્મ૦ ૬ નિર્મળ ગુણ મણિ રોહણ ભુધરા, મુનિજન માનસ હંસ; જીનેશ્વર૦ ધન્ય તે નગરી ધન્ય વેળા ઘડી, માતા પિતા કુળ વંશ. જીનેશ્વર૦ ધર્મ૦ ૭ મન મધુકર વર કરજોડી કહે, પદકજ નિકટ નિવાસ; જીનેશ્વર૦ ઘન નામી આનંદઘન સાંભળો, એ શેવકની અરદાસ. જીનેશ્વર૦ ધર્મ૦ ૮

શ્રી શાન્તિનાથનું સ્તવન.

ધન દીન વેળા ધન ઘડી તેહ, અચિરા-

નો નંદન જિનજી ભેટસ્યુંજી; લહીસ્યું રે સુખ દેખી મુખચંદ, વિરહ વ્યથાનાં દુઃખ સવિ મેટસ્યુંજી. ૧ જાણ્યો રે જેણે તુજ ગુણ લેશ, બીજો રે રસ તેહને મન નવિ ગમેજી; ચાખ્યો રે જેણે અમી લવલેશ, બાકસબુકસ તસ ન રૂચે કેમેજી. ૨ તુજ સમકિતરસ સ્વાદનો જાણ, પાપકું ભગતે બહુ દીન સેવીયુંજી; સેવા જે કરમને જોગે તોહે, વાંછે તે સમકિત અમૃત ધુરે લખ્યુંજી. ૩ તાહરૂં ધ્યાન તે સમકિત રૂપ, તેહજ જ્ઞાનને ચારિત્ર તેહ છેજી; તેહથી રે; જાએ સઘળાં હો પાપ, ધ્યાતા રે ધ્યેય સ્વરૂપ હોયે પછેજી. ૪ દેખી રે અદભૂત તાહરૂં રૂપ, અચરિજે ભવિકારૂપી પદ વરેજી; તાહરી ગત તું જાણે હો દેવ, સમરણ ભજન તે વાચકજશ કહેજી. ૫

શ્રી મલ્લિનાથનું સ્તવન.

શત્રુંજય ઋષભ સમોસર્યા.—એ દેશી.

મૃગશિર શુદિ એકાદશી, દિતે જાયા રે; ત્રિભુવન ભયો રે ઉદ્યોત, સેવે સૂર આયા રે. ૧ સુખીયા થાવર નારકી, શુભ છાયા રે; પવન થયા અનુકુળ, સુખાલા વાયારે. ૨ અનુક્રમે જોબન પામીયા, સુણી આયા રે; પૂરવના ષટ મિત્ર, કહી સમજાયા રે. ૩ શુદિ એકાદશીને દિને, વ્રત પાયા રે; તિણે દિને કેવળનાણ, લહે જિનરાયા રે. ૪ જ્ઞાનવિમળ મહિમા થકી, સુજસ સવાયા રે; મલ્લિ જિનેસર ધ્યાને, નવનિધિ પાયા રે. ૫

શ્રી નેમનાથનું સ્તવન.

ગરબાની દેશીમાં.

જઇને રહેજો મારા વાહાલાજી રે, શ્રી ગિરનારને ગોખ; જઇને૦ અમે પણ તિહાં

આવીશું, મારા૦ જ્યારે પામીશું જોખ. જ૦ ૧ જાન લેઈ જુનાગઢે, મારા૦ આ-વ્યા તોરણ આપ; જ૦ પશુઆં પેખી પાછા વળ્યા, મારા૦ જોતાં ન દીધા જ-વાબ. જ૦ ૨ સુંદર આપણ સરિખા, મારા૦ જોતાં નહીં મળે જોડ; જ૦ બો-લ્યા અણબોલ્યા કરો, મારા૦ એ વાલે ત-મને ખોડ. જ૦ ૩ હું રાગી તું વૈરાગી-ઓ, મારા૦ જગમાં જાણે સહુ કોય; જ૦ રાગી તો લાગી રહે, મારા૦ વૈરાગી રાગી ન હોય. જ૦ ૪ વર બીજો હું નવિ વરૂં; મારા૦ સઘળા મહેલી સંવાદ; જ૦ મો-હનીયાને જઈ મળી, મારા૦ મોટા સાથે શ્યા વાદ. જ૦ ૫ ગઢ તો એક ગિરનાર છે, મારા૦ નર તો છે એક શ્રી નેમ; જ૦ રમણી એક રાજેમતિ, મારા૦ પૂરો પાળ્યો જેણે પ્રેમ. જ૦ ૬ વાચકઉદયની વંદના, મારા૦ માની સેજયો મહારાજ; જ૦ નેમ

શાલુસ સુકલે મળયાં, મારા૦ સાર્યાં આતમ કાજ. જઈને રહેજો મારા૦ ૭

શ્રી નેમનાથનું સ્તવન.

આવો જમાઈ પ્રાહુણા, જયવંતાજી.
એ દેશી.

નિરખ્યો નેમિ જિણંદને અરિહંતાજી. રાજીમતિ કર્યો ત્યાગ; ભગવંતાજી. બ્રહ્મચારી સંયમ ગ્રહ્યા, અ૦ અનુક્રમે થયા વિતરાગ. ભ૦ ૧ ચામર ચક્ર સિંહાસન, અ૦ પાદપીઠ સંયુક્ત; ભ૦ છત્ર ચાલે આકાશમાં; અ૦ દેવ દુંદુભી વર ઉત્ત. ભ૦ ૨ સહસ જોયણ ધ્વજ સોહતો, અ૦ પ્રભુ આગળ ચાલંત; ભ૦ કનક કમલ તવ ઉપરે, અ૦ વિચરે પાય ઠવંત. ભ૦ ૩ ચાર મુખે દીયે દેશના, અ૦ ત્રણ ગઢ ઝાક ઝમાલ; ભ૦ કેશ રોમ શ્મશ્રુ નખા, અ૦ વાધે નહીં કોઇ કાળ. ભ૦ ૪ કાંટા પણ

ઉંચા હોય, અ૦ પંચ વિષય અનુકુળ; ભ૦ ૫૨ ઋતુ સમ કાળે ફળે, અ૦ વાયુ નહીં પ્રતિકુળ. ભ૦ ૫ પાણી સુગંધ સુર કુસુમની, અ૦ વૃષ્ટિ હોયે સુરસાલ; ભ૦ પંખી દીયે સુપ્રદક્ષિણા, અ૦ વૃક્ષ નમે અસરાલ. ભ૦ ૬ જિન ઉત્તમ પદ પદ્મની અ૦ સેવ કરે સુર કોડી; ભ૦ ચાર નિકાયના જઘન્યથી, અ૦ ચૈત્ય વૃક્ષ તેમ જોડી. ભ૦ ૭

શ્રી નેમનાથનું સ્તવન.

સામળીયા ત્યાગીને હું તો રાગી, વાલા રે મારા સંજમશું રઢ લાગી; સામળીયા ત્યાગી ને હું તો રાગી. ટેક. વા૦ મારો નેમ નગીનાનો રાગી, વા૦ મા૦ સુંદર શ્યામ સોભાગી, વા૦ મા૦ સંજમલીએ વડભાગી. સામળીયા૦ ૨ વા૦ મા૦ ઘડ ગિરનારની ઘાટે, મોહન મને મળશે હવે

એ વારે જઈ હું તો હાથ મેલાવીશ માથે૦ સામળીઓ૦ ૩ વા૦ મા૦ જઈ રે હવે રાજુલ નેમની પાસે, લીયે રે હવે સંજમ અતિ ઉલાસે; હાં રે નેમનાથ પહેલી શિવ જાશે સામળીઓ૦ ૪ વા૦ મા૦ દંપતી શિવસુખ મળીઓ, વા૦ મા૦ વિરહ દાવાનલ ટળીઓ; વા૦ મા૦ અગરો લગો ગુણ ભરીયો. સામળીઓ૦ ૫ વા૦ મા૦ કહે દીપ સુણો એક મોરી, વા૦ મા૦ તુમે તારિ રાજુલ નારી; વા૦ મા૦ તુમે હમને કરો મોહુવારી. સામળીઓ૦ ૬

શ્રી પાર્શ્વનાથનું સ્તવન.

અંતરજામી સુણ અલવેસર, મહિમા ત્રિજગ તુમારો સાંભળીને હું આવ્યો તીરે, જનમ મરણ દુઃખ વારો. શેવક અરજ કરે છે રાજ, અમને શિવસુખ આપો. ૧ સહુકોનાં મનવંછિત પુરો, ચિંતા સહુ-

ની ચુરે; એવું બિરૂદ છે રાજ તુમારૂં, કેમ રાખો છો દૂરે. શેવક૦ ૨ શેવકને વલ વલતો દેખી, મનમાં મહેર ન ધરશો; કરૂણાસાગર કેમ કહેવાશો, જો ઉપકાર ન કરશો. શેવક૦ ૩ લટપટનું હવે કામ નહીં છે, પ્રત્યક્ષ દરિસન દીજે; ધુઆડે ધીજું નહીં સાહિબ, પેટ પડ્યા પતીજ. શેવક૦ ૪ શ્રી સંખેશ્વર મંડણ સ્વામી, વિનતડી અવધારો; કહે જિન હર્ષ મયા કરી મુજને, ભવસાગરથી તારો. શેવક૦ ૫

શ્રી પાર્શ્વનાથનું સ્તવન.

રાતાં જેવાં ફુલડાંને, સામળ જેવો રંગ; આજ તારી આંગીનો, કાંઈ અજબ બન્યો છે રંગ. પ્યારા પાસજી હો લાલ, દિનદયાળ મુને નયણે નિહાલ. એ આંકણી. ૧ જોગીવાડે જાગતો ને, માતો ધિંગડમલ્લ; શામળો સોહામણોને, જીત્યા આઠે મલ્લ.

પ્યારા૦ ૨ તું છે મારો સાહિબોને, હું છું તારો દાસ; આશ પૂરો દાસની, કાંઇ સાંભળી અરદાસ. પ્યારા૦ ૩ દેવ સઘળા દીઠા તેમાં, એક તું અવલ્ક્ષ; લાખેણું છે લટકું તાહરૂં, દેખી રીઝે દિક્ષ. પ્યારા૦ ૪ કોઇ નમે પીરને ને, કોઈ નમે રામ; ઉદયરત્ન કહે રે પ્રભુ, મારે તુમશું કામ. પ્યારા પાસજી હો લાલ. ૫

શ્રી અજરાપાર્શ્વનાથનું સ્તવન.

ગરબાની દેશી.

હાં રે મારે આજની ઘડી તે રળિયામણી જો, અજરાપાસજી પૂજવા ની વધામણી જો. મારે આજની૦ ૧ પૂરો પૂરો રે શોભાશણ સાથીઓ જો, મારે મંદિરે પધારો પાસ હાથીઓ જો. મારે આજ૦ ૨ હું તો મોતીડાના ચોક પૂરાવતી જો, અજરાપા-

સજીની આંગીઓ રચાવતી જો. મારે આ
જ૦ ૩ હું તો ચંબેલીના થંભ રોપાવતીજો,
અજરાપાસજીને પધરાવતીજો. મારે આ-
જ૦ ૪ કહે રૂપચંદ સ્વામિનો દીઠડો જો,
મારા હ્રદયકમળ લાગે મીઠડો જો. મારે
આજની ઘડી તે રળિયામણી જો. ૫

શ્રી પાર્શ્વનાથનું સ્તવન.

પ્યારો લાગે મને સારો લાગે, દરીશન-
માં ગંભીરોજી પ્યારો લાગે. સોના કેરી
ઝારીયાં ને માંહી ભર્યાં પાણી, ન્હવણ ક-
રાવું મેરા જીનજીકે અંગ. દરિશન૦ કેશર
ચંદન ભર્યાં રે કચોળાં, પૂજા કરૂં મેરા
પ્રભુજી કે અંગ. દરિશન૦ ધુપ ધ્યાન ઘ-
ટા અનુહદ હે, લળી લળી શીષ નમાવત
હે દરિસન૦ ફુલ ગુલાબકી આંગી બની
હે, હાર પહેરાવું મેરા જીનજીકે અંગ. દ-
રિશન૦ આનંદઘન પ્રભુ ચલત પંથમેં,
જ્યોતિમેં જ્યોત મીલાવત હે. દરિશન૦

શ્રી પાર્શ્વનાથનું સ્તવન.

રઘુપતિ રામ હૃદયમાં રહેજો રે.—એ દેશી.

આવો રે આવો પાસજી મુજ મળીયા રે, મનના મનોરથ ફળીઆ; આવો રે આવો પાસજી મુજ મળીયા રે. એ આંકણી. તારી મુરત મોહનગારી રે, સહુ સંઘને લાગે છે પ્યારી રે; તમને મોહી રહ્યાં સુર નરનારી. આવો રે આવો૦ ૧ અલબેલી મુરત પ્રભુ તાહરી રે, તારા મુખડા ઉપર જાઉં વારી રે, નાગ નાગણીની જોડ ઉગારી. આવો રે આવો૦ ૨ ધન્ય ધન્ય દેવાધી દેવા રે, સુરલોક કરે છે સેવા રે, અમને આપોને શિવપુર મેવા. આવો રે આવો૦ ૩ તમે શિવરમણીના રસિયા રે, જઇ મોક્ષપુરિમાં વસીયા રે, મારા હૃદયકમળમાં વસિયા. આવો રે આવો૦ ૪ જે કોઇ પાર્શ્વતણા ગુણ ગાશે રે, તેનાં ભવોભવનાં

પાતિક જાશે રે, તેનાં સમકિત નિરમળ થાશે. આવો રે આવો૦ ૫ પ્રભુ ત્રેવીસમા જિનરાયા રે, માતા વામાદેવીના જાયા રે; અમને દર્શન દોની દયાળા. આવો રે આવો૦ ૬ હું તો લળી લળી લાગું પાય રે, મારા ઉરમાં તે હરખ ન માય રે, એમ માણિકવિજય ગુણ ગાય. આવો રે૦ ૭

શ્રી મહાવીરસ્વામીનું સ્તવન.

વીરજી સુણો એક વિનતી મોરી, વાત વિચારો તુમે ઘણી રે; વીર મને તારો મહાવીર મને તારો, ભવજળ પાર ઉતારોને રે. પરિભ્રમણ મેં અનંતા રે કીધા, હજુએ ન આવ્યો છેડલો રે; તુમે તો થયા પ્રભુ સિદ્ધ નિરંજન, હમે તો અનંતા ભવ ભમ્યા રે. વીર મને૦ ૧ તુમે હમે વાર અનંતિ ભેળા, રમીઆ સંસારિંપણે રે; તેહ પ્રીત જો પૂરણ પાળો, તો હમને તુમ સમ

કરો રે. વીર૦ ૨ તુમ સમ હમને જોગ ન જાણો, તો કાંઇ થોડું દીજીએ રે; સવોભવ તુમ ચરણની શેવા, પામી હમે ઘણું રીજીએ રે. વીર૦ ૩ ઇંદ્રજાળીઆ કહેતા રે આવ્યો, ગણધર પદ તેહને દીએ રો, અર્જુનમાળી જે નર પાપી, તેહને જિન તમે ઉદ્ધર્યો રે. વીર૦ ૪ ચંદનબાળાએ અડદના બાકુળ, પડિલાભ્યા તુમને પ્રભુ રે; તેહની સાહુની સાચી રે કીધી, શિવવધુ સાથે ભેળવી રે. વીર૦ ૫ ચરણે ચંડકોશીયો ડશીયો, કલપ આઠમે તે ગયો રે; ગુણ તો તમારા પ્રભુ મુખથી સુણીને, આવી તુમ સનમુખ રહ્યા રે. વીર૦ ૬ નિરંજન પ્રભુ નામ ધરાવો, તો સહુને સરખા ગણો રે; ભેદભાવ પ્રભુ દૂર કરીને, મુજશું રમો એકમેકશું રે. વીર૦ ૭ મોડા વેલા તુમહીજ તારણ, હવે વિલંબ શા કારણે રે; જ્ઞાનતણા ભવના પાપ મીટાવો, વારી

જાઉં વીર તોરા વારણે રે. વીર૦ ૮

શ્રી મહાવીરસ્વામીનું સ્તવન.

ગીરૂઆરે ગુણ તુમતણા, શ્રી વર્દ્ધમાન જિનરાયા રે; સુણતાં શ્રવણે અમી ઝરે. મારી નિર્મળ થાયે કાયા રે. ગી૦ ૧ તુમ ગુણ ગણ ગંગાજળે, હું ઝીલી નિર્મળ થાઉં રે; અવર ન ધંધો આદરૂં, નીશદિન તોરા ગુણ ગાઉં રે. ગી૦ ૨ ઝીલ્યા જે ગંગાજળે, તે છીલર જળ નવિ પેસે રે; જે માલતી ફુલે મોહીઆ, તે બાવળ જઇ નવિ બેસે રે. ગી૦ ૩ એમ અમે તુમ ગુણ ગોઠશું, રંગે રાચ્યા ને વળી માચ્યા રે; તે કેમ પરસુર આદરે, જે પરનારી વશ રાચ્યા રે. ગી૦ ૪ તું ગતિ તું મતિ આશરો, તું આલંબન મુજ પ્યારો રે; વાચક જશ કહે માહરે, તું જીવ જીવન આધારો રે. ગીરૂઆરે૦ ૫

શ્રી મહાવીરસ્વામીનું સ્તવન.

સિદ્ધારથના રે નંદન વિનવું, વિનતડી અવધાર; ભવમંડપમાં રે નાટક નાચીયો, હવે મુજ દાન દેવરાય. સિ૦ ૧ ત્રણ રતન મુજ આપો તાતજી, જેમ નાવે સંતાપ; દાન દેઅંતાં રે પ્રભુ કોશલ પરે, આપો પદવી આપ. સિ૦ ૨ ચરણ અંગુઠે તે મેરૂ કંપાવીયા, મોડ્યાં સુરનાજ માન; અષ્ટ કરમના તે ઝઘડા જીતવા, દીધાં વરશીદાન. સિ૦ ૩ સાસન નાયક શિવસુખ દાયક, ત્રિસલા કુખે રતન; સિધારથના રે વંશ દીપાવીયા, પ્રભુજી તમને ધન્ય ધન્ય. સિ૦ ૪ વાચકશિખ રે કિરતીવિજય ગુરૂ, પ્રણમું તાસ પસાય; ધરમતણા એ જિન ચોવીસમા, વિનયવિજય ગુણ ગાય. સિ૦ ૫

શ્રી વીરજિન સ્તવન.

ફતમલની દેશી.

જગપતિ તારક શ્રી જિનદેવ, દાસનો દાસ છું તાહરો; જગપતિ તારક તું કિરતાર, મનમોહન પ્રભુ માહરો. ૧ જગપતિ તાહરે તો ભક્ત અનેક, મહારે તો એકજ તું ધણી, જગપતિ વીરામાંતું મહાવીર, સુરત તાહરી સોહામણી. ૨ જગપતિ ત્રિસલારાણીનો તું તન, ગંધારબંદર ગાજીઓ; જગપતિ સિદ્ધારથ કુળ શણગાર, રાજ રાજેશ્વર રાજિયો. ૩ જગપતિ ભકતોની ભાગે છે ભીડ, ભીડ પડે રે પ્રભુ વારિએ; જગપતિ તુંહી પ્રભુ આગમ અપાર, સમજયો ન જાયે મુજ સારીએ. ૪ જગપતિ ઉદય નમે કરજોડ, સત્તર નેવ્યાશી સમકીયો; જગપતિ ખંબાયત જંબુસર સંઘ, ભગવંત ભાવશું ભેટીયો. ૫

સ્તવન.

જગત ગુરૂ જિનવર જયકારી, સેવો તુમે ભાવે નરનારી; આશા રે એની ચોરાશી વારી. જગત૦ એ આંકણી. ૧ જળચંદન કુસુમે કરીએ, ધુપ દીપ અક્ષત ભરીએ; નૈવેદ ફળ આગળ ધરીએ. જગત૦ ૨ ચૈથે ભાવપૂજા સારી, નાટક ગીતને મનોહારી; તીર્થાં સુધી કરો હિતકારી. જગત૦ ૩ ભાવથી દીવ્ય પૂજા કરશે, તે ભવસાગરને તરશે; સરસ શીવસુંદરીને વરશે. જગત૦ ૪ વીસ ઉદેસાથી સાર, સુત્ર નિશિ થશે મનોહાર; ભણી રૂપવિજય લહો પાર. જગત૦ ૫

સ્તવન.

આવો આવો જસોદાના કંથ, અમ ઘેર આવો રે; ભગતી વચ્છલ ભગવંત નાથ શે નાવો રે; એમ ચંદનબાળાને બોલડે

પ્રભુ આવી રે, મુઠી બાકુળ માટે પાછા
વળી બોલાવી રે. આવો૦ ૧ સંકેત કરીને
સ્વામી ગયા તમે વનમાં રે, થઇ કેવળી
કેવળી કીધ, ધરી જો મનમાં રે; એમ કે
સરેશ કીધ કરીને પુજુ રે, તોએ પહેલે
વ્રત અતિચાર થકી હું છુટુ રે. આવો૦ ૨
જીવહિંસાના પચ્ચખ્ખાણ શુલથી કરીએ
રે દુવિહં તિવિહંનો પાઠ સદા અનુસરી-
એ રે; વાશી બોળો વિદલ નિશિભક્ષ હિં
સા ટાળું રે, સવા વિશ્વાકેરી જીવદયા
નિત્ય પાળું રે. આવો૦ ૩ દશ ચંદરવા
દશ ઠામ બાંધી રહીએ રે, જીવ જાએ
એહવી વાત કો'ને ન કહીએ રે; વધ બં-
ધન ને છવીચ્છેદ ભાર ન ભરીએ રે, ભાત
પાણીનો વીચ્છેદ પશુને ન કરીએ રે.
આવો૦ ૪ લોકીક દેવ ગુરૂ મિથ્યાત ત્યા-
સી ભેદ રે, તુમ આગળ સુણતાં આજ
હોય વીચ્છેદ રે; ચોમાસે પણ બહુ કાજ

જયણા પાળુ રે, પગલે પગલે મહારાજ વ્રત અજવાળું રે. આવો૦ ૫ એક શ્વાસ માંહી સોવાર સમરૂં તમને રે, ચંદનબાળા જેવું સાર આપો અમને રે; માહી હરીબળ ફળદાય, એ વ્રત પાળી રે, શુભવીર ચરણ સુપસાય, નિત્ય દીવાળી રે. આવો૦ ૬

સ્તવન.

સુણ ગોવાલણી.—એ દેશી.

હો સાહેબજી પરમાતમ પૂજ્યાનું ફળ મુજ આપો; સો સાહેબજી લાખેણી પૂજા રે સેં ફળ નાપો. એ આંકણી. ઉત્તમ ઉત્તમ ફળ હું લાવું, અરિહાંને આગળ મુકાવું; આગમ વિધિ પૂજા વિરચાવું, ઉભો રહીને ભાવના ભાવું. હો૦ ૧ જિનવર જિન આગમ એક રૂપે, સેવંતાં ન પડો ભવ કુપે; આરાધન ફળ તેહનાં કહિએ,

આ ભવમાંહિ સુખીયા થઇએ. હો૦ ૨ પરભવ સુરલોકે તે જાવે, ઇંદ્રાદિક અપ્સર સુખ પાવે; તિહાં પણ જિન પૂજા વિરચાવે, ઉત્તમ કુળમાં જઇ ઉપજાવે. હો૦ ૩ તિહાં રાજ્યરિદ્ધ પરિકર રંગે, આગમ સુણતાં સદગુરૂ સંગે; આગમશું રાગ વળી ધરતા, જિન આગમ જિન પૂજા કરતા. હો૦ ૪ સિદ્ધાંત લખાવીને પૂજે, તવ કર્મ સકલ દૂરે ધ્રુજે; લહે કેવળ ચરણ ધરમ પામી, શુભવીર મળે જો વિશ્રામી. હો૦ ૫

સ્તવન.

રે જીવ જિનધર્મ કીજીએ, ધર્મના ચાર પ્રકાર; દાન શિયળ તપ ભાવના, જગમાં એટલું સાર. રે જીવ૦ ૧ વરસ દિવસને પારણે, આદિશ્વર અણગાર; ઇક્ષુરસ વહોરાવીયા, શ્રી શ્રેયાંસકુમાર. રે જીવ૦ ૨ ચંપાપોળ ઉઘાડવા, ચારણીએ કાઢ્યાં નીર;

સતી સુભદ્રા જશ થયો, શિયળ મેરૂ ગં-
ભિર. રે જીવ૦ ૩ તપ કરી કાયા શોષવી
સરસ નીરસ અહાર; વીર જીણંદે વખા-
ણીઓ, ધન ધન ધન્નો અણગાર. રે જીવ૦
૪ અનિત ભાવના ભાવતાં, ધરતો નિર્મળ
ધ્યાન; ભરત આરિસાભુવનમાં, પામ્યા
કેવળજ્ઞાન. રે જીવ૦ ૫ એ જિન વદત સુ
રતરૂ સમો, જેનાં ફળ છે સાર; સમયસું-
દર કહે સેવજો, જૈનધર્મ મુક્તિ દાતાર.
રે જીવ જિનધર્મ કીજીએ. ૭

સ્તવન.

અનીહાંરે ધુપ ધરા જીન આગળે રે,
કૃષ્ણાગર ધુપ દશાંગ શ્રેણી ભલી ગુણઠાણ-
ની રે; અનીહાં રે ધુપધાણું તે રત્ને જ-
ડયું રે, ઘડયું જાત્યમઇ કનકાંગ. શ્રેણી૦
ધુપ ધરો૦ ૧ અનીહાં રે મુનીવર રૂપ ન
દાખવે રે, થીતીબંધ પુરવની રીત; શ્રેણી૦

અનીહાંરે બંધોદય ગુણઠાણે ૧ ચમે રે, હવે ખાયક શેણી વદીત. શ્રેણી૦ ધ્રુપ૦ ૨ અનીહાં રે સોળ સામંતને લોળવી રે, વચ્ચે ઘેરી હણ્યા લહી લાગ; શ્રેણી૦ અનીહાં રે નાઠા આઠે સેનાપતી રે, નવ માન બીજે ભાગ. શ્રેણી૦ ધ્રુપ૦ ૩ અની હાંરે ચઉમાસા લગ એ રહે મરણુ નરની ગતી જાણ; શ્રેણી૦ અનીહાં રે રજ રેખા સમ ક્રોધ છે રે, કંઠ થંભ સમાણ માન. શ્રેણી૦ ધ્રુપ૦ ૪ અનીહાં રે માયા ગોમૂત્ર સારખી રે, છે લોભ તે ખંજણ રંગ; શ્રે૦ અનીહાંરે મુનીવર મોહ તે સાચવે રે, રહી શ્રી શુભવીરને સંગ. શ્રેણી૦ ધ્રુપ૦ ૫

ચક્રેશ્વરી માતાનું સ્તવન.

સારૂં સારૂં રે સુરત શેહેર.—એ દેશી.

અલબેલી રે ચક્રેશ્વરી માત, જોવાને જઇએ; જસ સોવનવર્ણી ગાત્ર, જોવાને જ-

ઇએ, હાં રે જસ ઇંદ્ર કરે બહુમાન, જોવા ને જઇએ. એ આંકણી. આ જોવા રે જઇએ ને પાવન થઇએ, દેખી મન ગહગહીએ રે; એક તિરથ બીજી જગદંબા, વંદીને, સંપદ લઇએ. જોવાને૦ ૧ અજુજાળી અતિ લટકાળી, મૃગપતિ વાહનવાળી રે; જિન ગુણ ગાતી લેતી તાળી, તિરથની રખવાળી. જોવાને૦ ૨ શ્રી સિદ્ધાચળ ગિરિપર રાજે, દેવ દેવી સઉ માજે રે; રંગીત જાળી ગોખ બિરાજે, ઘંટ ઘડીઆળાં વાજે. જોવાને૦ ૩ સાટડી લાલ ગુલાલ સોહાવે, પીળાં રાતાં ચરણાં રે; બહુ શોભે છે જગ જનની ને, કેસર કુમકુમ વરણાં. જોવાને૦ ૪ બાંહે બાજુબંધ બેરખા બિરાજે, કોટે નવસેરો હાર રે; કેડે કટીમેખળા રણઝણકે, હીરા ઝળકે સાર. જોવાને૦ ૫ નાકે મોતી ઉજવળ વરણાં, કંઠે નવસેરો હાર રે; રત્નજડિત દોય ઝાં-

ઝર ઝળકે, ઘુઘરીએ ઝમકાર. જોવાને૦ ૬ શ્રી સિદ્ધાચળ પુંડરગિરિપર, જયાં જગદં-બાનો વાસ રે; જે કોઇ એ તિરથને સેવે, તેની પૂરશે આશ. જોવાને૦ ૭ દેશ દેશના નાના મોટા, સંઘવી સંઘ લેઇ આવે રે; તે સહુ પહેલાં શ્રીફળ ચુંદડી, જગ જનનીને ચઢાવે. જોવાને૦ ૮ સંઘવી સંઘતણી રખેવાળી બહુ શોભા છે સારી રે; દીપવિજય કહે મંગળિક કરજો, શાસનની રખેવાળી. જો૦ ૯

શ્રી પજુષણનું સ્તવન.

પર્વ પજુષણ આવીયાં રે લાલ, કીજે ઘણું ધર્મ ધ્યાન રે; ભવિકજન. આરંભ સકલ નિવારીયે રે લાલ, જીવા દીજે અ-ભયદાન રે. ભ૦ પર્વ૦ ૧ સઘળા માસમાં માસવડો રે લાલ, ભાદ્રવમાસ સુમાસ રે; ભ૦ તેહમાં આઠ દીન રૂઅડા રે લાલ, કીજે સુકૃત ઉલ્લાસ રે. ભ૦ પર્વ૦ ૨ ખાં

ડણુ પીસણુ ગારનાં રે લાલ, નાવણુ ધોવ-
ણુ જેહ રે; ભ૦ એવા આરંભને ટાળીએ
રે લાલ; વંછો સુખ અછેહ રે. ભ૦ પર્વ૦
૩ પુસ્તક વાસીને રાખીએ રે લાલ, ઓ-
ચ્છવ કરીએ અનેક રે; ભ૦ ઘર આરૂ વિ-
ત્તાવરો રે લાલ, હઈડે આણી વિવેક રે.
ભ૦ પર્વ૦ ૪ પૂજી અર્ચીને આણીએ રે
લાલ, સદ્ગુરૂની પાસ રે; ભ૦ ઢોલ દદા-
મણ ફેરિયા રે લાલ, મંગળિક ગાવો ભાસ
રે. ભ૦ પર્વ૦ ૫ શ્રીફળ સરસ સોપારીયો
રે લાલ, દીજે સ્વામીને હાથ રે, ભ૦
લાભ અનંતા બતાવીઆ રે લાલ, શ્રીમુખ
ત્રિભુવન નાથ રે. ભ૦ પર્વ૦ ૬ નવ વાં-
ચના શ્રી સૂત્રની રે લાલ, સાંભળો શુદ્ધ
ભાવ રે; ભ૦ સ્વામિવત્સળ કીજીએ રે
લાલ, ભવજળ તરવા નાવ રે. ભ૦ પર્વ૦
૭ ચિત્તે ચૈત્ય જુહારીએ રે લાલ, પૂજા સ
ત્તર પ્રકાર રે; ભ૦ અંગપૂજા સદ્ગુરૂતણી

રે લાલ, કીજીએ હરખ અપાર રે. ભ૦ પર્વ૦ ૮ જીવ અમાર પળાવીએ રે લાલ તેહથી શિવસુખ હોય રે; ભ૦ દાન સંવત્સરી દીજીએ રે લાલ, ઇણુ સમો પર્વ ન કોઇ રે. ભ૦ પર્વ૦ ૯ કાઉસ્સગ્ગ કરી સાંભળો રે લાલ, આગમ આપણે કાન રે; છઠ્ઠ અઠ્ઠમ તપશા કરો રે લાલ, કીજે ઉજવળ ધ્યાન રે. ભ૦ પર્વ૦ ૧૦ ઇણવિધ આરાધશે રે લાલ, લેશે સુખની કોડ રે; ભ૦ મુક્તિમંદિરમાં મ્હાલશે રે લાલ, મુનિ હંસ નમે કરજોડ રે. ભ૦ પર્વ૦ ૧૧

દિવાળીનું સ્તવન.

મારે દિવાળી રે થઇ આજ, પ્રભુ મુખ જોવાને; સર્યાં સર્યાં રે સેવકનાં કાજ, ભવ દુઃખ ખોવાને. ટેક. મહાવીરસ્વામી મુગતે પહોંત્યા; ગૌતમ કેવળજ્ઞાન રે; ધન અમાવાસ્યા દીવાળી મારે, વિરપ્રભુ નિરવાણ.

જિન૦ ૧ ચારિત્ર પાળ્યા નિરમળાને, ટાળ્યા વિષય કષાય રે; એવા મુનિને વંદીએ તો, ઉતારે ભવપાર. જિન૦ ૨ બાકુળ વોર્યા વીરજીને, તારી ચંદનબાળા રે; કેવળ લઇ પ્રભુ મુગતે પહોત્યા, પામ્યા ભવનો પાર. જિન૦ ૩ એવા મુનિને વંદીએ જે, પંચ જ્ઞાને ધરતા રે; સમવસરણ દેઇ દેશના રે, પ્રભુ તાર્યા નર ને નાર. જિન૦ ૪ ચોવીસમા જિનેશ્વરને, મુગતિતણા દાતાર રે; કર જોડી કવિ એમ ભણે રે, મ્હારો દુનિઆ ફેરો ટાળ. જિન૦ ૫

દિવાળીનું સ્તવન.

વાલાજીની વાટડી અમે જોતા રે.—એ દેશી.

જય જિનવર જગ હિત્તકારી રે, કરે શેવા સુર અવતારી રે; ગોતમ પમુહા ગણધારી, સનેહિ વીરજી જયકારી રે. ૧ અંતરંગ રિપુને ત્રાસે રે, તપ કોપા ટાપે નિ-

વાસે રે; લહ્યું કેવળનાણુ ઉલ્લાસે. સનેહિ૦ ૨ કટીલંકે વાહ વદાય રે, પણ જિન સાથે ન વદાય રે; તિણે હરિલંછન પ્રભુ પાય. સનેહિ૦ ૩ સવિ સુર વહુ થેઇ થેઇકારા રે, જળપંકજની પેરે ન્યારા રે, તજી તૃષ્ણા ભોગ વિકારા. સનેહિ૦ ૪ પ્રભુ દેશના અમૃતધારા રે, જૈનધર્મ વિષે રથકારા રે; જેણે તાર્યા મેઘકુમારા. સનેહિ૦ ૫ ગોતમને કેવળ આલી રે, વર્યા ઘાતીએ શિવ વરમાળી રે; કરે ઉત્તમ લોક દીવાળી. સનેહિ૦ ૬ અંતરંગ અલછી નિવારી રે, શુભ સજજનને ઉપગારી રે; કહે વીર વિભુ હિતકારી. સનેહિ૦ ૭

પાંચમનું સ્તવન.

પંચમી તપ તમે કરો રે પ્રાણી, જેમ પામો નિર્મળ જ્ઞાન રે; પહેલું જ્ઞાન ને પછી ક્રિયા, નહીં કોઈ જ્ઞાન સમાન રે. પં-

ચમી૦ ૧ નંદીસૂત્રમાં જ્ઞાન વખાણ્યું. જ્ઞાનના પાંચ પ્રકાર રે; મતિ શ્રુત અવધિ ને મનઃપર્યવ, કેવળ એ ઉદાર રે. પંચમી૦ ૨ મતિ અઠ્ઠાવીશ શ્રુતિ ચઉદહ, વીસ અવધિ છે અસંખ્ય પ્રકાર રે; દોય ભેદ મનઃપર્યવ દાખ્યું, કેવળ એક ઉદાર રે, પંચમી૦ ૩ ચંદ્ર સૂર્ય ગ્રહ નક્ષત્ર તારા, એકથી એક અપાર રે; કેવળજ્ઞાન સમું નહીં કોઇ, લોકાલોક પ્રકાશ રે. પંચમી૦ ૪ પાર્શ્વનાથ પ્રસાદ કરીને, મ્હારી પૂરો ઉમેદ રે, સમયસુંદર કહે હું પણ પ્રણમું, જ્ઞાનનો પાંચમો ભેદ રે. પંચમી૦ ૫

આઠમનું સ્તવન.

હાં રે મારે ઠામ ધરમના સાડા પચવીશ દેશજો, દીપે રે ત્યાં દેશ મગધ સહુમાં શિરે રે લોલ; હાં રે મારે નયરી તેમાં રાજગૃહિ સુવિશેષજો, રાજે રે ત્યાં શ્રે

ણિક ગાજે ગજ પરે રે લોલ. ૧ હાં રે મારે ગામ નગર પુર પાવન કરતા નાથજો, વિચરંતાં તિહાં આવી વીર સમોસર્યા રે લોલ; હાં રે મારે ચૌદસહસ મુનિવરના સાથે સાથ જો, સુધારે તપ સંયમ શિયળે અલંકર્યા રે લોલ. હાં રે મારે ફુલ્યા રસ ભર ઝુલ્યા અંબ કદંબજો, જાણું રે ગુણ શીલ વન હસિ રોમંચિઓ રે લોલ; હાં રે મારે વાયા વાય સુવાય તિહાં અવિલંબ જો, વાસે રે પરિમલ ચિહું પાસે સંચિઓ રે લોલ. ૩ હાં રે મારે દેવ ચતુર્વિધ આવે કોડાકોડજો, ત્રિગડું રે મણિ હેમ રત્નનું તે રચે રે લોલ; હાં રે મારે ચોસઠ સુરપતિ સેવે હોડાહોડજો, આગે રે રસ લાગે ઇંદ્રાણી નચે રે લોલ. ૪ હાં રે મારે મણિમય હેમ સિંહાસન બેઠા આપ જો, ઢાળે રે સુર ચામર મણિ રત્ને જડયા રે લોલ; હાં રે મારે સુણતાં દુંદુભિ નાદ

રંગે રુચિ પાયજો, વરસે રે સુર કુસુમ રા-
ઘસ જાણુ આમાં રે લોલ. ૫ હાં રે મારે
તાજે તેજે ગાજે ઘન જેમ ગુંબજો, રાજે
રે જિનરાજ સમાજે ધર્મને રે લોલ; હાં
રે મારે નિરખી હરખી આવે જન મન
ગુંબજો, પીવે રે રસ ન પડે થાપે ભમ-
માં રે લોલ. ૬ હાં રે મારે આગમ જાણી
જિનનો શ્રેણિકરાયજો, આવ્યો રે પરિવ-
રિયો હય ગય રથ પાયગે રે લોલ; હાં રે
મારે દેઇ પ્રદક્ષિણા વંદી બેઠો ઠાયજો, સુ-
ણવા રે જિનવાણી મોટે ભાગ્યે રે લોલ.
૭ હાં રે મારે ત્રિભુવન નાયક લાયક તવ
ભગવંતજો, આણી રે જન કરૂણા ધર્મક-
થા કહે રે લોલ; હાં રે મારે સહજ વિ-
રોધ વિસારી જગના જંતજો; સુણવા રે
જિનવાણી મનમાં ગહગહે રે લોલ. ૮

એકાદશીનું સ્તવન.

જગપતિ નાયક નેમિ જિણંદ, દ્વારિકા નગરી સમોસર્યા, જગપતિ વંદવા કૃષ્ણ નરિંદ, જાદવ કોડશું પરિવર્યા. १ જગપતિ ધીગુણ ફુલ અમુલ, ભક્તિ ગુણે માળા રચી; જગપતિ પૂજી પૂજે કૃષ્ણ ક્ષાયિક સમકિત શિવરૂચી. २ જગપતિ ચારિત્ર ધર્મ અશક્ત, રક્ત આરંભ પરિગ્રહે; જગપતિ મુજ આતમ ઉદ્ધાર, કારણ તુમ વિણ કોણ કહે. ૩ જગપતિ તુમ સરિખો મુજ નાથ, માથે ગાજે ગુણ નીલો; જગપતિ કોઇ ઉપાય બતાવ, જેમ કરે શિવવધુ કંતલો. ૪ નરપતિ ઉજ્જવલ માગશિર માસ આરાધો એકાદશી; નરપતિ એકસોને પંચાસ, કલ્યાણક તિથિ ઉલ્લસી. ૫ નરપતિ દશ ક્ષેત્રે ત્રણ કાળ, ચોવીશી ત્રીશે મળી; નરપતિ નેવું જિનનાં કલ્યાણ, વિવરી ક-

હું આગળ વરી, ૬ નરપતિ અર દિક્ષા નમિ નાણ, મલ્લી જન્મ વ્રત કેવળી; નરપતિ વર્ત્તમાન ચોવીશીમાંહે, કલ્યાણક આવલી. ૭ નરપતિ મોનપણે ઉપવાસ, દોઢશો જપમાળા ગણો; નરપતિ મન વચ કાયા પવિત્ર, ચરિત્ર સુણો સુવ્રતતણો. ૮ નરપતિ દાહિણ ધાતકીખંડ, પશ્ચિમદિશિ ઈક્ષુકારથી; નરપત્તિ વિજયપાટણ અભિધાન, સાચો નૃપ પ્રજાપાળથી. ૯ નરપતિ નારી ચંદ્રાવતી તાસ, ચંદ્રમુખી ગજગામિની; નરપતિ શ્રેષ્ઠી શુર વિખ્યાત, શીયલ સલીલા કામિની. ૧૦ નરપતિ પુત્રાદિક પરિવાર, સાર ભૂષણ ચીવર ધરી; નરપતિ જાયે નિત્ય જિન ગેહ, નમન સ્તવન પૂજા કરે. ૧૧ નરપતિ પોષે પાત્ર સુપાત્ર, સામાયિક પોષધ વરે; નરપતિ દેવ વંદન આવશ્યક કાળ વેળાએ અનુસરે. ૧૨

કાયા અને જીવનો સંવાદ.

ખમાચ—કાફી.

ચેતે તો ચેતાવું તને રે, પામર પ્રાણી.

એ દેશી.

કાયા જીવને કહે છે રે ઓ પ્રાણપતી, લાડ તો લડાવ્યાં સારાં; કદી ન કર્યા હું-કારા, આજ તો રીસાણા પ્યારા રે. ઓ પ્રાણ૦ ૧ ભેળા બેશીને જમાડી, બાગ બગીચાને વાડી, ફેરવી બેસાડી ગાડી રે. ઓ પ્રાણ૦ ૨ અત્તર ફુલેલ ચોળી, કેસર કસુંબા ઘોળી; રમ્યા રંગ રસ રોળી રે. ઓ પ્રાણ૦ ૩ શણગાર તો સજાવી, આ-ભુષણોને પહેરાવી; મોજ મનને કરાવી રે. ઓ પ્રાણ૦ ૪ રોજ તો હસીને રહેતા, પાણી સાટે દુધ દેતા, આજ મૌન ધારી બેઠા રે. ઓ પ્રાણ૦ ૫ સુજનની એવી રી-તી, જેની સાથે કરે પ્રીતી, વગડે ન મૂકે

રોતી રે. ઓ પ્રાણ૦ ૬ કરૂં શું હું કાલા-વાલા, મુજને ન મુકો વહાલા; સાથે રાખો ને છોગાળા રે. ઓ પ્રાણ૦ ૭

જીવ અને કાયાનો સંવાદ.

ચેતે તો ચેતાવું તને રે, પામર પ્રાણી.
એ દેશી.

જીવ કાયાને સુણાવે રે, ઓ કાયા ભોળી; કાયા તું કામણગારી; પાસમાં પડયો હું તારી, પ્રભુને મુકયા વિસારી રે. ઓ કાયા૦ ૧ તારી સાથે પ્રીતી કરી, જરી ન બેઠો હું ઠરી, પાપની મેં પોઠ ભરી રે. ઓ કાયા૦ ૨ ઘણીવાર સમજાવી, હઠીલી ન સાન આવી; મુજને દીઓ ડુબાવી રે. ઓ કાયા૦ ૩ નીતીનો પ્રવાહ તોડયો, અનીતિનો પંથ જોડયો; સજ્જનનો સંગ છોડયો રે. ઓ કાયા૦ ૪ સદ્ગુણને નિવાર્યા, દુર્ગુણને વધાર્યા, કથન ન કાન

થાયા રે. એ કાયા૦ ૫ આતમા હું ચિદા-
નંદી, કાયા તું દીસે છે ગંદી; તારી સંગે
રહ્યા મંદી રે. એ કાયા૦ ૬ સોબતે અ-
સાર આવે, લસણનો સંગ થાવે; કસ્તુરી
સુગંધ જાવે રે. એ કાયા૦ ૭ બગડયો હું
તારી સંગે, રમ્યો પરરામા રંગે; કુડાં કૃત્ય
કીધાં અંગે રે. એ કાયા૦ ૮ પારકી થા-
પણ રાખી, આળ ઓર શીર નાંખી; જુ
ઠી એ તો પુરી સાખી રે. એ કાયા૦ ૯
પ્રાણ પાંજરામાં પ્યારી, રહ્યા છું કરાર
ધારી; કાયા નાવે કોઇ લ્હારી રે. એ કા-
યા૦ ૧૦ મારો છેરો છોડો કાયા, કારમી
લગાડો માયા; તારાથી ભોળા ઠગાયા રેઃ
એ કાયા૦ ૧૧ કાયાની માયાને છોડી, શુ
કરાજ ગયા ઉડી; પ્રાણ પીંજરાને ત્રોડીરે.
એ કાયા૦ ૧૨ અનિતિના કામ તજો, નિં
દા તજી પ્રભુ ભજો; સાંકળાની શીખ સ-
જો રે. એ કાયા૦ ૧૩

સ્તવન.

પીલુ ધનાશ્રી.

તાતનો ભરૂસો નથી રે.—એ દેશી.

તનનો ભરૂસો નથી રે, ચેતન તારા તનનો ભરૂસો નથી રે; ચંચળ જળ કલ્લોલ આવરદા, પ્રેગટ રહ્યા મથી રે. ચેતન૦ ૧ જન્મ્યો જે નર જગતમાં, તે નિશ્ચય મરનાર; આશા ઉમ્મર જેવડી, તૃષ્ણાનો નહીં પાર. તનનો૦ ૨ છત્રપતિ લખપતિ ગયા, ગયા નૃપતિ કૈ લાખ; જરા કુકે જન ફાટતા, બાળી કીધા રાખ. તનનો૦ ૩ ખમા ખમા પરિજન કરે, રાવણ સમ અભિમાન; નામદાર નર વહી ગયા, ઠામ ઠર્યા શમશાન. તનનો૦ ૪ પરિગૃહના આરંભથી, કર્યા કુકર્મ અપાર; પાપે પૈસા મેળવી, થયો શ્રેષ્ઠ સાહુકાર. તનનો૦ ૫ લોક ભણે લખપતિ થયો, પણ શું પામ્યો બોલ; તુજ

સાથે શું આવશે, તપાસ તારો એજ. તનનો૦ ૬ નિજ હાથે જે વાવરે, તે પોતાનું થાય; પછી વધારો જે વધે, માલીક ઓર ગણાય. તનનો૦ ૭ મધપુડો માખી રચે, દાન ન દીધું પાન; લુટનારો લુંટી ગયો, ઘશી પગ ખોયા પ્રાણ. તનનો૦ ૮ હજી વખત છે હાથમાં, કર શુભ સુકૃત કામ; પરમારથ પ્રીતે કરી, કરો અમર નિજ કામ. તનનો૦ ૯ ભવ નાટકના ભવનમાં, ભજવ્યા વિધવિધ વેષ; રાય રંક ખગ પશુ બન્યો, લહ્યો ન તત્વ પ્રવેશ. તનનો૦ ૧૦ આતમ અર્પો નિર્મળો, પ્રભુ ચરણે ચિત્ત લાય; તાપ મટે જીન જાપથી, સકળ મહોદય થાય. તનનો૦ ૧૧

સ્તવન.

ઝીંઝોટી.

ભોજા ભગતના ચાબખાની દેશી.

મુરખો ગાડી દેખી મલકાવે, ઉમર તા-

રી રેલગાડી પણ જાત; સંસારરૂપી ગાડી બનાવી, રાગ દ્વેષ દો પાટા; દેહ ડબાને પલ પલ પૈડાં, તેમ ફરે આવખાના આંટા રે. મુ૦ ૧ કરમ અંજીનમાં કષાય અગ્નિ, વિષ વાયુ માંહે ભરીયું; તૃષ્ણાનું ભુંગળું આગળ કરીયું, ત્યારે ગતિ માંહે ફરીયું રે. મુસાફરો૦ ૨ પ્રેમ રૂપી આંકડા વળગાડયા, ડબે ડબા જોડયા ભાઇ; પૂરવ ભવની ખરચી લઇને, ચેતન બેસારૂ બેઠા માંહી રે. મુસાફરો૦ ૩ કોઇએ ટીકીટ લીધી નર્ક તીર્યંચની, કોઇએ લીધી મનુષ્ય દેવ; કોઇએ ટીકીટ લીધી સિદ્ધ ગતિની, પામ્યા અમૃત મેવા રે. મુસાફરો૦ ૪ ઘડી ઘડી ઘડીયાળો વાગે, નીસિદીન એમ વહી જાવે; વાગે સીટીને ઉપડે ગાડી, આડા અવળા માઇલ આવે રે. મુસાફરો૦ ૫ આયુષ્ય રૂપી આવ્યું સ્ટેશન, હંતલા તે હાલું હાલું થાય; પાપ ભરી પાકીટ લઇ જાતા,

કાળ કોટવાળ ત્યાં આવે રે. સુરખો૦ ૬ કાળી નરકમાં જમરાય પાસે, જઈને સોંપ્યો તત્કાળે; આરંભ કરીને આવ્યો પરોણો તેને, કુંભી રે પાકમાં ઘાલ્યો રે. સુ૦ ૭ લાખ ચોરાશી જીવા યોનીમાં, જીવડો તે ફરી ફરી આવે; સદગુરૂ શીખ જે ધર્મ આરાધે, તો પામે મુક્તિ દુવારે રે. સુ૦ ૮ સને અઢારસેં છાસીના વર્ષે, આતમ ધ્યાન લગાઈ; ગોપાળ ગુરૂના પુણ્ય પસાયથી, મોહને આગગાડી ગાઈ રે. સુ૦ ૯

ચેતવણીરૂપ ચાબખો.

રાગ ભૈરવી.

ભૂલ્યો શું ભોંય પથારી, પડવું છે પાય પસારી. એ ટેક. બારે ભુવન ચણાવ્યાં ઉંચાં, અગણિત ગોખ અટારી; વાળાની તટીઓમાં છાંટયાં, સ્વચ્છ સુગંધી વારી રે. ભૂલ્યો૦ ૧ ગાદી તકીઆ છત્ર પલંગે, સૂઈ રહ્યા શણગારી; પવનગણા વાતે છે

પંખા, પાય તલાંસે પ્યારી રે. ભૂલ્યો૦ ૨ ચંદન પુષ્પ અરગજા અત્તર, શીતળ જળની ઝારી; ખાશાં ખાનપાનની ખાંતે, રોજ કરે તૈયારીરે. ભૂલ્યો૦ ૩ ભોગવિલાસ વિષે સુખસીમા, ધન યોવનથી ધારી; ભુન બગીમાં પ્રમદા સાથે, ખાય હવા પરવારી રે. ભૂલ્યો૦ ૪ બાગ બગીચામાં બહુ રીઝયો, નચવી નકટી નારી; દયા ધર્મ કે દાન ન દીધાં, પુંજી ગઈ પરબારી રે. ભૂલ્યો૦ ૫ પુત્ર કલત્ર મિત્ર મમતાએ, મારી મોહ કટારી; દુઃખદ કામ ક્રોધ લોભને, તું સમજ્યો સુખકારી રે. ભૂલ્યો૦ ૬ ઠાઠ બધો અહીંઆં રહી જાશે, સાથે ન આવે તારી; અંતે તે સર્વે મૃગજલ છે, ખોટી મેલ ખુમારી રે. ભૂલ્યો૦ ૭ શમ દમ સાધન સાધ્ય વિવેકે, કર સંગતિ અતિ સારી; અરિહંત ગુણ અંતર સંઘરી લે, વસમી વાટ વિચારી રે. ભૂલ્યો૦ ૮

ભાગ ૩ જો.

આનંદઘનજીકૃત સ્તવનો.

શ્રી ઋષભનાથજીનું સ્તવન.

રાગ મારૂ.

કર્મ પરીક્ષા કરણ કુંવર ચાલ્યો.—એ દેશી.

ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો રે,
ઓર ન ચાહું રે કંત;
રીઝ્યો સાહિબ સંગ ન પરિહરે રે,
ભાંગે સાદી અનંત. ઋ૦ ૧
પ્રીત સગાઇ રે જગમાં સહુ કરે રે,
પ્રીત સગાઇ ન કોય;
પ્રીત સગાઈ રે નિરૂપાધિક કહી રે,
સોપાધિક ધન ખોય. ઋ૦ ૨
કોઇ કંત કારણ કાષ્ટભક્ષણ કરે રે,
મિળશું કંતને ધાય;

એ મેળો નવિ કહીયેં સંભવે રે,
મેળો ઠામ ન ઠાય. ૠ૦ ૩
કોઇ પતિરંજન અતિ ઘણો તપ કરે રે,
પતિરંજન તન તાપ;
એ પતિરંજન મેં નવિ ચિત ધર્યું રે,
રંજન ધાતુ મેલાપ. ૠ૦ ૪
કોઈ કહે લીલા રે અલખ અલખતણી રે,
લખ પૂરે મન આશ;
દોષ રહિતને લીલા નવિ ઘટે રે,
લીલા દોષ વિલાસ. ૠ૦ ૫
ચિત્ત પ્રસન્ને રે પૂજન ફળ કહ્યું રે,
પૂજ અખંડિત એહ;
કપટ રહિત થઇ આતમ અરપણા રે,
આનંદઘન પદ રેહ. ૠ૦ ૬

શ્રી અજિતનાથનું સ્તવન.

રાગ આશાઉરી.—મારૂં મન મોહ્યું રે
શ્રી વિમલાચળે રે.—એ દેશી.

પંથડો નિહાળું રે બીજા જિનતણો રે,

અજિત અજિત ગુણ ધામ;
જે તેં જીત્યા રે તિણેં હું જીતિયો રે,
પુરૂષ કિશું મુજ નામ. પં૦ ૧
ચરમ નયણ કરિ મારગ જોવતાં રે,
ભૂલ્યો સયલ સંસાર;
જેણે નયણે કરિ મારગ જોઇયેં રે,
નયણ તે દિવ્ય વિચાર. પં૦ ૨
પુરૂષ પરંપર અનુભવ જોવતાં રે,
અંધો અંધ પુલાય;
વસ્તુ વિચારે રે જો આગમ કરી રે;
ચરણ ધરણ નહી ઠાય. પં૦ ૩
તર્ક વિચારે રે વાદ પરંપરા રે,
પાર ન પોંહચે કોય;
અભિમત વસ્તુ રે વસ્તુગતેં કહે રે,
તે વિરલા જગ જોય, પં૦ ૪
વસ્તુવિચારે દિવ્ય નયણતણો રે;
વિરહ પડયો નિરધાર;

તરતમજોગે રે તરતમ વાસના રે,
વાસિત બોધ આધાર. પં૦ ૫
કાળલબ્ધિ લહી પંથ નિહાળશું રે,
એ આશા અવલંબ;
એ જન જીવે રે જિનજી જાણજ્યો રે,
આનંદઘન મતઅંબ. પં૦ ૬

શ્રી સંભવનાથજીનું સ્તવન.

રાગ રામગિરી—રાતડી રમીને કિ-
હાંથી આવીયા રે.—એ દેશી.

સંભવદેવ તે ધુર સેવો સવે રે,
લહી પ્રભુસેવન ભેદ;
સેવનકારણ પહિલી ભૂમિકા રે,
અભય અદ્વેષ અખેદ. સં૦ ૧
ભય ચંચલતા હો જે પરણામની રે,
દ્વેષ અરોચક ભાવ;
ખેદ પ્રવૃતિ હો કરતાં થાકીયે રે,
દોષ અબોધિ લખાવ. સં૦ ૨

ચર્માવર્ત્તન હો ચરમ કરણ તથા રે,
ભવ પરિણતિ પરિપાક,
દોષ ટળે વળિ દૃષ્ટિ ખુલે ભલી રે,
પ્રાપ્તિ પ્રવચન વાક. સં૦ ૩
પરિચય પાતક હો ઘાતક સાધુશું રે,
અકુસલ અપચય ચેત;
ગ્રંથ અધ્યાતમ શ્રવણ મનન કરી રે,
પરિસીલન નય હેત. સં૦ ૪
કારણ જોગે હો કારજ નીપજે રે,
એહમાં કોઈ ન વાદ;
પિણ કારણ વિણ કારજ સાધીયેં રે,
તે નિજ મત ઉનમાદ. સં૦ ૫
મુગ્ધ સુગમ કરિ સેવન આદરે રે,
સેવન અગમ અનૂપ;
દેજો કદાચિત સેવક યાચના રે,
આનંદઘન રસરૂપ. સં૦ ૬

અભિનંદનસ્વામીનું સ્તવન.

રાગ ધન્યાશ્રી સીંધુઓ.

આજ નિહેજો રે દીસે નાહલો.—એ દેશી.

અભિનંદન જિન દરશણ તરસીયે,
દરશણ દુરલભ દેવ;
મતમત ભેદ રે જો જઈ પૂછીયે,
સહુ થાપે અહમેવ. અ૦ ૧
સામાન્યે કરી દરિશણ દોહિલું,
નિરણય સકળ વિશેષ;
મદમેં ઘેર્યો રે અંધો કિમ કરે,
રવિ શશિરૂપ વિલેખ. અ૦ ૨
હેતુ વિવાદ હો ચિત્ત ધરિ જોઇયે,
અતિ દુરગમ નયવાદ;
આગમવાદે હો ગુરૂગમ કો નહી,
એ સબળો વિષવાદ. અ૦ ૩
ઘાતી ડુંગર આડા અતિ ઘણા,
તુજ દરશણ જગનાથ;

ધીઠાઈ કરિ મારગ સંચરૂં,
સેંગૂ કોઈ ન સાથ. અ૦ ૪
દરશણ દરશણ રટતો જો ફિરૂં,
તો રણ રોઝ સમાન;
જેહને પિપાસા હો અમૃત પાનની,
કિમ ભાંજે વિષ પાન. અ૦ ૫
તરસન આવે હો મરણ જીવનતણો,
સીઝે જો દરશણ કાજ;
દરશણ દુરલભ સુલભ કૃપા થકી,
આનંદઘન મહારાજ. અ૦ ૬

શ્રી સુમતિજિન સ્તવન.

રાગ વસંત કેદારો.

સુમતિ ચરણકજ આતમ અરપણા,
દરપણ જિમ અવિકાર; સુગ્યાની૦
મતિતરપણ બહુ સમ્મત જાણીયે,
પરિસરપણ સુવિચાર, સુગ્યાની૦ સુ૦ ૧
ત્રિવિધ સકળ તનું ધરગત આતમા,

બહિરાતમ ધુરી ભેદ; સુગ્યાની૦
બીજો અંતરઆતમ તીસરો.
પરમાતમ અવછેદ સુગ્યાની૦ સુ૦ ૨
આતમબુદ્ધે હો કાયાદિક ગ્રહ્યો,
બહિરાતમ અઘરૂપ; સુગ્યાની૦
કાયાદિકનો હો સાખી ધર રહ્યો,
અંતર આતમ રૂપ. સુગ્યાની૦ સુ૦ ૩
જ્ઞાનાનંદે હો પૂરણ પાવનો,
વરજિત સકળ ઉપાધ; સુગ્યાની૦
અતિંદ્રિય ગુણ ગણ મણિ આગરૂ,
ઇમ પરમાતમ સાધ. સુગ્યાની૦ સુ૦ ૪
બહિરાતમ તજિ અંતર આતમા,
રૂપ થઇ થિરભાવ; સુગ્યાની૦
પરમાતમનું હો આતમ ભાવવું,
આતમ અરપણ દાવ. સુગ્યાની૦ સુ૦ ૫
આતમ અરપણ વસ્તુ વિચારતાં,
ભરમ ટળે મતિ દોષ; સુગ્યાની૦
પરમ પદારથ સંપતિ સંપજે,

આનંદઘન રસપોષ. સુગ્યાની૦ સુ૦ ૬

શ્રી પદ્મપ્રભુજિન સ્તવન.

રાગ મારૂ તથા સિંધુ—ચાંદલીયા સંદેશા કહેજે મારા કંતને રે.—એ દેશી.

પદ્મપ્રભુજિન તુજ મુજ આંતરૂ રે,
કિમ ભાજે ભગવંત;
કરમવિપાકેં કારણ જોયને રે,
કોય કહે મતિમંત. પદ્મ૦ ૧
પયડ ઠિઇ અણુભાગ પ્રદેશથી રે,
મૂળ ઉત્તર બિહુ ભેદ;
ઘાતિ અઘાતી હો બંધુદય દીરણા રે;
સત્તા કરમ વિછેદ. પદ્મ૦ ૨
કનકો પલવત્ પયડી પુરૂષતણી રે,
જોડી અનાદિ સ્વભાવ;
અન્ય સંયોગી જિહાં લગેં આતમા રે,
સંસારી કહેવાય. પદ્મ૦ ૩
કારણ [illegible]ગેં હો [illegible] [illegible] રે,

કારણ મુગતિ મૂકાય,
આશ્રવ સંવર નામ અનુક્રમે રે,
હેયોપાદેય સુણાય. પદ્મ૦ ૪
યુંજનકરણે હો અંતર તુજ પડ્યો રે,
ગુણ કરણે કરિ ભંગ;
ગ્રંથયુક્તિ કરિ પંડિતજન કહ્યો રે,
અંતરભંગ સુઅંગ. પદ્મ૦ ૫
તુજ મુજ અંતર અંતર ભાજશે રે,
વાજશે મંગળતૂર;
જીવ સરોવર અતિશય વાધશે રે,
આનંદઘન રસપૂર. પદ્મ૦ ૬

શ્રી સુપાસજિન સ્તવન

દેશી લલનાંની.

શ્રી સુપાસજિન વંદીયે,
સુખ સંપતિને હેતુ લલનાં;
શાંત સુધારસ જલનિધિ,
ભવસાગરમાંહે સેતુ લલના. શ્રી૦ ૧

સાત મહાભય ટાળતો,
સપ્તમ જિનવરદેવ; લ૦
સાવધાન મનસા કરી,
ધારો જિનપદ સેવ. લ૦ શ્રી૦ ૨
શિવ શંકર જગદિશ્વરૂ,
ચિદાનંદ ભગવાન, લ૦
જિન અરિહા તિર્થંકરૂ,
જ્યોતિસરૂપ અસમાન. લ૦ શ્રી૦ ૩
અલખ નિરંજન વચ્છલુ,
સકળજંતુ વિસરામ; લ૦
અભયદાન દાતા સદા,
પૂરણ આતમરામ. લ૦ શ્રી૦ ૪
વિતરાગ મદ કલ્પના,
રતિ અરતિ ભય શોગ; લ૦
નિંદ્રા તંદ્રા દુરદશા,
રહિત અબાધિત યોગ. લ૦ શ્રી૦ ૫
પરમપુરૂષ પરમાતમા,
પરમેશ્વર પરધાન; લ૦

પરમ પદારથ પરમિષ્ટી,
પરમદેવ વર માન. લ૦ શ્રી૦ ૬
વિધિ વિરંચિ વિશ્વંભરૂ,
રૂષીકેશ જગનાથ, લ૦
અઘહર અઘમોચન ધણી,
મુક્ત પરમપદ સાથ. લ૦ શ્રી૦ ૭
ઈમ અનેક અભિધા ધરે,
અનુભવ ગમ્ય વિચાર; લ૦
જે જાણે તેહને કરે,
આનંદઘન અવતાર. લ૦ શ્રી૦ ૮

શ્રી ચંદ્રપ્રભુજિન સ્તવન.

રાગ કેદારો ગોડી.—કુમરી રોવે આ-
ક્રંદ કરે મુને કોઈ મુકાવે.—એ દેશી.

ચંદ્રપ્રભુ મુખચંદ્ર, સખી મુને દેખણ દે,
ઉપસમરસનો કંદ; સ૦
સેવે સુરનર વૃંદ, સ૦
ગત કલિમલ દુઃખદંદ. સ૦ ૧

સુહુમ નિગોદ ન દેખીયો, સ૦
બાદર અતિહિં વિશેષ; સ૦
પુઢવી આઉ ન લેખીઆ, સ૦
તેઉ વાઉ ન લેશ. સ૦ ૨
બનસપતિ અતિ ઘણુ દીહા, સ૦
દીઠા નહીય દીદાર; સ૦
બિ તિ ચઉરિંદ્રિ જળ લીહા, સ૦
ગત સન્નીપણ ધાર. સ૦ ૩
સુર તિરિ નરય નિવાસમાં, સ૦
મનુજ અનારજ સાથ; સ૦
અપજત્તા પ્રતિભાસમાં, સ૦
ચતુર ન ચઢીયો હાથ. સ૦ ૪
ઇમ અનેક થલ જાણીયે, સ૦
દરિશણ વિણ જિન દેવ; સ૦
આગમથી મતિ આણીયે, સ૦
કીજે નિરમલ સેવ. સ૦ ૫
નિર્ગ્રંથ સાધુ ભગતિ લહી, સ૦
યોગ અવંચક હોય; સ૦

કિરિયા અવંચક તિમ સહી, સ૦
ફળ અવંચક જોય. સ૦ ૬
પ્રેરક અવસર જિનવરૂ, સ૦
મોહનીય ક્ષય થાય; સ૦
કામિત પૂરણ સુરતરૂ, સ૦
આનંદઘન પ્રભુ પાય. સ૦ ૭

શ્રી સુવિધિનાથજિન સ્તવન.

રાગ કેદારો.

ઇમ ધનો ધનને પરચાવે.—એ દેશી.

સુવિધિ જિણેસર પાય નમીને,
શુભકરણી ઇમ કીજે રે;
અતિઘણુ ઉલટ અંગ ધરીને,
પ્રહ ઉઠી પૂજીજે રે. સુ૦ ૧
દ્રવ્ય ભાવ સૂચીભાવ ધરીને,
હરખે દેહરે જઇયે રે;
દહ તિગ પણ અહિગમ સાચવતાં,
એકમના ધુરિ થઇયે રે. સુ૦ ૨

કુસુમ અક્ષત વર વાસ સુગંધો,
ધુપ દીપ મન સાખી રે;
અંગપૂજા પણ ભેદ સુણી ઇમ,
ગુરૂ મુખ આગમ ભાખી રે. સુ૦ ૩
એહનું ફળ હોય ભેદ સુણીજે,
અનંતરને પરંપર રે;
આણાપાલણ ચિત્તપ્રસત્તી,
મુગતિ સુગતિ સુરમંદિર રે. સુ૦ ૪
ફુલ અક્ષત વર ધુપ પઇવા,
ગંધ નૈવેદ ફલ જલ ભરી રે;
અંગ અગ્રપૂજા મિલિ અડ વિધ,
ભાવે ભવિક સુભગતિ વરીરે. સુ૦ ૫
સત્તરભેદ એકવીશ પ્રકારે,
અઠોત્તર શત ભેદે રે;
ભાવપૂજા બહુવિધ નિરધારી,
દોહગ દુરગતિ છેદે રે. સુ૦ ૬
તુરીય ભેદ પડિવત્તી પૂજા,
ઉપસમ ખીણ સંયોગી રે;

અહિહા પૂજા ઇમ ઉત્તરાધ્યયણે,
ભાખી કેવળભોગી રે. સુ૦ ૭
ઇમ પૂજા બહુ ભેદ સુણીને;
સુખદાયક શુભકરણી રે;
ભવિકજીવ કરશે તે લહિશે,
આનંદઘન પદ ધરણી રે. સુ૦ ૮

શ્રી શીતળનાથજિન સ્તવન.

રાગ ધન્યાશ્રી ગોડી.

ગુણહુ વિશાળા મંગળીકમાળા.—એ દેશી.

શીતળ જિનપતિ લલિત ત્રિભંગી,
વિવિધભંગી મનમોહે રે;
કરૂણા કોમલતા તીક્ષણતા,
ઉદાસીનતા સોહે રે. શી૦ ૧
સર્વ જંતુ હિતકરણી કરૂણા,
કર્મ વિતારણ તીક્ષણ રે;
હાંન દાન રહિત પરિણામી,
ઉદાસીનતા વીક્ષણ રે. શી૦ ૨

પરદુ:ખ છેદન ઇચ્છા કરૂણા,
તિક્ષણ પરદુ:ખ રીઝે રે;
ઉદાસીનતા ઉભર્યાવલક્ષણ,
એક ઠામેં કિમ સીઝે રે. શી૦ ૩
અભયદાન તે કરૂણામળક્ષય,
તીક્ષણતા ગુણ ભાવે રે;
પ્રેરણ વિન કૃતિ ઉદાસીનતા,
ઇમ વિરોધ મતિ નાવે રે. શી૦ ૪
શક્તિ વ્યક્તિ ત્રિભુવન પ્રભુતા,
નિગ્રંથતા સંયોગે રે;
યોગી ભોગી વક્તા મૌની,
અનુપયોગી ઉપયોગિ રે. શી૦ ૫
ઈત્યાદિક બહુ ભંગ ત્રિભંગી,
ચમતકાર ચિત દેતી રે;
અચરિજકારી ચિત્ર વિચિત્રા,
આનંદઘન પદ લેતી રે. શી૦ ૬

શ્રી શ્રેયાંસજિન સ્તવન.

રાગ ગોડી.

અહો મતવાલે સાજનાં.—એ દેશી.

શ્રી શ્રેયાંસજિન અંતરજામી,
આતમરામી નામી રે;
અધ્યાતમમત પૂરણ પામી,
સહજ મુગતિ ગતિ ગામી રે. શ્રી૦ ૧
સયલ સંસારી ઇંદ્રિયરામી,
મુનીગુણ આતમરામી રે;
મુખ્યપણે જે આતમરામી,
તે કેવળ નિઃકામી રે. શ્રી૦ ૨
નિજ સ્વરૂપે જે કિરિયા સાધે,
તે અધ્યાતમ લહિયે રે;
જે કિરિયા કાર ચઉગતિ સાધે,
તે ન અધ્યાતમ કહિયે રે. શ્રી૦ ૩
નામ અધ્યાતમ ઠવણ અધ્યાતમ,
દ્રવ્ય અધ્યાતમ છંડો રે;

ભાવ અધ્યાતમ નિજ ગુણ સાધે,
તો તેહુથી રઢિ મંડો રે. શ્રી૦ ૪
શબ્દ અધ્યાતમ અરથ સુણીને,
નિરવિકલ્પ આદરજ્યો રે;
શબ્દ અધ્યાતમ ભજના જાણી,
હાનગ્રહણ મતિ ધરજ્યો રે. શ્રી૦ ૫
અધ્યાતમ જે વસ્તુ વિચારી,
બીજા જાણ લબાસી રે;
વસ્તુગતે જે વસ્તુ પ્રકાશે,
આનંદઘન મતવાસી રે;

શ્રી વાસુપુજ્યજિન સ્તવન.

રાગ ગોડી,

તુંગીયાગિરિ શિખરે સોહે—એ દેશી.

વાસુપૂજ્યજિન ત્રિભુવનસ્વામી,
ઘનનામી પરિણામી રે;
નિરાકાર સાકાર સચેતન,
કરમ કરમફળ કામી રે. વા૦ ૧

નિરાકાર અભેદ સંગ્રાહક,
ભેદગ્રાહક સાકારો રે;
દર્શન જ્ઞાન દુ ભેદ ચેતના,
વસ્તુગ્રહણ વ્યાપારો રે. વા૦ ૨
કર્ત્તા પરિણામી પરિણામો,
કર્મ જે જીવે કરીયેં રે;
એક અનેકરૂપ નયવાદે,
નિયતેં નય અનુસરીયેં રે. વા૦ ૩
દુઃખ સુખ રૂપ કરમફળ જાણો,
નિશ્ચય એક આનંદો રે;
ચેતનતા પરિણામ ન ચુકે,
ચેતન કહે જિનચંદો રે. વા૦ ૪
પરિણામી ચેતનપરિણામો,
જ્ઞાન કરમફળ ભાવી રે;
જ્ઞાનકરમફળ ચેતન કહીયે,
લેજયો તેહ મનાવી રે. વા૦ ૫
આતમજ્ઞાની શ્રમણ કહાવે,
બીજા તો દ્રવ્યલિંગી રે;

વસ્તુગતે જે વસ્તુ પ્રકાશે,
આનંદઘન મતસંગી રે. વા૦ ૬

શ્રી વિમળનાથજિન સ્તવન.

રાગ મારૂ.

ઇડર આંબા આંબલી રે.—એ દેશી.

દુઃખ દોહગ દૂરેં ટળ્યા રે,
સુખ સંપદશું ભેટ;
ધીંગધણી માથે કિયો રે,
કુણ ગંજે નરખેટ;
વિમળજિન દિઠા લોયણ આજ,
મારા સિધ્યા વાંછિત કાજ. વિ૦ ૧
ચરણકમળ કમળા વસે રે,
નિરમળ થિરપદ દેખ;
સમળ અથિર પદ પરિહરી રે,
પંકજ પામર પેખ. વિ૦ ૨
મુજ મન તુજ પદપંકજે રે,
લીણો ગુણ મકરંદ;

રંક ગિણું મંદિર ધરા રે,
ઈંદ્ર ચંદ નાગિંદ. વિ૦ ૩
સાહિબ સમરથ તું ધણી રે,
પામ્યો પરમ ઉદાર;
મનવિસરામી વાલહો રે,
આતમચો આધાર. વિ૦ ૪
દરશણ દીઠે જિનતણો રે,
સંશય ન રહે વેધ;
દિનકર કર ભર પસરતાં રે,
અંધકાર પ્રતિષેધ. વિ૦ ૫
અમીય ભરી મૂરતિ રચી રે,
ઓપમ ન ઘટે કોય;
શાંત સુધારસ ઝીલતી રે,
નિરખિત તૃપતિ ન હોય. વિ૦ ૬
એક અરજ સેવકતણી રે,
અવધારો જિન દેવ;
કૃપા કરી મુજ દીજીયે રે,
આનંદઘન પદ સેવ. વિ૦ ૭

શ્રી અનંતનાથજિન સ્તવન.

રાગ રામગીરી.—કડખો.

ધાર તરવારની સોહિલી દોહિલી,
ચૌદમાજિનતણી ચરણસેવા;
ધારપર નાચતા દેખ બાજીગરા,
સેવના ધારપર રહે ન દેવા. ધા૦ ૧
એક કહે સેવીયે વિવિધ કિરિયા કરી,
ફળ અનેકાંત લોચન ન દેખે;
ફળ અનેકાંત કિરિયા કરી બાપડા,
રડવડે ચ્યાર ગતિમાંહિ લેખે. ધા૦ ૨
ગચ્છના ભેદ બહુ નયણ નિહાળતાં,
તત્વની વાત કરતા ન લાજે;
ઉદરભરણાદિ નિજ કાજ કરતાં થકાં,
મોહ નડિયા કળિકાળરાજે. ધા૦ ૩
વચન નિરપેક્ષ વ્યવહાર જુઠો કહ્યો,
વચન સાપેક્ષ વ્યવહાર સાચો;
વચનનિરપેક્ષ વ્યવહાર સંસારફળ,

સાંભળી આદરી કાંઈ રાચો. ધા૦ ૪
દેવ ગુરૂ ધર્મની શુદ્ધિ કહો કિમ રહે,
કિમ રહે શુદ્ધ શ્રદ્ધા ન આણો;
શુદ્ધ શ્રદ્ધાન વિણુ સર્વ કિરિયા કહી,
છારપરિ લીંપણો સરસ જાણો. ધા૦ ૫
પાપ નહી કોઈ ઉત્સૂત્ર ભાષણ જિસો,
ધર્મ નહી કોઇ જગ સૂત્ર સરિખો;
સૂત્ર અનુસાર જે ભવિક કિરિયા કરે,
તેહનો શુદ્ધ ચારિત્ર પરિખો. ધા૦ ૬
એહ ઉપદેશનું સાર સંક્ષેપથી,
જે નરા ચિત્તમે નિત્ય ધ્યાવે;
તે નરા દિવ્ય બહુકાળ સુખ અનુભવી,
નિયત આનંદ ઘનરાજ પાવે. ધા૦ ૭

શ્રીધર્મનાથજિન સ્તવન.

રાગ ગોડી—દેશી રશીયાની.

ધરમ જિનેસર ગાઉં રંગશું,
ભંગ મ પડજ્યો હો પ્રીત જિણેસર.

બીજો મનમંદિર આણું નહીં,
એ અમ કુળવટ રીત. જિ૦ ધ૦ ૧
ધરમ ધરમ કરતો જગ સહુ ફિરે,
ધર્મ ન જાણે હો મર્મ; જિ૦
ધર્મજિણેસર ચરણ ગ્રહ્યા પછી,
કોઇ ન બાંધે હો કર્મ. જિ૦ ધ૦ ૨
પ્રવચનઅંજન જો સદ્‌ગુરૂ કરે,
દેખે પરમનિધાન; જિ૦
હૃદયનયણ નિહાળે જગધણી,
મહિમા મેરૂ સમાન જિ૦ ધ૦ ૩
દોડત દોડત દોડત દોડીઓ,
જેતી મનનીરે દોડ્ય; જિ૦
પ્રેમપ્રતીત વિચારો ઢુકડી,
ગુરૂગમ લેજયોરે જોડ. જિ૦ ધ૦ ૪
એકપખી કિમ પ્રીત વરે પડે,
ઉભય મિલ્યાં હોવે સંધ; જિ૦
હું રાગી હું મોહે ફંદીયો,
તું નિરાગી નિરબંધ. જિ૦ ધ૦ ૫

પરમનિધાન પ્રગટ મુખ આગળે,
જગત ઓલંધી હો જાય; જિ૦
જ્યોતી વિના જુઓ જગદીશની,
અંધો અંધ પુલાય. જિ૦ ધ૦ ૬
નિરમળ ગુણમણિ રોહણ ભૂધરા,
મુનિજન માનસહંસ; જિ૦
ધન્ય તે નગરી ધન્ય વેળા ઘડી,
માત પિતા કુળ વંશ. જિ૦ ધ૦ ૭
મનમધુકરવર કરજોડી કહે,
પદકજ નિકટ નિવાસ; જિ૦
ઘનનામી આનંદઘન સાંભળો,
એ સેવક અરદાસ. જિ૦ ધ૦ ૮

શ્રીશાંતિનાથજિન સ્તવન.

રાગ મલ્હાર

ચતુર ચોમાસો પડકમી એ-દેશી.

શાંતીજિન એક મુજ વિનતી,
સુણો ત્રીભુવન રાયરે;

શાંતિ સરૂપ કિમ જાણિયે
કહો મન કિમ પરખાયરે. શાં૦ ૧
ધન્ય તું આતમ જેહને,
એહવો પ્રશ્ન અવકાશરે;
ધીરજ મન ધરી સાંભળો,
કહું શાંતિપ્રતિભાસરે. શાં૦ ૨
ભાવ અવિશુદ્ધ સવિ સુદ્ધજે,
કહ્યા જિનવરદેવરે.
તે તિમ અવિતથ સદ્દહે,
પ્રથમ એ શાંતિપદસેવરે. શાં૦ ૩
આગમધર ગુરૂ સમકિતી,
ક્રિયા સંવર સાર રે;
સંપ્રદાઈ અવંચક સદા,
સૂચિ અનુભવા ધાર રે. શાં૦ ૪
શુદ્ધ આલંબન આદરે,
તજી અવર જંજાળ રે;
તામસીવૃત્તિ સવિ પરિહરી,
ભજે સાત્વિકી સાલ રે. શાં૦ ૫

ફળવિસંવાદ જેહમાં નહી,
શબ્દ તે અર્થ સંબંધિ રે;
સકળ નયવાદ વ્યાપી રહ્યા,
તે શિવસાધન સંધિ રે. શાં૦ ૬
વિધિ પ્રતિષેધ કરિ આતમા,
પદારથ અવિરોધ રે;
ગ્રહણવિધિ મહાજને પરિગ્રહ્યો,
ઇસ્યો આગમે બોધ રે. શાં૦ ૭
દુષ્ટજન સંગતિ પરિહરી,
ભજે સુગુરૂ સંતાન રે;
જોગ સામર્થ્ય ચિત્ત ભાવજે,
ધરે મુગતિ નિદાન રે. શાં૦ ૮
માન અપમાન ચિત સમ ગણે,
સમ ગણે કનક પાષાણ રે;
વંદક નિંદક સમ ગણે,
ઈસો હોય તું જાણ રે. શાં૦ ૯
સર્વ જગજંતુને સમ ગણે,
ગણે તૃણ મણિ ભાવ રે;

મુગતિ સંસાર બિહુ સમ ગણે,
મુણે ભવજલનિધિ નાવ રે. શાં૦૧૦
આપણા આતમા ભાવ જે,
એક ચેતનાધાર રે;
અવર સવિ સાથ સંયોગથી,
એહ નિજ પરિકર સાર રે. શાં૦ ૧૧
પ્રભુ મુખથી ઇમ સાંભળી,
કહે આતમરામ રે;
તાહરે દરિશણે નિસ્તર્યો,
મુજ સિધ્યા સવિ કામ રે. શાં૦ ૧૨
અહો અહો હું મુજને કહું,
નમો મુજ નમો મુજજ રે;
અમિતફળ દાન દાતારની,
જેહને ભેટ થઈ તુજજ રે. શાં૦ ૧૩
શાંતિ સરૂપ સંક્ષેપથી,
કહ્યો નિજપર રૂપ રે;
આગમમાંહિ વિસ્તર ઘણો,
કહ્યો શાંતિજિન ભૂપ રે. શાં૦ ૧૪

શાંતિ સરૂપ એમ ભાવશ્યે,
ધરી શુદ્ધ પ્રણિધાન રે;
આનંદઘન પદ પામશ્યે,
તે લહિશ્યે બહુ માન રે. શાં૦ ૧૫

શ્રી કુંથુનાથજિન સ્તવન.

રાગ રામકલી,

અંબર દેહો મુરારી.—એ દેશી.

કુંથુજિન મનડું કિમહી ન બાજે,
જિમજિમ જતન કરીને રાખું,
તિમતિમ અલગું ભાજે હો. કું૦ ૧
રજની વાસર વસતી ઉજડ.
ગયણ પાયાલે જાયે;
સાપ ખાએને મોહડું થોથું,
એહ ઉખાણો ન્યાયે હો. કું૦ ૨
મુગતિતણા અભિલાષી તપીયા,
જ્ઞાન ને ધ્યાન અભ્યાસે;
વયરીડું કાંઈ એહવું ચિંતે,
નાંખે અવળે પાસે હો. કું૦ ૩

આગમ આગમધરને હાથે,
નાવે કિણ વિધિ આંકુ;
કિહાં કિણ જો હઠ કરી હટકું,
તો વ્યાળતણી પરે વાંકુ હો. કું० ૪
જો ઠગ કહું તો ઠગતું ન દેખું,
સાહુકાર પિણ નાંહિ;
સર્વ માંહે ને સહુથી અલગું,
એ અચરિજ મનમાંહિ હો. કું० ૫
જે જે કહું તે કાન ન ધારે,
આપમતે રહે કાલો;
સુર નર પંડિત જન સમજાવે,
સમજે ન માહરો સાલો હો. કું० ૬
મ્હેં જાણ્યું એ લિંગ નપુંસક,
સકળ મરદને ઠેલે;
બીજી વાતે સમરથ છે નર,
એહને કોઈ ન ઝેલે હો. કું० ૭
મન સાધ્યું તિણે સઘળું સાધ્યું,
એહ વાત નહિ ખોટી;

ઇમ કહે સાધ્યું તે નવિ માનું,
એ કહિ વાત છે મોટી હો. કું૦ ૮
મન દુરારાધ્ય તે વસિ આણ્યું
તે આગમથી મતિ આણું;
આનંદઘનપ્રભુ માહરૂં આણો,
તો સાચું કરિ જાણું હો. કું૦ ૯

શ્રી અરનાથજિન સ્તવન.

રાગ પરજીયો મારૂ.

રૂષભનો વંશ રયણાયરૂ.—એ દેશી.

ધરમ પરમ અરનાથનો,
કિમ જાણું ભગવંત રે;
સ્વ પર સમય સમજાવીંયે,
મહિમાવંત મહંત રે. ધ૦ ૧
શુદ્ધાતમ અનુભવ સદા,
સ્વસમય એહ વિલાસ રે;
પર વડિ છાંહડી જિહાં પડે,
તે પર સમય નિવાસ રે. ધ૦ ૨

તારા નક્ષત્ર ગ્રહ ચંદની,
જ્યોતિ દિનેસે મઝાર રે;
દર્શન જ્ઞાનચરણથકી,
શક્તિ નિજાતમ ધાર રે. ધ૦ ૩
ભારી પીળો ચીકણો,
કનક અનેક તરંગ રે;
પર્યયદૃષ્ટિ ન દીજીયે,
એકજ કનક અભંગ રે. ધ૦ ૪
દર્શન જ્ઞાન ચરણથકી,
અલખ સરૂપ અનેક રે;
નિરવિકલપ રસ પિજીયે,
શુદ્ધ નિરંજન એક રે. ધ૦ ૫
પરમારથ પંથ જે કહે,
તે રંજે એક તંત રે;
વ્યવહારે લખ જે રહે,
તેહના ભેદ અનંત રે. ધ૦ ૬
વ્યવહારે લખે દોહિલા,
કાંઈ ન આવે હાથ રે;

શુદ્ધ નય થાપના સેવતાં,
નવિ રહે દુવિધા સાથ રે. ધ૦ ૭
એક પખી લખ પ્રીતની,
તુમ સાથે જગનાથ રે;
કૃપા કરીને રાખજ્યો,
ચરણ તલે ગ્રહી હાથ રે. ધ૦ ૮
ચક્રી ધરમ તીરથતણો,
તીરથફળ તત સાર રે.
તીરથ સેવે તે લહે,
આનંદઘન નિરધાર રે. ધ૦ ૯

શ્રી મલ્લિનાથજિન સ્તવન.

રાગ કાફી.

સેવક કિમ અવગણિયે હો, મલ્લિજિન૦
એ અબ શોભા સારી;
અવર જેહને આદર અતિ દિયે,
તેહને મૂલ નિવારી હો. મ૦ ૧
જ્ઞાનસ્વરૂપ અનાદિ તુમ્હારૂં,

તે લીધું તુમે તાણી;
જુઓ અજ્ઞાનદશા રીસાણી,
જાતાં કાણ ન આણી હો. મ૦ ૨
નિંદ્રા સુપન જાગર ઉજાગરતા,
તુરિય અવસ્થા આવી;
નિંદ્રા સુપનદશા રીસાણી,
જાણી ન નાથ મનાવી હો. મ૦ ૩
સમકિત સાથે સગાઇ કીધી,
સપરિવારસું ગાઢી;
મિથ્યામતી અપરાધણ જાણી,
ઘરથી બાહિર કાઢી હો. મ૦ ૪
હાસ્ય અરતિ રતિ સોગ દુગંચ્છા,
ભય પામર કરસાલી;
નોકષાય શ્રેણીગજ ચઢતાં,
શ્વાનતણી ગતિ ઝાલી હો. મ૦ ૫
રાગ દ્વેષ અવિરતિની પરણીત,
એ ચરણ મોહના યોધા;
વીતરાગ પરિણતિ પરણમતાં,

ઉઠી નાઠા બોધા હો. મ૦ ૬
વેદોદય કામાપરિણામાં,
કામ કરમ સહુ ત્યાગી;
નિઃકામી કરૂણારસ સાગર,
અનંત ચતુષ્કપદ પાગી હો. મ૦ ૭
દાન વિઘન વારી સહુ જનને,
અભયદાન પદદાતા;
લાભ વિઘન જગ વિઘન નિવારક,
પરમ લાભ રસ માતા હો. મ૦ ૮
વીર્ય વિઘન પંડિત વીર્યે હણ્યો,
પૂરણ પદવી જોગી;
ભોગોપભોગ દોય વિઘન નિવારી,
પૂરણ ભોગી સુભોગી હો. મ૦ ૯
ઇમ અઢાર દૂષણ વરજિત તનુ,
મુનિજનવૃંદે ગાયા;
અવિરતિરૂપક દોષ નિરૂપણ,
નિરદૂષણ મન ભાયા હો. મ૦ ૧૦
ઈણ વિધિ પરખી મન વિસરામી,

જિનવર ગુણ જે ગાવે;
દીનબંધુની મહિર નિજરથી,
આનંદઘનપદ પાવે હો. મ૦ ૧૧

શ્રી મુનિસુવ્રતસ્વામિજિન સ્તવન.

રાગ કાફી.

આઘા આમ પધારો પૂજ.—એ દેશી.

મુનિસુવ્રત જિનરાય,
એક મુજ વિનતી નિસુણો.
આતમતત્વ કયું જાણું જગતગુરૂ,
એહ વિચાર મુજ કહીયો;
આતમ તત્વ જાણ્યા વિણ નિરમલ,
ચિત્ત સમાધિ નવિ લહિયો. મુ૦ ૧
કેઇ અબંધ આતમતત માને,
કિરિયા કરતો દીસે;
ક્રિયાતણું ફળ કહો કુણ ભોગવે,
ઇમ પૂછયું રીત રીસે. મુ૦ ૨
જડ ચેતન એ આતમ એકજ,

થાવર જંગમ સરિખો;
દુઃખ સુખ સંકર દૂષણ આવે,
ચિત્ત વિચાર જો પરખો. સુ૦ ૩
એક કહે નિત્યજ આતમ તત,
આતમ દરશણ લીણો;
કૃતવિનાશ અકૃતાગમદૂષણ,
નવિ દેખે મતિહીણો. સુ૦ ૪
સુગતમત રાગી કહે વાદી,
ક્ષિણક એ આતમ જાણો;
બંધ મોખ સુખ દુઃખન ન ઘટે,
એહ વિચાર મન આણો. સુ૦ ૫
ભુતચતુષ્ક વરજિત આતમતત,
સત્તા અલગી ન ઘટે;
અંધ સકટ જો નિજર ન દેખે,
તો શું કીજે સકટે. સુ૦ ૬
ઇમ અનેકવાદી મતિવિભ્રમ,
સંકટ પડિયો ન લહે;
ચિતસમાધિ તે માટે પૂછું,

તુમ વિણુ તત કોઇ ન કહે. મુ૦ ૭
વસ્તુ જગગુરૂ ઇણ પરે ભાખે,
પક્ષપાત સવિ છંડી;
રાગ દ્વેષ મોહ પખ વરજિત,
આતમ શું રહિ મંડી. મુ૦ ૮
આતમધ્યાન કરે જો કોઉ,
સો ફિરિ ઇણમાં નાવે;
વાગજાળ બીજું સહુ જાણે,
એહ તત્વ ચિત ચાવે. મુ૦ ૯
જિણે વિવેક ધરિ એ પખ ગ્રહિયે;
તે તત્વજ્ઞાની કહિયે;
શ્રીમુનિસુવ્રત કૃપા કરો તો,
આનંદઘનપદ લહિયે. મુ૦ ૧૦

શ્રી નમિનાથજિન સ્તવન.

રાગ આશાઉરી.

ધન ધન સંપ્રતિ સાચો રાજા.—એ દેશી.

ષટ દરશણ જિન અંગ ભણીજે,

ન્યાસખડંગ જો સાધે રે;
નમિ જિનવરના ચરણ ઉપાસક,
ષટ દરશણ આરાધે રે. ષટ૦ ૧
જિનસુરપાદપ પાય વખાણું,
સાંખ્ય યોગ દોય ભેદ રે;
આતમસત્તા વિવરણ કરતા,
લહોદુગ અંગ અખેદ રે. ષટ૦ ૨
ભેદ અભેદ સુગત મિમાંસક,
જિનવર દોય કર ભારી રે;
લોકાલોક અવલંબન ભજિયે,
ગુરૂગમથી અવધારી રે. ષટ૦ ૩
લોકાયતિક કુખ જિનવરની,
અંસ વિચાર જો કીજે રે;
તત્વવિચાર સુધારસ ધારા,
ગુરૂગમ વિણ કિમ પીજે રે. ષટ૦ ૪
જૈન જિનેશ્વર વર ઉત્તમ અંગ,
અંતરંગ બહિરંગે રે;
અક્ષરન્યાસધરા આરાધક,

આરાધે ત્રી સંગ રે. પ૦ ૫
જિનવરમાં સઘળા દરિશણ છે,
દર્શન જિનવર ભજના રે;
સાગરમાં સઘળી તટની સહી,
તટિની સાગર ભજના રે. પ૦ ૬
જિનસરૂપ થઇ જિન આરાધે,
તે સહી જિનવર હોવે રે;
ભૃંગી ઇલિકાને ચટકાવે,
તે ભૃંગી જગ જોવે રે. પ૦ ૭
ચુરણિ ભાષ્યસૂત્ર નિર્યુક્તિ,
વૃત્તિ પરંપર અનુભવ રે;
સમય પુરૂષનાં અંગ કહ્યા એ,
જે છેદે તે દુરભવ રે. પ૦ ૮
મુદ્રા બીજ ધારણા અક્ષર,
ન્યાસ અરથ વિનિયોગ રે;
જે ધ્યાવે તે નવિ વંચી જે,
ક્રિયા અવંચક ભોગે રે. પ૦ ૯
શ્રુત અનુસાર વિચારી બોલું,

સુગુરૂ તથા વિધિ ન મિલે રે;
ક્રિયા કરી નવી સાધી સકીયે,
એ વિખવાદ ચિત સઘળે રે. પદ્૦ ૧૦
તે માટે ઉભા કર જોડી,
જિનવર આગળ કહિયે રે;
સમય ચરણસેવા શુદ્ધી દેજ્યો,
જિમ આનંદઘન લહિયે રે. પદ્૦ ૧૧

શ્રી નેમિનાથજિન સ્તવન.

રાગ મારૂણી. ધણરા ઢોલા. એ દેશી.

અષ્ટ ભવંતર વાલહી રે,
તું મુજ આતમરામ; મનરાવાલા.
મુગતિનારીસું આપણું રે,
સગપણ કોઇ ન કામ. મ૦ ૧
ઘરિ આવો હો વાલિમ ઘરિ આવો,
મારી આશાના વિસરામ; મ૦
રથ ફેરો હો સાજન રથ ફેરો,
સાજન માહરા મનોરથ સાથ. મ૦ ૨

નારી પખે શ્યો નેહલો રે,
સાચ કહે જગનાથ; મ૦
ઈશ્વર અરધંગે ધરી રે,
તું મુજ ઝાલે ન હાથ. મ૦ ૩
પશુજનને કરૂણા કરી રે,
આણી રીહૃદય વિચાર; મ૦
માણસની કરૂણા નહી રે,
એ કુણ ઘર આચાર. મ૦ ૪
પ્રેમ કલપતરૂ છેદીયો રે,
ધરિયો યોગ ધતૂર; મ૦
ચતુરાઇરો કુણ કહો રે,
ગુરૂ મિલિઓ જગસૂર. મ૦ ૫
માહરૂં તો એમાં કયું નહીરે,
આપ વિચ્યારે રાજ; મ૦
રાજસભામાં બેસતાં રે,
કીસડી વધસી લાજ. મ૦ ૬
પ્રેમ કરે જગજન સહુ રે,
નિરવાહે તે ઓર, મ૦

પ્રીત કરીને છાંડીદ રે,
તેહશું ચાલે ન જોર. મ૦ ૭
જો મનમાં એહવું હતું રે,
નિસપતિ કરત ન જાણ; મ૦
નિસપતિ કરીને છાંડતાં રે,
માણસ હુયે નુકશાન. મ૦ ૮
દેતાં દાન સંવત્સરી રે,
સહુ લહે વંછિત પોષ; મ૦
સેવક વંછિત નવિ લહે રે,
તે સેવકનો દોષ. મ૦ ૯
સખી કહે એ સાંભળો રે,
હું કહું લક્ષણ સંકેત; મ૦
એહ લક્ષણ સાચી સખી રે,
આપ વિચારે હેત. મ૦ ૧૦
રાગી સુરાગી સહુ રે,
વૈરાગી શ્યો રાગ; મ૦
રાગ વિના કિમ દાખવો રે,
મુગતિ સુંદરી માગ; મ૦ ૧૧

એક ગુહ્ય ઘટતું નહી રે,
સઘળોઇ જાણે લોગ; મ૦
અનકાંતિક ભોગવો રે,
બ્રહ્મચારીગત રોગ. મ૦ ૧૨
જિણ જોગે તુજને જોઉં રે,
તિણ જોગે જોવો રાજ, મ૦
એકવાર મુજને જુવો રે,
તો સીઝે મુજ કાજ. મ૦ ૧૩
મોહદશા ધરિ ભાવતાં રે,
ચિત લહે તત્વ વિચાર; મ૦
વીતરાગતા આદરી રે,
પ્રાણનાથ નિરધાર. મ૦ ૧૪
સેવક પિણ તે આદરે રે,
તો રહે સેવક મામ; મ૦
આશય સાથે આદરીયે રે,
એહિજ રૂડું કામ. મ૦ ૧૫
ત્રિવિધ યોગ ધરિ આદર્યો રે,
નેમનાથ ભરતાર; મ૦

ધારણ પોષણ તારણો રે,
નવરસ મુગતાહાર. મ૦ ૧૬
કારણરૂપી પ્રભુ ભજયો રે,
ગણ્યો ન કાજ અકાજ; મ૦
કૃપા કરી પ્રભુ દીજીયે રે,
આનંદઘન પદ રાજ. મ૦ ૧૭

શ્રી પાર્શ્વનાથજિન સ્તવન.

રાગ સારંગ.—દેશી રસિયાની.

ધ્રુવપદ રામી હો સ્વામી માહરા,
નિ:કામી ગુણરાય; સુગ્યાની.
નિજગુણ કામી હો પામી તું ધણી,
ધ્રુવ આરામી હો થાય. સુ૦ ધ્રુ૦ ૧
સર્વ વ્યાપી કહો સર્વ જાણગપણે,
પરપરણમન સ્વરૂપ; સુ૦
પરરૂપે કરી તત્વપણું નહી,
સ્વસત્તા ચિદરૂપ. સુ૦ ધ્રુ૦ ૨
ગ્યેય અનેકે હો ગ્યાન અનેકતા,
જળભાજન રવિ જેમ; સુ૦

દ્રવ્ય એકત્વપણે ગુણ એકતા,
નિજપદ રમતાં હો ખેમ. સુ૦ સુ૦ ૩
પરક્ષેત્રે ગતગ્યેયને જાણવે,
પરક્ષેત્રી થયું ગ્યાન; સુ૦
અસ્તિપણું નિજક્ષેત્રે તુમે કહ્યો,
નિર્મળતા ગુણ માન. સુ૦ સુ૦ ૪
ગ્યેય વિનાશે હો જ્ઞાન વિનશ્વરૂ,
કાળ પ્રમાણે રે થાય; સુ૦
સ્વકાળે કરી સ્વસત્તા સદા,
તે પરરીતે ન જાય. સુ૦ સુ૦ ૫
પરભાવે કરી પરતા પામતા,
સ્વસત્તા થિર ઠાણ; સુ૦
આત્મ ચતુષ્કમયી પરમાં નહીં,
તો કિમ સહુનો રે જાણ. સુ૦ સુ૦ ૬
અગુરૂ લઘુ નિજ ગુણને દેખતાં,
દ્રવ્ય સકળ દેખંત; સુ૦
સાધારણ ગુણની સાધર્મ્યતા,
દર્પણ જળને દ્રષ્ટાંત. સુ૦ સુ૦ ૭

શ્રી પાસજિન પારસરસ સમો,
પિણ ઈહાં પારસ નાંહિ; સુ૦
પૂરણ રસિઓ હો નિજગુણ પરસનો,
આનંદઘન મુજમાંહિ. સુ૦ ધ્રુ૦ ૮

શ્રી માહાવીરજિન સ્તવન.

રાગ ધન્યાશ્રી.

વીરજીને ચરણે લાગું,
વીરપણું તે માગું રે;
મિથ્યામોહ તિમિર ભય ભાગુ,
જીત નગારૂં વાગું રે. વીર૦ ૧
છઉમથ વીરય લેસ્યા સંગે,
અભિસંધીજ મતિ અંગે રે;
સૂક્ષ્મ થુલ ક્રિયાને રંગે,
યોગી થયો ઉમંગે રે. વી૦ ૨
અસંખ્ય પ્રદેશ વીર્ય અસંખે,
યોગ અસંખિત કંખે રે;
પુદગલગણ તિણે લેયે સુવિશેષ,

યથાશકિત મતિ લેખેં રે. વી૦ ૩

ઉત્કૃષ્ટ વીરયનેં વેસે,
યોગક્રિયા નવિ પેસે રે;
યોગતણી ધ્રુવતાને લેસે,
આતમશક્તિ ન ખેસે રે. વી૦ ૪

કામવીર્ય વશેં જિમ ભોગી,
તિમ આતમ થયો ભોગી રે;
સૂરપણે આતમ ઉપયોગી,
થાયે તેહનેં અયોગી રે. વી૦ ૫

વીરપણું તે આતમઠાણે,
જાણ્યું તુમચી વાણે રે;
ધ્યાનવિનાણે શક્તિ પ્રમાણે,
નિજ ધ્રુવપદ પહિચાણે રે. વી૦ ૬

આલંબન સાધન જે ત્યાગે,
પરપરિણિતિનેં ભાગે રે;
અક્ષયદર્શન જ્ઞાનવિરાગે,
આનંદઘન પ્રભુ જાગે રે. વી૦ ૭

ભાગ ૪ થો.

નાટકનાં રાગનાં ગાયનો.

ગાયન ૧ લું.

સુઘડ મન ઉલટ અતીશે છાઈછે.—એ રાગ.

ભવીક જન ઉમંગ અતીશય લાવીને, શ્રી જીનમંદીર અંદર ફરતા ફરરરરરરરરર ફરરરરરરરર. રૂમક ઝુમક રમતા રસીલા, ઘુમક ઘુમક ઘુમતા છબીલા, સનનનનનનન શોર મચાવે, શ્રી ચિંતામણી પાર્શ્વ રીઝાવે; ભવદુઃખ દળદર દુર હઠાવે, ગાવે બજાવે તાન માન, ધીરકટ તાના તનનન ધીરકટ તારકટ ધા ધા ધા. ભવી૦

ગાયન ૨ જું.

મધુરી કીરતી સતીની.—એ રાગ.

આવો આજ અંગમાં ઉમંગ રંગ ભ.

રી, ગુણ ગાવાજીનજીના (૨) સ્તવન ઉ-
ચરી. આવો૦ ૧ વિવિધ પાપ ત્રિવિધ
તાપ સતત દૂર કરે, ન્યાયિ ન્યાયિ સુખ-
દાઈ દશા એ ખરે; ભાગ્યશાળી ભાવી
'નાન' પાપને હરે, જૈનબાળ મંડળી આ
વંદતી ફરી. આવો૦ ૨

રીખવદેવનું ગાયન ૩ જું.

અમન ચમન નમન નમન નમન
સાથ નોકરી.—એ રાગ.

વંદન વંદન વંદન વંદન, વંદન કરૂં આપને, રીખવ દાદા દીલ ધારી, વંદન કરૂં આપને. રીખભ૦ હરનીશ હું ગુણ ગાઉં, ચરણ કમળ ચિત્ત લાવું; મોહ મદ માયા તજી, ટાળવા કુતાપને. રીખભ૦ છુ-મક છુમક છુમક નાચું, ઝુમક ઝુમક ઝાંઝ સંગ; તનનન સતાર તાર, ઠુમક મારી થા પને. રીખભ૦ દાદા રે'મ રાખી આપ,

કાપો તાપ પાપ અમાપ; નેહુથી નમે છે 'નાન' જપી નિત્ય જાપને. રીખભ૦

સુપાર્શ્વનાથનું ગાયન ૪ થું.

ભરવો.—થયા છો રે પતી.—એ દેશી.

થયો છે રે અમ સફળ દીવસ જીન દરશનથી આજે, પ્રભુના દરશનથી આજે; સસેમ દેવ સુપાર્શ્વજી તારી, સુરતી મોહનવેલ, જયવંતા, અરિહંતા, ભગવંતા, નિરખંતા, અતિ આનંદ ઉલ્લસિત તન મન ધન ઘડી ધન પળ આ છાજે. થયો૦ નાથ નીરંજન ખંજન અંજન ભવદુઃખભંજન રૂપ, શ્રી શાન્તિ, સુખકાન્તિ, ગુણ ખાન્તિ, ટળે ભ્રાન્તી, આતમ ગુણ નીરમળ જળકંત ભવી ભવ ભ્રમણા ભાજે.—થયો૦ પંચમ કાળે પામર પ્રાણી, જીનવાણીથી વિમુખ સુણ ગાને, ધ્યાને ધ્યાને, મનમાને, તાતાને. મંડળ મહાવીર કહે લહે ક્ષય કરી, કર્મ ધર્મ રાજે.—થયો૦

વિમળનાથનું ગાયન ૫ મું.

પીલુ—મેનાવતી માતા નીર ભર્યો રે
થારા નેનસે.—એ દેશી.

વિમળ જિન સેવે વિમળ ગતિ મતિ થાય રે; વિમળજિન જોતાં દુર ગતિ દુર પલાય રે. વિમળ૦ સેવો સેવો સૌકો કહે છે, સેવા ભેદ વખાણે; દ્રવ્ય ભાવથી સેવે તેને, જન્મ મરણ મિટ જાય રે. વિમળ૦ મનહર સુરત સુરપતિ નરપતિ, હરખે દરીશણ પામી; દ્રવ્ય ભાવ દરીશન અનુભવમય, ત્રીજે ભવ સિદ્ધ તાય રે. વિમળ૦ મન વચ કાયા સ્થિર કરી ધ્યાવે, જ્ઞાન ક્રિયા મન ભાવે; મંગળમય ટોકરસિંહ નિશ્ચે, શિવરમણી પદ પાય રે. વિ૦

શાન્તિનાથનું ગાયન ૬ ઠું.

વીરા વેશ્યાના યારી, ઉભા અટારી.—એ રાગ.

શ્રી શાન્તી તુમારી, છે બલીહારી, જગ

વિષે જીનરાજ, પુરો આશા અમારી દઇ સુખવારી, છે બલીહારી. જગ૦ કુસુમ વાસિત આસન સુંદર, ધુપ ધુપાદિની ધુમ; ઉડી રહી અલબેલા સ્વામી, નાચું છનક છુમ; ભાવ અંતર ધારી, જ્ઞાન સુધારી, છે બલીહારી. જગ૦ રોગ શોક વિયોગ વિહારી, દેજો દરશન દાન; ગાજતા ગુહીર મૃદંગ સાથે, નિત્ય લગાવું તાન; પ્રભુ ભક્તિ વધારી, જય જયકારી, છે બલીહારી. જગ૦ મુગટ મંડળ કાને કુંડળ, ઝમકે ઝાક ઝમાળ, શાન્તી સંઘમાં શાન્તી ફેલાવી, કરજો મંગળ માળ; માગે 'નાન' વિચારી, વિનય ધારી, છે બલિહારી. જગ૦

અરનાથનું ગાયન ૭ મું.

પીલુ.

જોબનના રંગમાં ઝુલે.—એ દેશી.

આ અરજી અર જીનવરજી. ટેક. અમ

તારો ગરીબ નીવાજ બીરૂદ તુમરાજ સહાયતા કરજી.—આ અરજી૦ ચાર ગતિમાં લાખ ચોર્યાસી, યોની દુઃખની ખાણ; કાળ અનાદી ભવ અટવીમાં, ભ્રમણ કર્યું ભગવાન. સહાયતા કરજી—આ અરજી૦ કામ ક્રોધ મદ મોહ માનથી, છોડાવો જગ નાથ; પામર પ્રાણી કરૂં પ્રાર્થના, ગ્રહો સેવકનો હાથ. સહાયતા કરજી—આ અરજી૦ અનંત બળી પણ અબળ થયો છું, કર્મ વિષે કીરતાર; મહાવીર મંડળ મંગળ માગે, પ્રભુ પદ તુજ આધાર. સહાયતા કરજી.—આ અરજી૦

મલ્લિનાથનું ગાયન ૮ મું.

ઝોંઝોટી તાલ દાદરો.

પુરણ ભાગ્યે મળ્યા છો મલ્લીનાથ દેવા, કરૂં હું નીત્ય શેવા, આપો મને મોક્ષ મેવા, આપો મને મોક્ષ મેવા, આપો મને

મોક્ષ મેવા. જય, જય, જય, જય. જુવો તમે બેઠા છો જાણે જોત જેવા, માગું હું શરણે રહેવા, કરમના દંડ દેવા, કરમના દંડ દેવા, કરમના દંડ દેવા. જય, જય, જય, જય. આવો ગાવો બજાવો બંધુ નૃત્ય કરી, તારી દયા પ્રેમે કરી, દહાડો નહીં આવે ફરી, દહાડો નહીં આવે ફરી, દહાડો નહીં આવે ફરી. જય, જય, જય, જય.

મલ્લિનાથનું ગાયન ૯ મું.

નિર્બળ શત્રુ સબળ રાજયપર.—એ રાગ.

મલ્લિ જીણંદા, છો સુખકંદા, કષ્ટ અમારાં કાપોને, મહેર કરી મહારાજ અમોને સ્હાય તમારી આપોને, છોજી અતી દયાવાન, પ્રભુ ભારી કૃપાવાન, (૩) નથી નથી નથી કોઇ આપની સમાન, હરનીશ હોંશ ધારી, ધરૂ તમ ધ્યાન.—છોજી. મ૦

હુંતો કેસર ચંદને કરૂં પુજા ધરી પ્રીત,(૨
અસાર સંસારમાંથી કાઢી નાંખી ચિત્ત,
'નાનો' નેહ ધરી નીત્ય, ગાય આપ ગીત
હુંતો. મલ્લિ૦

નેમનાથનું ગાયન ૧૦ મું.

બરવો.

એ માથે મટુકી લઇ જાઉં.—એ દેશી.

એ..........નેમ ગયે ગિરનાર, પ્યા
પ્રીતમ પ્યારી કરે રે પોકાર.—એ૦ આ
ભવની પ્રીત તમારી, એક પલમાં તે નં
વારી છોડ ગયે ગીરનાર.—એ૦ શક્તિ તે
પતિ સંગે, નેમ રાજુલ રાગ રંગે, મંગ
મુક્તિ મોઝાર.—એ૦

પાર્શ્વનાથનું ગાયન ૧૧ મું.

મહાડ.

મને સહાય કરશે મોરારી રે.—એ દેશી.

પ્રભુ પારસ પરમ ઉપકારી રે, તમે

વો સકલ નર નારી, બળતા હતારી દયા દિલ ધારી, નાગ નાગણી ભયથી ઉગારી. પ્રભુ૦ નવકાર મંત્ર પવિત્ર કર્યા, સુર લોક ભલા સુખકારી, શાન્તમુદ્રા, મોહનગારી, સુરતપર જાઉં વારી.—પ્રભુ૦

મહાવીરસ્વામીનું ગાયન ૧૨ મું.

બરવો.

જપતી પ્રીતમની જપમાળ.—એ દેશી.

મનહર મહાવીર ગુણ મણી માળ, સુર્ત્તિ મોહનવેલી. ટેક. વરિઆ શીવરમણી વ્હેલી આહા અલબેલી, પામ્યા પરમાત્મ પદવી અમ પહેલી. મનહર૦ (સાખી.) સંસારી સુખ અનુભવ્યાં, નાથ અમારી સાથ; કરી ઉતાવળ એકલાં, કેમ તર્યા ભવપાર. અમને મનમોહન મેલી ખેલ તું ખેલી, પામ્યા પરમાતમ પદવી અમ પહેલી. મનહર૦ અંતર નિરંતર

સદા, જાપ જપું જીનરાજ; ચરણ કમળની ચાકરી, અનુચર માગે આજ. કરીયે કૃપા ણુ દ્રષ્ટિ પ્રેમ ભરેલી, પામ્યા પરમાતમ પદવી અમ પહેલી. મનહર૦ દર્શન થતાં ભવ દવ વિષે, ઉગારો અરિહંત; કરજોડી વિનતિ કરૂં, આપો સુખ અનંત. શિવ-સુત કેશવના બેલી, પાપને ઠેલી, પામ્યા પરમાતમ પદવી અમ પહેલી. મનહર૦

ગાયન ૧૩ મું.

પીલુ બરવા તાલ દાદરો.

પ્રભુ મુજ અંતરજામી, હો પ્રભુ મુજ અંતરજામી; અંતરની અડચણો આપ કાપીએ, અમે કહીએ શીરજ નામી, હો અમે કહીએ શીરજ નામી; સેવકનાં દુઃખ દયા કરીને દામીએ, પાપો ઘણાં કીધા તણામાં કશીજ નહી રાખી મણા; એવાં અઘોર કુકૃત્યો, આ જીવે કીધા ઘણાં. પ્ર-

પ્રભુ૦ પ્રભુજી હવે તું તારને સંસારમાં છે દુઃખ ઘણાં, ગુણ ગાયે મહાવીર મંડળી, હમેશ પ્રભુજી તણા. પ્રભુ૦

ગાયન ૧૪ મું.

રાસડો.—તાલ, કેરવો.--સુંદર શામળી-આ, નામ જપીશ નિત્ય તારૂં—એ રાગ.

જુગતે જીનવરજી, ધ્યાન તમારૂં ધારૂં, સુણજો આ અરજી, તન મન તમપર વારૂં, ભાવથકી નીત્ય ભક્તિ હું ધારૂં, કેસર ચંદન ચરચું પ્યારૂં, નૈવેદ્ય નાથ ધરાવું સારૂં આરતી મંગળ આજ ઉતારૂં, કાપજો કષ્ટ કૃપાળુ. જુગતે જીનવરજી૦ કામ ક્રોધ મદ મોહ નીવારી, સાહેબ સાચી ભક્તિ તમારી નાન સંઘ ઉછરંગ વધારી, સુરત સંગિત મંડળી સારી, ગાયે ગુણ મયાળુ. જુગતે જીનવરજી૦

ગાયન ૧૫ મું.

ઝીંઝોટી.

ધન્ય ભાગ્ય પધાર્યા ભમરા.—એ દેશી.

જય જીનવર જગહિતકારી, લગની લાગી તમ સારી; દયો દાદા પાર ઉતારી, જય જય નમું જીનરાજ. મુખ ચંદ્ર સમું સુખ કારી, કાયા કુંદન ગુણકારી, નિહાળી જાઉં હું વારી રે.—મુખચંદ્ર—જય જય૦ ભવરણમાં ભુલો પડીયો, મોહમાયા પડખે ચડીયો, શોકટ ફુલી આથડીયો રે, ભવરણમાં.—જય જય૦ અડગ ખડગ ધરમનું આપો, તો કાપું મારાં પાપો; તરવા સંસાર તરાપો રે—અડગ૦—જય જય૦ મનવાંછિત મુજને દેજો, સંભાળ સલુણા લેજો; પડખે નાનાની રહેજો રે—મન વાંછિત—જય જય૦

ગાયન ૧૬ મું.

બરવા.

તોરી છલબલ હયે પ્યારી.—એ દેશી.

તારૂં તનમનથી તાન, લાગ્યું બચપણાથી ધ્યાન; તારો તારો ને તમે પાતળીયા પ્રાણ, વ્હાલા સુરત મઝાની, શાણા સુરત શેલાણી; મારી આંખ્યો લેભાણી, અલબેલા સુજાણ.—તારૂં૦ મુકી ગુમાન આવ્યો શરણે તમારા નાન, જ્યોતીમાં જ્યોતી મીલાવો જીવ જાન; નહીં છોડું જી છાલ, તમે તજી દો તાલ, આ બાળાની સંભાળ, લ્યો વાહ વાહ વાહ—વાહ વાહ વાહ વાહ વાહ—તારૂં૦

ગાયન ૧૭ મું.

ચાલો સાહેલી ભુવનેશ્વરીનાં સોમળીને-એ દેશી.

ચાલો ભવિકા, ભાવ ધરીને શ્રી જીનની ભક્તિ કરવા, મોહને મારી માયા નિવારી

ભારી ભવજલથી તરવા, નેહ થકી નિત્ય ધ્યાનજ ધરવા, સુંદર શીવરમણી વરવા, કામ ક્રોધ મદ મોહ તજીને, પુન્ય કુંજ માંડા ભરવા, મન વચન ને કાયે કરી જા, નાન અમર પદમાં ચરવા.

ગાયન ૧૮ મું.

હુયે કુદરતે સુબહાની.—એ રાગ.

આ ચેતન ચેતી જાતું, નફ્ફ નહિ થાતું;
ધરમ તરફ ધા તું, ગુરૂના ગુણ ગા તું.
આ હેમને હવેલી, નારી પણ નરેલી;
જાવું જરૂર મેલી, ગુરૂના ગુણ ગા તું.
ઉંઘ આળસમાં ઉંઘી, ચાતુર ગયો ચુકી;
શીર કાળ રહ્યા ઝુકી, ગુરૂના ગુણ ગા તું.
કર કેસર કસ્તુરી, ફુલ માળ લે મધુરી;
પ્રભુને પુજય તું રી, ગુરૂના ગુણ ગા તું,
કર્યું હાથે તે સાથે, "નાનો" કે' એ માટે;
તજી તું ઉચાટે, ગુરૂના ગુણ ગા તું.

ગાયન ૧૯ મું.

વરમાળ હાથે ઝાલી.—એ રાગ.

આયુષ આગગાડી, સંસાર સડકે ચાલી બાળ જુવાની વૃદ્ધ વય ડબ્બા, સુખદુઃખ લગેજ લગાડી. આયુષ૦ દશાતણાં નાળાં નદી, દરિયા પણ દેખાય; પાપ પુન્યના પુલ છે, પસાર ત્યાંથી થાય. આયુષ૦ કાળ કોટડી દેખીને, શ્વાસ સીસોટી થાય; કુટુંબ કબીલા કામદાર, જમને સોંપી જાય. આયુષ૦ વડું મથક વૈરાગ્યનું, પુન્યતણા ત્યાં પાસ; સત્ય શીયળ જપ તપતણો, તપાસ થાશે ખાસ. આયુષ૦ ચતુર ચેતન ચેતજો, સ્હેજે દઉં સુબોધ; નેહે નાનાલાલ કહે, ધારી ધર્મનો બોધ. આયુષ૦

ગાયન ૨૦ મું.

ઈસ પાપી જગમાં ધન્ય હે એસે ધરમી—એ રાગ.

આ જુઠા જગમાં સાચી સ્હાય શ્રી જી

નરાજની, વીતરાગની, જગ જન વંદન, જેહ નીરંજન નાથ અરૂપી, સમતાસાગર તેજ સ્વરૂપી, કરૂણાકારી કર્મની કુપ્પી, તોડી ફોડી નાંખી ટુંપી, શેવક તારો, પાર ઉતારો, ધન્ય ઘડી છે આજની, હો! આ-જની. આ જુહુ૦ બચપણ ખોયું ખેલ ગમ્મતમાં, જુવાની ગઈ મોહ મમ્મતમાં; વૃદ્ધવયે પડીયો ખટપટમાં, આખર કાળે લીધો ઝપટમાં, ત્યારે મન પસ્તાવા બેઠો, ઉંચે જાતાં હેઠો પેઠો, માફી માગું, પાયે લાગું છે, આશા છે જીનરાજની, શીરતા-જની. આ જુહુ૦

ગાયન ૨૧ મું.

દિલ મારૂં માને નહિ, મનડું ઠરે નહી–એ રાગ.

મન મર્કટ માને નહીં, તર્કટ જાણે ન-હીં, ત્યારે કરૂં શું તેહને? જોયું જગમાં

ફરી ફરી, થાકો મરી મરી, સાધ્યો ન સાધ્યા સ્નેહને.—મન૦ નીરખશું નીજ સ્વરૂપને, ઓળખ્યા તેને ઇશ; અન્ય ગમે ત્યાં આથડે, જડે નહીં જગદીશ.—મન૦ નાભી કમળમાં નાથ છે, સુંદર તેજ સ્વરૂપ; જીન જ્યોતિ નિજ રૂપને, ઓળખાવે અનૂપ.—મન૦ મુરખ મમતા મુકયને, 'હું' પણાની આપ; ઓળખીશ તું અર્હન્તને, ટળે ત્રિવિધ તાપ.—મન૦ જનમ મરણ જખ મારશે, પળશે પાપ અમાપ; એવું શું આ અવનીમાં, જેની ન છુટે છાપ-મન૦ ગાૈતમ આનંદઘન મુનિ, દેવ વિનય વિખ્યાત; વિજય વિર આતમ મુનિ, પ્રણમું તેહ પ્રભાત.—મન૦ આત્મબોધની આટલી, ઓળખ અલ્પ જ્ઞાન; અંતરથી હું આપતો, નેહ ધકી નિત્ય નાન. મન૦

ગાયન ૨૨ મું.

રેતીશે બંગલા બનાદે, કીશોરીલાલ.
એ રાગ.

પુન્યના પતંગ ચગાઉં, પ્રભુ પ્યારા પુન્યના પતંગ ચગાઉં. દયાની દોરી ને ક્રીયાની કીન્યા, જ્ઞાનની ગોઠ લગાઉં. પ્રભુ૦ સત્ય પવનમાં સાત્વ્ય કહીને, પાપથી પેચ લગાઉં- પ્રભુ૦ ધૈર્યની ઢીલ ધીમે ધીમે મુકી, આત્મ શ્રદ્ધાથી અડાઉં. પ્રભુ૦ કામ ક્રોધ મોહ માયા હરીફને, અડતાઇ ચક્કર ઉડાઉં. પ્રભુ૦ અવનવા ઉત્તમ નાન પતંગ આ, બારે માસ બનાઉં. પ્રભુ૦

ગરબો.

કોયલડી તુજ મીઠડી.—એ રાગ-

નેમ નગીના નાથજી, નવ તરસાવો નાર; વ્હાલા વ્હેલા આવીને, હસ્ત ગ્રહો ધરી પ્યાર. જોતી વાટ તમ માટે બની બહુ

બાવરી રે લોલ; સમુદ્રવિજય તણા પુત્ર છો, માતુ સીવા દેવી લોલ. જાદવકુળ ભલી ભાત, તમ માટે બની બહુ૦ અરજ સુણી અબળાતણી, જબરી લાવ્યા જાન; કર્યો પોકાર પશુએ મળી, સુણ્યો પ્રભુજીએ કાન. છોડી મને છેલ છબીલા, કયાં ચાલ્યા છોડાવું પશુડાં રે લોલ; પ્રીતમ પાછા પધારો ઘેરે, પડાવો ન આંસુડાં રે લોલ. આઠ ભવની પ્રીતડી, પલમાં તુટી ન જાય; નવમે ભવ છોડું નહીં, લળી લળી લાગું પાય. રહેતું નથી દીલ શાન્ત જ મારૂં, સ્વામી વીના ગભરાવે; દરિશન પ્યારા ઇચ્છે છે દારા, મળવા આપ સંગ આવે; સુણો નેમ સુણો મારા ચીત્તડાને ચોરી, મને કયાં વીસારી; મુજ મન વસીયાજી, સંજમના રસીયાજી. દંપતિ તો શીવ વરીઆ, રામચંદ રંગે મળીયા; જોતી વાટ તમ માટે, બની બહુ બાવરી રેલોલ

ગરબો.

ગાજે ગગન ગરરરર.—એ રાગ.

ફરકે ધ્વજા જો ફરરર ધ્વજા જો ફરરર, જીન મંદીરપર ફરરર વાગે ઘંટ જો ઘનનન ઘંટ જો ઘનનન, જીન મંદીરમાં ઘનનન; ભાવે ભાવી જાય સરરર, બહુ ખુશી થાય ખરરર. ફરકે૦ નીસ્સહી નીસ્સહી ઉચ્ચરતાં, પ્રથમ ગભારે જાય; જોઇ છબી જીનરાજની, એનાં પાતિક દુર પળાય રે. જીવડા૦ સત્ય કથન આ કહીએ, કેમ રહીએરે સુર્ણાઇમાં રે; જીવડા સત્ય કથન આ કહીએ, ભવ ભ્રમણામાં ભટકતાં; તારો ના વ્યો પાર, તેથી ચેતી ચીત્તમાં; ચટપટ ચાલો રે "ન્હુાના" ના નાથને નીહાળવા રે; સુર તાળના ક્રમે, જૈન બાળકો રમે. જોતાં સ્વામી સંભવ જીન, સ્વામી સંભવ જીન; પામી લઇએ સુખ સરરર, સુખ સરરર સુખ સરરર. ફરકે૦

ગરબો.

પાણી ભરવા હું ગઈતી રે.—એ રાગ.

આવ્યો ઉત્તમ દહાડો રે, પજુસણનો વ્હાલી; વાંચે સાધુ વખાણો રે, ધરમાધારે ચાલી આવ્યો. ભવ તરવા સર્વે સુણુ, જોને રાખી ધ્યાન. (૨) શાસ્ત્ર વચન શ્રદ્ધા ધરે, નક્કી થાય કલ્યાણ. એવું ભાખી ગયા છે રે, વીર જીન જયકારી; (૨) તેમ તારી ગયા છે રે, વીર જીન જયકારી; (૨) તેમ તારી ગયા છે રે, ઘણાં નરને નારી. આ-વ્યો૦ છઠ્ઠ અઠ્ઠમ કરતાં થકાં, વૃત્તીઓ વશ થાય; (૨) તો તેને નડશે નહીં, પાપ ખડ-કો કયાંય. સુખે નાવ સંસારી રે, લેશે ભવજળ તારી; (૨) 'નાન' વાણી આ મા રી રે, સદા છે સુખકારી.—આવ્યો૦

ગરબો.

પુનમ ચાંદની શી ખીલી.--એ રાહ.

રસીક રાસ આજ રચશું આણંદ અહીં રે, હેતે હળી મળી સકળ સમાજ, મહાવીર મંદીરે મજેથી તાળી આપતાં રે ટેક. ભલા ભવ તરવા મન ઉમંગ છે રે, માટે સજી આજ સુંદીર શણગાર. મહાવીર. ભક્તિ માળા ભાવથી, ધારે નર ને નાર; સુખ શાન્તી પામે સદા, વરતે જય જયકાર. અતી ઉમંગે પ્રભુના ગુણ ગાવતાં રે, સદા સુખી સુખી સુખીઆ થન ર મહાવીર. પુન્ય પ્રત્તાપે પામશો, મુક્તિમાળા ચાર; જંજાળી આ જગ મહીં, 'નાન' નથી કાંઇ સાર, તેથી ચેતી લે ચતુર ચીત પ્રાણીઆ રે, નિશ્ચે નવરંગ રંગ મળનાર. મહાવીર૦ કંચન કાયા કામની, કંઈ નહીં આવે કામ; મુકી મનડા ચાલવું

ઠરી ન રહેવું ઠામ. ત્યારે મારૂં તારૂં કરીને શું સ્થાપવું રે, સાથે સાચું એક "અરિહંત" નામ—મહાવીર૦ મન મરકટને માનવી, મદ મદીરા પાય; કહો ગતી ક્યાં તેહની, ઉત્તમ અરેરે થાય. જોતાં દયા છુટે સજજન દાતારને રે, તેથી જપ મન "જીનરાજ" નામ.—મહાવીર૦

ગરબો.

રાસડો—પીલુ બરવા તાલ, હીંચ પછી દીપચંદી.

ચાલો ચાલો ચતુર નર આજ, જીનમુખ જોવાને, નમું તારણ તરણ ઝહાજ ભવદુઃખ ખોવાને; જપી જાપ સદા જીનરાજ, અઘ મલ ધોવાને, એ કરીએ નીરમળ કાજ, શીવ વધુ મોહવાને; વિધિ સહિત સ્વામી સેવીએ સદા, માગીએ છે મંગળ મહારાજ રે, અમને સંસાર સીંધુ તાત તારીએ, આ

શરો અમોને પ્રભુ એક આપનો, કરીએ સર્વજ્ઞ સુપસાય રે.—અમને સંસાર૦ મૃ-ગમદ કેસર ચંદન ચોળી, અગરવર ઘન-સારને ઘોળી, પુજે મહાવીરજીન ટોળી, તન મન વચન સુધારી, જાસુલ ફુલ અ-મુલ્ય ચડાવે, શીવસુત કેશવ શીષ નમાવે સુખકર સેવા બજાવે, તન મન વચન સુ-ધારી. ચાલો૦

પદ ૧

બેહેર બેહેર નહીં આવે, હો અવસર બેહેર બેહેર નહીં આવે. ટેક. જયું જાણુ ત્યું કરસે ભલાઇ, જનમ જનમ સુખ પા-વે. અવસર૦ ૧ તન ધન જોબન સબહી જુઠો, પ્રાણ પલકમેં જાવે. અવસ૦ ૨ તન છુટે ધન કોણ કામકો, કાયકુ કૃપણ કહાવે. અવસર૦ ૩ જાકે દિલમેં સાચ બસ તહે, ત્યાકુ જુઠ ન ભાવે. અવસર૦ ૪ આનંદ-

ઘન પ્રભુ ચલત પંથસેં, સમરી સમરી ગુણ ગાવે. હો અવસર૦ ૫

પદ ૨

બલિહારી જાઉં વારી, મહાવીર તોરી સમવસરણકી. બલિહારી૦ આંકણી. ત્રણ ગઢ ઉપર તખત બિરાજે, બેઠી છે પરખદા વારી. મહાવીર૦ ૧ વાણી જોજન સહુ કોઈ સાંભળે, તાર્યા છે નર ને નારી. મહા૦ ૨ આનંદઘન પ્રભુ એણીપેરે બોલે, આવા તે ગમનનીવારી. મહા૦ ૩

પદ ૩

હાં રે પ્રભુ ભજ લે મેરા દિલ રાજી. આંકણી. આઠ પહોરકી ચોસઠ ઘડીયાં,દો ઘડીયાં જિન સાજી રે. હા રે ૧ દાન પુન્ય કછુ કર્મ કર લે, મોહ માયાકું ત્યાગી રે. હાં રે૦ ૨ આનંદઘન કહે સમજ સમજ લે, આખર ખોવેગા બાજી રે. હાં૦૩

પદ ૪

કુમકુમને પગલે, પધારો રાજ, કુંમકુમને પગલે. આંકણી. સંસાર છોડી સંજમ આદરવા, દાન દીધાં ઢગલે. પધારો. ૧ સેવીકા દેવી સેહેસ પુરૂષસેં, પ્રભુ બેસી ફરો સઘળે. પધારો૦ ૨ વન જઇ પ્રભુ દીક્ષા લીની, ઉપજે જ્ઞાન ચોથું ઉગલે. પધારો૦ ૪ કરમ ખપાવી કેવળ લીધું, મોક્ષે પહોતા તેતો એક મજલે. પધારો૦ ૪ નથુ કલ્યાણ કહે ચેતનને, તું તો એવા પ્રભુ ભજલે. પધારો૦ ૫

પદ ૫

સમેતશિખર ચાલો જઇએ મોરી સજની. સમેત૦ ટેક. દેશ દેશકે જાત્રાએ આવે, અતિ સુખ અતિ સુખ ચહીએ મોરી સજની. સમેત૦ ૧ વીસે ટુંકે વીસ જિનેશ્વર, વંદીને પાવન થઇએ મોરી સજની.

સમેત૦ ૨ મન વચ કાયા પ્રદક્ષણા દે કર, મુક્તિ પદમ પદ લહીએ મોરી સજની. ૩

પદ ૬

પંથીડા પંથ ચલેગા, પ્રભુ ભજલે દીન ચાર. પંથીડા૦ કયા લે આયા, કયા લે જાશે, પાપ પુન્ય દોનું લાર. પંથીડા૦ બાલપણું તેં તો ખેલ ગુમાયો, યૌવન માયા જાળ. પંથીડા૦ બુઢાપો આયો ધર્મ ન પાયો, પીછે કરત પોકાર. પંથીડા૦ જુઠી માયા જુઠી કાયા, જુઠો સબ પરિવાર. પંથીડા૦ દયા મયા કર પાસ આવંતા, અબતો તેરો આધાર. પંથીડા૦

પદ ૭

અમે તો આજ તમારા, બે દીનના મેમાન; સફળ કરો આ સહજ સમાગમ, સુખનું એજ નિદાન. અમે૦ ૧ આવ્યા જેમ જશું તે રીતે, સર્વે એમ સમાન; પા

છીએ કોઈ દિને નહિ મળીએ, ક્યાં કરશો સન્માન. અમે૦ ૨ સાચવજો સંબંધ પરસ્પર, ધર્મે રાખી ધ્યાન; સંપી સદ્ગુણ લેજો દેજો, દૂર કરી અભિમાન. અમે૦ ૩ લેશ નથી અમને અંતરમાં, માન અને અપમાન; હોય કશી કડવાશ અમારી, તો પ્રિય કરજો પાન. અમે૦ ૪

પદ ૮

સિદ્ધ સ્વરૂપી સદા પદ તેરો, તું મુરખ કાં ભુલે રે. ટેક. વ્યાજ નશો પહલે નહિં બાંધ્યો, ખામી લગાઇ મુલે રે. સિદ્ધ૦ ૧ નરક નિગોદ કુમતકા શિરપર, આપ બન્યો હે દુલે રે. સિદ્ધ૦ ૨ સબ સંપતકા સુખ દેખકર, ચેતન મનમેં ફુલે રે. સિદ્ધ૦ ૩ જિનદાસ તેં દુનિયા માંહી, જન્મ લીયો સબ ધુળે રે. સિદ્ધ૦ ૪

૫૬ ૯

ભુજંગી.

રે મોજડી આ ત્વચાની રૂપાળી,
પ્રભો ! સ્નાયુને વાપરો હારી જાણી,
વળી ઓહ્પર આપ સ્વચ્છંદ ચાલો,
અને વિરહથી દુઃખીને સુખ આપો;
પ્રભુ આપના ચર્ણનો દાસ હું છું,
સ્વીકારો વિભુ દાસનો દાસ હું છું.

આ માળામાંના દોરાની માફક મેં મારૂં માથું અનેક મણકાઓ (સંકટ) માંથી કહાડયું છે ત્યારેજ હું મ્હને-આત્માને ઓળખી શકયો અને ત્યાંજ શાંત થઈબેઠોછું.

સાખી.

માળા તો મનકી ભલી, ઓર કાષ્ટકા ભાર;
માળા બીચારી ઠયા કરે, ફેરવનાર ગમાર.

થાયો.

શંખેશ્વર પાસજી પૂજીએ, નરભવનો લાહો લીજીએ; મનવંછિત પૂરણ સુરતરૂ, જય માતાસુત અલવેસરૂ. ૧ દોય રાતા જિનવર અતિ ભલા, દોય ધોળા જિનવર ગુણ નીલા; દોય લીલા દોય સામગ કુ-હ્યા, સોળે જિન કંચન વર્ણ લહ્યા. ૨ આગમ તે જિનવરે ભાખિઓ, ગણધર તે હુ-ઈડે રાખીઓ, તેહનો રસ જેણે ચાખીઓ, તે હુવો શિવસુખ સાખીઓ. ૩ ધરણીધર રાય પદ્માવતી, પ્રભુ પાર્શ્વતણા ગુણ ગા-વતી; સહુ સંઘના સંકટ ચૂરતી, નયવિ-મળનાં વંછિત પૂરતી. ૪ ઇતિ.

કલ્યાણ કંદં, પઢમં જીણંદં, સંતિતહો નેમિજીણંદં મુણીંદં; પાસં પયાસં, સુગ-ણીક ઠાણં, ભતિયવંદે શ્રી વર્દ્ધમાનં. ૧

અપાર સંસાર સમુદ્દપારં, પત્તા સીવંદીતુ સુઇક્ક સારં; સવ્વે જીણંદા, સુરવંદ વંદા, કલ્યાણ વલીન વિસાલ કંદા. ૨ નિવ્વાણ મગ્ગે વરયાનકપ્પં, પણાસયા સેસ કુવાઇદપ્પં; મયં જીણાણં સરણં બુહાણં, નમામિ નિચ્ચં તિજગ પહાણં. ૩ કુદીંદુ ગોખીર તુસારવના, સરોજ હથા કમલે નિસન્ના; વાએસરી પુથય વગહથ્થા, સુહાયસા હમ શયાપસથ્થા. ૪ ઇતિ.

ચિંતામણ ચિંતા ચૂરસે, આદેસર આશા પૂરશે; શાન્તિનાથની શેવા જે કરે, જે જોઇએ તે આવી મળે. ૧

પજુષણની થોયો.

સત્તરભેદી જિન પૂજા રચીને, સ્નાત્ર મહોચ્છવ કીજેજી, ઢોલ દદામા ભેરને ફેસ, ઝલ્લસ નાદ સુણીજેજી; વિરજીન આગળ ભાવના ભાવી, માનવભવ ફળ લીજે

જી, પરવ પજીષણ પૂરવ પુન્યે, આવ્યાં એમ ગણીજેજી. ૧ માસ પાસ વળી દ-સમ દુવાલસ, ચત્તાસ અઠ્ઠ કીજેજી, ઉપર વળી દસ દોય કસને, જિન ચોવીશે પૂજે જી; વડા કલપનો છઠ્ઠ કસને, વીર ચરિત્ર સુણીજેજી, પડવેને દિન જન્મ મહોચ્છવ, ધવળ મંગળ વરતીજેજી. ૨ આઠ દિવસ લગે અમર પળાવી, અઠ્ઠમનો તપ કીજેજી, નાગકેતુની પરે કેવળ લહીએ, જો શુભ ભાવે રહીએજી; તેલાધર દિન ત્રણ કલ્યા-ણક, ગણધર વાદ વદીજેજી, પાસ નેમિસર અંતર ત્રીજે, રિખવ ચરિત્ર સુણીજેજી. ૩ બારસેં સૂત્ર ને સમાચારી, સંવચ્છરી પડિક્કમીએજી, ચૈત્રપ્રવાડી વિધિસ્યું કીજે, સકળ જંતુને ખામીજેજી; પારણાને દિન સ્વામિવચ્છળ, કીજે અધિક વડાઇજી, માન વિજય કહે સકળ મનોરથ, પૂરે દેવી સિ-ધાઇજી. ૪

સિદ્ધચક્રની થોયો.

જિન સાસન વંછિત, પૂરણ દેવ રસાળ, ભાવે ભવિ ભજીએ, સિદ્ધચક્ર ગુણ માળ; ત્રિહુંકાળે એહની, પૂજા કરે ઉજમાળ, તે અમર અમર પદ, સુખ પામે સુવિશાળ. ૧ અરિહંત સિદ્ધ વંદો, આચારજ ઉવઝાય, મુનિ દરશણ નાણું, ચરણ તપ એ સમુદાય; એ નવ પદ સમુદિત, સિદ્ધચક્ર સુખદાય, એ ધ્યાને ભવિનાં, ભવકોડી દુઃખ જાય. ૨ આસો ચઇતરમાં સુદી સાતમથી સાર, પુનમ લગી કીજે. નવ આંબિલ નિરધાર; દોય સહસ ગણેવું, પદ સમ સાડા ચાર, એકાશી આંબિલ, તપ આગમ અનુસાર. ૩ શ્રી સિદ્ધચક્ર શેવક, શ્રી વિમલેસર દેવ, શ્રીપાળતણી પેરે, સુખ પૂરે સ્વયમેવ; દુઃખ દોહગ નાવે, જે કરે એહની સેવ, શ્રીસુમતિ સુગુરૂનો, રામ કહે નિતમેવ. ૪ ઇતિ.

બીજની થાય.

દિન સકળ મનોહર, બીજ દિવસ સુવિશેષ;
રાય રાણા પ્રણમે, ચંદ્રતણી જિહાં રેખ.
તિહાં ચંદ્ર વિમાને, શાશ્વતા જિનવર જેહ;
હું બીજ તણે દિન, પ્રણમું આણી નેહ.

પાંચમની થાય.

શ્રાવણ સુદી દિન પંચમીએ,
જનમ્યા નેમ જિણંદતો;
શ્યામવરણ તનુ શોભતુંએ,
મુખ સારદકો ચંદતો.
સહસ વરસ પ્રભુ આવખુંએ,
બ્રહ્મચારી ભગવંતતો;
અષ્ટ કર્મ હેલે હણીએ,
પોહોચ્યા મુગતિ મહંત તો.

આઠમની થાય.

મંગળ આઠ કરી જસ આગળ,

ભાવ ધરી સુરરાજજી;
આઠ જાતિના કળસ ભરીને,
નવરાવે જિનરાજજી.
વિર જિનેશ્વર જન્મમહોચ્છવ,
કરતાં શિવસુખ સાધેજી;
આઠમનો તપ કરતાં અમ ઘેર,
મંગળ કમળા વાધેજી.

એકાદશીની થોય.

એકાદશી અતિ રૂઅડી, ગોવીંદ પૂછે નેમ;
કીણ કારણ એ પર્વ મોટું, કહોને મુજશું તેમ
જિનવર કલ્યાણક અતિ ઘણાં,એકસોનેપંચાસ;
તેણ કારણ એ પર્વ મોટું, કરો મોન ઉપવાસ.

સિદ્ધાચળની થોયો.

શ્રી શેત્રુંજો તિરથ સારો, ગિરિવરમાં જેમ મેરૂ ઉદ્ધારો, ઠાકોર રામા પાસ; મંત્ર માંહી નવકારજ જાણું, તારામાં જેમ ચંદ્ર વખાણું; જળધર જળમાં જાણું; પંખીમાં

ઉત્તમ જેમ હંશ, કુળમાંહી જેમ રિખ-
વનો વંશ; નાભિતણા એ અંશ, ખેમાવં
તમાં શ્રી અરિહંત; તપસુરામાં મહા મુ-
નિવંત, શેત્રુંજે ગયા ગુણવંત. ૧

પુંડરગિરિ મહિમા, આગમમાં પરસિદ્ધ;
વિમળાચળ ભેટી, લહીએ અવિચળ રિદ્ધ;
પંચમ ગતિ પોહોચ્યા, મુનિવર કોડાકોડ,
એણે તિરથે આવી, કર્મ વિપાતક છોડ.

આદિ જિનવર રાયા, જાસ સોવન્ન કાયા,
મરૂદેવી માયા, ધોરી લંછન પાયા;
જગત સ્થિતિ નિપાયા, શુદ્ધ ચારિત્ર પાયા
કેવળસિરિ રાયા, મોક્ષનગરે સિધાયા.

ઋષભ ચંદ્રાનન વંદન કીજે, વારિખેણ
દુઃખ વારેજી, વર્દ્ધમાન જિનવર વળી પ્ર-
ણમો, શાશ્વત નામ એ ચ્યારેજી; ભરતાદિક

ખેત્રે મળી હોવે, ચ્યાર નામ એ ચ્યારે-જી, તેણે ચ્યાર એ શાશ્વત જિનવર, નમીએ નિત્ય સવારેજી.

પ્રહ ઉઠી વંદુ, રિખવદેવ ગુણવંત,
પ્રભુ બેઠા સોહીએ, સમવસરણ ભગવંત;
ત્રણ છત્ર બિરાજે, ચામર ઢાળે ઈંદ્ર,
જનના ગુણ ગાવે, સુરનર નારીના વૃંદ.

શ્રીસીમંદિરસ્વામીની થોયો.

શ્રી સીમંધર જિનવર, સુખકર સાહેબ દેવ,
અરિહંત સકળની, ભાવ ધરી કરૂં સેવ;
સકળ આગમ પારક; ગણધર ભાખિત વાણ,
જયવંતી આણા, જ્ઞાનવિમળ ગુણી ખાંણ.

મહાવિદેહખેત્રમાં મંદિરસ્વામી, સોનાનું સિંહાસનજી; રૂપાનું ત્યાં છત્ર બિરાજે, રત્નમણીમાં દિવા ચ્યારજી. કુમકુમ વરણી

ત્યાં ઘુમરી બિરાજે, મોતીના અક્ષર સાર જી; ત્યાં બેઠા સીમંધિરસ્વામી, બોલે મધુરી વાણીજી. કેસર ચંદન ભર્યાં કચોળાં, કસ્તુરી બરાસોજી; પેહલી રે પૂજા મારી હોજો, ઉગમતે પરભાતેજી.

પાર્શ્વનાથની થોય.

પાસ જીણંદા વામાનંદા, જબ ગરભે ફળી, સુપનાં દેખે અર્થ વિશેષે, કહે મઘવા મળી જિનવરજાયા સુરહુલરાયા, હુઆ રમણી પ્રિયે, નેમિ રાજી ચિત્ત વિરાજી, વિલોકિત વ્રત લીએ

શ્રી ધર્મનાથની થોય.

સખિ ધર્મ જિનેશ્વર પૂજિએ,
જિન પૂજે મોહને ધ્રુજીએ;
પ્રભુ વચણ સુધારસ પીજીએ,
કિંનર કંદર્પો રીજીએ. ૧

શ્રી મલ્લિનાથની થોય.

મલ્લિનાથ મુખચંદ નિહાળું,

અરિહા પ્રણમી પાતક ટાળું;
જ્ઞાનાનંદ વિમલ પુરસેર,
ધરણ પ્રિયા શુભવીર કુબેર. ૧

અષ્ટાપદે શ્રી આદિ જિનવર, વીર પાવાપુરી વરૂ, વાસુપૂજ્ય ચંપાનયર સિદ્ધા, નેમ રેવાગિરિ વરૂ; સમેતશિખરે વીસ જિનવર, મોક્ષ પોહોત્યા મુનિવરૂ, ચોવીશ જિનવર નિત્ય વંદુ, સયલ સંઘ સુહંકરૂં. ૧

વિરઃ સર્વ સુરાસુરેંદ્ર મહિતો, વીરં બુધાઃ સંશ્રિતા, વીરેણાભિહતઃ સ્વકર્મ નિચયો, વિરાય નિત્યં નમઃ; વીરાતિર્થમિદં પ્રવૃત્તમતુલં, વીરસ્ય ઘોરં તપો, વીરે શ્રી ધૃતિ કીર્તિ કાંતિ નિચયઃ શ્રી વીર ભદ્રં દેશ. ૧

સજ્ઝાયો.

ગૌતમસ્વામીની સજ્ઝાય.

હે ઇંદ્રભૂતિ તાહારા ગુણ કહેતાં હરખ ન માય, હે ગુણ દરિયા સુર વહુ કરજોડી ગુણ ગાએ ॥ એ આંકણી ॥ જે શંકર વિરંજીની જોડી, વળી મોરલીધરને વિછોડી ॥ તેં જિનજી સાથે પ્રિત જોડી ॥ હે ઇંદ્ર૦ ॥ ૧ ॥ વેદના અરથ સુની સાચા, વીરના ચેલા થયા જાચા ॥ કોઇ લબ્ધીએ ન રહ્યા કાચા ॥ હે ઇંદ્ર૦ ॥ ૨ ॥ પરિગ્રહ નવ વિષના ત્યાગી, તુમચી જાગરણદશા જાગી ॥ ધર્મધ્યાન શુકલધ્યાનના રાગી ॥ હે ઇંદ્ર૦ ॥ ૩ ॥ અનુજોગ ચારના બહુ જાણ, તેણે નિર્મળ પ્રબળ તુજ નાણ ॥ અમરત રસ સમ મીઠડી વાણ ॥ હે ઇંદ્ર૦ ॥ ૪ ॥ જે કામ નૃપને રમવા દડી, ત્રણ ગતિ ત્રિવટે તેહ પડી ॥ તે રમણી તુજને

નાહીં નદી ॥ હે ઇંદ્ર૦ ॥ ૫ ॥ અતિ જાગરણદશા જ્યારે જાગી, ભાવઠ સઘળી ત્યારે ભાગી ॥ કહે ધર્મજીત નોબત વાગી ॥ હે ઇંદ્ર૦ ॥ ૬ ॥ ઇતિ ॥

હિતોપદેશ સઝાય.

હુંતો પ્રણમું સદ્ગુરૂ રાયા રે, માતા સરસતીના વંદૂં પાયા રે ॥ હુંતો ગાઉં આતમરાયા ॥ જીવણજી બારણે મત જાજ્યો રે ॥ તુમ ઘેર બેઠા કમાવો ચેતનજી ॥ બારણે મત જાજ્યો રે ॥ ૧ ॥ તાહરે બાહીર દુર્મતિ રાણી રે, કેતાશું કુમતિ કહેવાણી રે ॥ તુને ભોળવી બાંધશે તાણી ॥ જી૦ ॥ બા૦ ॥ ૨ ॥ તાહરા ઘરમાં છે ત્રણ રતન રે, તેનું કરજે તું તો ચતન રે ॥ એ અખુટ ખજાનો છે ધન ॥ જી૦ ॥ ॥ બા૦ ॥ ૩ ॥ તાહરા ઘરમાં પેઠા છે ધુતારા રે, તેને કાઢોને પ્રિતમ પ્યારા રે ॥

એથી રહોને તુમે ન્યારા ॥ જી૦ ॥ આ૦ ॥ ॥ ૪ ॥ સત્તાવનને કાઢો ઘરમાંથી રે, ત્રેવીશને કહો જાયે મહાંથી રે ॥ પછી અનુભવ જાગશે માંહેથી ॥ જી૦ ॥ આ૦ ॥ ॥ ૫ ॥ સોલ કપાયને દિયો શીખ રે, અઢારે પાપસ્થાનકને મંગાવો ભીખ રે ॥ પછે આઠ કરમની શી બીક ॥ જી૦ ॥ આ૦ ॥ ૬ ॥ ચારને કરોને ચકચુર રે, પાંચશીશું થાઓ હજુર રે ॥ પછે પામો આનંદ ભરપૂર ॥ જી૦ ॥ આ૦ ॥ ૭ ॥ વિવેક દીવે કરો અજુવાળો રે, મિથ્યાત્વ અંધકારને ટાળો રે ॥ પછે અનુભવ સાથે માળો ॥ જી૦ ॥ આ૦ ॥ ૮ ॥ સુમતિ સાહેલી શું ખેલો રે, દુર્ગતિનો છેડો મેલો રે ॥ પછે પામો મુક્તિગઢ હેલો ॥ જી૦ ॥ ॥ આ૦ ॥ ૯ ॥ મમતાને કેમ ન મારો રે, જીતી બાજી કાંઇ હારો રે ॥ કેમ પામે ભવનો પારો ॥ જી૦ ॥ આ૦ ॥ ૧૦ ॥

શુદ્ધ દેવ ગુરૂ સુપસાય રે, મારો જીવ આ
વે કાંઇ ઠાય રે ॥ પછે આનંદઘન મન થા
ય ॥ જીવણજી ॥ આ૦ ॥ ૧૧ ॥ ઇતિ ॥

મૃગાપુત્રની સઝાય.

સુગ્રીવનયર સોહામણુંજી, રાજા શ્રી બ
લભદ્ર ॥ તસ ઘરણી મૃગાવતીજી, તસ
નંદન ગુણવંત રે ॥ માડી બેશુ લાખિણો
જાય ॥ ૧ ॥ સંયમ ચિંતામણી સમોજી,
અધિક મોરે મન થાય ॥ તન ધન જોબન
કારમોજી, ખિણ ખિણ ખુટે આય રે ॥
॥ માડી૦ ॥ ૨ ॥ એક દિન બેઠા માળિ-
એજી, નારીને પરિવાર ॥ શીશ સૂર દાઝે
તલેજી, દીઠા સિરી અણગાર રે ॥ માડી૦
॥ ૩ ॥ તસ દરસણ ભવ સાંભર્યોજી, આ
વ્યો મન વૈરાગ ॥ આમણ દુમણ ઉતર્યો-
જી, લાગ્યો માતાને પાય રે ॥ માડી૦ ॥
॥ ૪ ॥ પાય લાગીને વિનવેજી, સાંભળો

ઓરી રે માત ॥ નાટકની પેરે નાચીઓજી, હવે ન લેખું ઘાત રે ॥ માડી૦ ॥ ૫ ॥ સાતે નરકે હું ભમ્યોજી, અનંત અનંતિ રે વાર ॥ છેદન ભેદન ત્યાં સહ્યાંજી, કેતાં ન લહું પાર રે ॥ માડી૦ ॥ ૬ ॥ સાયરજળ પીધાં ઘણાંજી, વળી પીધાં માયનાં થાન તૃપ્તિ ન પામ્યો પ્રાણિઓજી, વળી વળી માગું માન રે ॥ માડી૦ ॥ ૭ ॥ વચણ સુણી બેટાતણાંજી, જનની ધરણી ઢળંત ॥ ચિત્ત વળ્યું તવ આરડેજી, નયણે નીર ઝરંત રે ॥ માડી૦ ॥ ૮ ॥ વળતું માડી ઇમ ભણેજી, સાંભળો મોરા રે પુત ॥ મન મોહન મુજ વાલહોજી. કાંઇ ભાગે ઘરસૂત્ર રે ॥ જાયા તુજ વિણ ઘડીય ન જાય ॥૯॥ મોટા મંદિર માળિયાજી, નારીનો પરિવાર વચ્છ તુમ પાખે એ સહુજી, રણુ સમે વડી થાય રે ॥ જાયા૦ ॥ ૧૦ ॥ દસ મસવાડા ઉદર ધર્યોજી, જનમતણું દુઃખ દીઠ ॥ કનક

કર્મોગે પોખિયોજી, હવે હું થઈ અનિઠ રે ॥ જાયા૦ ॥ ૧૧ ॥ જાવજ્જીવ રમણી તજવાંજી, લીજે બહુલા રે ભોગ ॥ એ ભોજન વિરથા પડીજી, આદરજો તપ જોગ રે ॥ જાયા૦ ॥ ૧૨ ॥ ઘરઘર ભિક્ષા માગવીજી, અરસ વિરસ વિહાર ॥ ચારિત્ર છે વજ્ર તોલિયોજી, જેસી ખાંડાની ધાર રે ॥ જાયા૦ ॥ ૧૩ ॥ પંચ મહાવ્રત પાળવાજી, પાળવા પંચ આચાર ॥ દોષ બેતાલીશ ટાળવાજી, લેવો શુદ્ધ આ-હાર રે ॥ જાયા૦ ॥ ૧૪ ॥ મીણ દાંત લોહમય ચાવણાજી, તું કીમ ચાવીસ વચ્છ ॥ વેણુ કવલસમ કોળીયાજી, સંજમ કહે જિનરાજ રે ॥ જાયા૦ ॥ ૧૫ ॥ પલંગ તળાઈ પોઢતાજી, કરવા ભૂમિ સંથાર ॥ કુ-નક કચોળાં છાંડવાંજી, વચ્છ કાચલીએ વ્યવહાર રે ॥ જાયા૦ ॥ ૧૬ ॥ શિયાળે

શીત વાય છે જી, ઉનાળે લૂ વાય ॥ વર-
સાલે અતિ દોહીલોજી, ઘડી વરસ સો
થાય રે ॥ જાયા૦ ॥ ૧૭ ॥ કુંવર ભણે
સુણ માવડીજી, સંયમ સુખ ભંડાર ॥
આઉરાજ નગરીતણાજી, ફેરા ટાલણહાર રે
॥ માડી૦ ॥ ૧૮ ॥ સુણ અમારા બાલુડા
જી, કોણ કરશે તુજ સાર ॥ રોગ જબ
આવી લાગશેજી, નહીં ઔષધ ઉપચાર રે
॥ જાયા૦ ॥ ૧૯ ॥ વનમાં રહે છે મૃગ-
લાંજી, કોણ કરે તેહની સાર ॥ વનમૃગની
પરે ચાલસ્યુંજી, અનુમતિ દીયો મોરી મા
ય રે ॥ માડી૦ ॥ ૨૦ ॥ માય ોકલાવી
ને વલીજી, સમરથ સાહસ ધીર ॥ શ્રી
ગુરૂ ચરણે જઈ નમ્યોજી. દિક્ષા દ્યો શ્રી
વીર રે ॥ જાયા૦ ॥ ૨૧ ॥ સુરનર કિન્નર
બહુ મિલ્યાજી, ઓચ્છવનો નહીં પાર ॥
સર્વ વ્રતી જેણે આદરીજી, જિણે લહિયે
ભવજળ તીર રે ॥ જાયા૦ ॥ ૨૨ ॥ ષટ

ક્રાય ગોવાલીયોજી, ઉપસમ રસ ભંડાર ॥ પ્રમિતિ ગુપ્તિ ઋષિ પાળતોજી, નિરાધાર આધાર રે ॥ જાયા૦ ॥ ૨૩ ॥ મૃગાપુત્ર ઋષિ રાજીયોજી, પામ્યો શિવપુર ઠામ ॥ સિંહવિમલ એમ વિનવેજી, હોજો તાસ પ્રમાણ રે ॥જાયા તુજ વિણ ઘડીય ન જાય ॥ જાયા૦ ॥ ૨૪ ॥

ઇલાચીપુત્રની સઝાય.

નામ ઇલાપુત્ર જાણીયે, ધનદત્તશેઠનો પુત્ર; નટવી દેખીને મોહીઓ, જે રાખે ઘરસુત્ર ॥ કરમ ન છુટે રે પ્રાણીયા ॥ પૂરવ નેહ વિકાર, નિજ કુળ છંડી રે નટ થયો ॥ નાણી શરમ લગાર ॥ કરમ૦ ॥ ૨ ॥ ઇક પુર આવ્યો રે નાચવા, ઉંચો વાંસ વિશેષ ॥ તિહાં રાય જોવા રે આવીઓ, મળી-યા લોક અનેક ॥ કરમ૦ ॥ ૩ ॥ હાથપગ પહેરી રે પાવડી, વાંસ ચડયો ગજ ગેલ ॥ નિરાધાર ઉપર નાચતો, ખેલે નવ નવા

ખેલ ॥ કરમ૦ ॥ ૪ ॥ ઢોલ બજાવે રે ન-
ટવી, ગાવે કિંનર સાદ ॥ પાયતલ ઘુઘરા
રે ઘમઘમે, ગાજે અંબર નાદ ॥ કરમ૦ ॥
॥ ૫ ॥ તિહાંરાય ચિત્તમેંરે ચિંતવે, લુબધો
નટવીને સાથ ॥ જો નટ પડેરે નાચતો,
તો નટવી મુજહાથ ॥ કરમ૦ ॥ ૬ ॥
દાન ન આપે રે ભૂપતિ, નટ જાણે
નૃપ વાત ॥ હું ધન વંછું રે રાયનો,
રાય વંછે મુજ ઘાત ॥ કરમ૦ ॥ ૭ ॥ તવ
તિહાં મુનિવર પેખીઆ, ધન ધન સાધુ
નિરાગ ॥ ધિક્ ધિક્ વિષ્યા રે જીવને, એ-
મ પામ્યો વૈરાગ ॥ કરમ૦ ॥ ૮ ॥ થાળ
ભરી શુદ્ધ મોદકે, પદ્મણી ઉભેલાં બાર ॥
લો લો કે છે લેતા નથી, ધન ધન મુનિ
અવતાર ॥ કરમ૦ ॥ ૯ ॥ સંવરભાવે રે
કેવળી, થયો મુનિ કર્મ ખપાય ॥ કેવળ
મહિમાજી સુર કરે, લબ્ધિવિજે ગુણ ગાય
॥ કરમ ન છુટે રે પ્રાણીયા ॥ ૧૦ ॥

ક્રોધની સઝાય.

કડવાં ફળ છે ક્રોધનાં, જ્ઞાની એમ બોલે; રીસતણો રસ જાણીયે, હળાહળ તોલે. કડવાં૦ ૧ ક્રોધે ક્રોડ પૂરવતણું, સંજમ ફળ જાય; ક્રોધસહિત તપ જે કરે, તે તો લેખે ન થાય. કડવાં૦ ૨ સાધુ ઘણો તપીયો હતો, ધરતો મન વૈરાગ; શિષ્યના ક્રોધથકી થયો, ચંડકોશીયો નાગ. કડવાં૦ ૩ આગ ઉઠે જે ઘરથકી, તે પેહેલું ઘર બાળે; જળનો જોગ જો નવિ મળે, તો પાસેનું પ્રજાળે. કડવાં૦ ૪ ક્રોધતણી ગતિ એહવી, કહે કેવળનાણી; હાણ કરે જેહ હેતની, જાળવજો પ્રાણી. કડવાં૦ ૫ ઉદયરત્ન કહે ક્રોધને, કાઢજો ગળે સાહી; કાયા કરજો નિર્મળી, ઉપશમ રસ નાહી. કડવા૦ ૬

માનની સઝાય.

રે જીવ માન ન કીજીએ, માને વિનય ન આવે રે; વિનય વિના વિદ્યા નહીં, તો

કેમ સમકિત પાવે રે. રે જીવ૦ ૧ સમકિત વિણ ચારિત્ર નહીં, ચારિત્ર વિણ નહીં મુક્તિ રે; મુક્તિ વિના સુખ શાશ્વતાં, કેમ લહિયે યુક્તિ રે. રે જીવ૦ ૨ વિનય વડો સંસારમાં, ગુણમાં અધિકારી રે; ગર્વે ગુણ જાયે ગળી, ચિત્ત જુઓ વિચારી રે. રે જીવ૦ ૩ માન કર્યું જો રાવણે, તેતો રામે માર્યો રે; દુર્યોધન ગર્વે કરી, અંતે સવિ હાર્યો રે. રે જીવ૦ ૪ સૂકાં લાકડાં સારિખો, દુઃખદાયી એ ખોટો રે; ઉદયરત્ન કહે માનને, દેશો દેશવટો રે. રે જીવ૦ ॥ ૫ ॥

માયાની સઝાય.

સમકિતનું બીજ જાણીએજી, સત્ય વચન સાક્ષાત; સાચામાં સમકિત વસેજી, કુડામાં મિથ્યાત્વ રે. પ્રાણી મ કરો માયા લગાર. ૧ મુખ મીઠા જુઠા મનેજી, કુડકપટનો રે કોટ; જીભે તો જી જી કરેજી, ચિત્તમાંહે તાકે ચોટ રે. પ્રાણી૦ ૨ આપ ગ-

રજે આશે પડેજી, પણ ન ધરે વિશ્વાસ; મેલ ન છાંડે મનતણોજી, એ માયાનો પાસ રે. પ્રાણી૦ ૩ જેહશું માંડે પ્રીતડીજી, તેહશું રહે પ્રતિકુળ; મન નવિ મૂકે આમળોજી, એ માયાનું મૂળ રે. પ્રાણી૦ ૪ તપ કીધું માયા કરીજી, મિત્રશું રાખ્યો રે ભેદ; મલ્લિ જિનેશ્વર જાણજોજી, તો પામ્યા સ્ત્રી વેદ રે. પ્રાણી૦ ૫ ઉદયરત્ન કહે સાંભળોજી, મેલો માયાની બુદ્ધ; મુક્તિપુરી જાવા તણોજી, એ મારગ છે શુદ્ધ રે. પ્રાણી૦ ૬

લોભની સજાય.

લોભ ન કરીયે પ્રાણીયા રે, લોભ બૂરો સંસાર; લોભ સમો જગમાં નહીં રે, દુર્ગતિનો દાતાર. ભવિકજન લોભ બૂરો રે સંસાર; કરજો તુમે નિરધાર ભવિકજન, જેમ પામો ભવપાર. ભ૦ લોભ૦ ૧ અતિ

લોભે લક્ષ્મીપતિરે, સાગર નામે શેઠ; પૂર પયોનિધિમાં પડ્યો રે, જઇ બેઠો તસ હેઠ ભ૦ લોભ૦ ૨ સોવનમૃગના લોભથી રે, દશરથસુત શ્રીરામ; સીતા નારી ગમાવીને રે, ભમીયો ઠામો ઠામ. ભ લોભ૦ ૩ દસમા ગુણઠાણા લગી રે, લોભતણું છે જોર; શિવપુર જાતાં જીવને રે, એહુજ મોટોચોર. ભ૦ લોભ૦ ૪ ક્રોધ માન માયા લોભથી રે, દુર્ગતિ પામે જીવ; પરવશ પડીયો બાપડો રે, અહોનિશ પાડે રીવ. ભ૦ લોભ૦ ૫ પરિગ્રહના પરિહારથી રે, લહિયે શિવ સુખ સાર; દેવદાનવ નરપતિ થઇ રે, જાશે મુક્તિ મોઝાર. ભ૦ લોભ૦ ૬ ભાવસાગર પંડિત ભણે રે, વીરસાગર બુધ શિષ્ય; લોભતણે ત્યાગે કરી રે, પહોંચે સયલ જગીશ. ભવિકજન. લોભ૦ ૭

શિખામણની સઝાય.

જીવ વારૂં છું મારા વાલમા, પરનારીથી પ્રિતી મ જોડ; પરનારીની સંગત નહીં ભલી, તારા કુળમાં લાગશે ખોડ. જી૦ ૧ જીવ આ સંસાર છે કારમો, દીસે છે આળ પંપાળ; જીવ એહવું જાણી ચેતજો, આગળ માછીડે નાંખી છે જાળ. જીવ૦ ૨ જીવ માત પિતા ભાઇ બેનડી, સહુ કુટુંબતણો પરિવાર; જીવ વેતી વારે સહુ સગું, પછે લાંબા કીધા જુહાર- જીવ૦ ૩ જીવ દેહેલી લગે સગો આંગણો, શેરીઅ લગે સગી માય; જીવ સીમ લગે સાજન ભલો, પછે હંસ એકિલો જાય. જીવ૦ ૪ જીવ જાતાં થકાં નવિ જાણીઉં, નવિ જાણ્યો વાર કુવાર; જીવ ગાડું ભરીયું ઇંધણે, વળી ખોખરી હાંડલી સાર. જીવ૦ ૫ જીવ આઠમ પાખી ન ઓળખી, જીવ

બહુલાં કીધાં પાપ; જીવ સુમતિવિજય મુનિ એમ ભણે, જીવ આવાગમન નિવાર. જીવ વારૂં છું મોરા વાલમા. ૬

કુરૂપને પરસ્ત્રી ત્યાગ આશ્રયી શિખામણની સઝાય.

સુણ ચતુર સુજાણ, પરનારીશું પ્રીતિ કબુ નવ કીજીએ; એ આંકણી. હાં રે જેણે પરનારીશું પ્રીતિ કરી, તેને હૈડે રંધણ થાય ઘણી; તેણે કુળ મરજાદા કાંઇ ન ગણી. સુણ૦ ૧ તારી લાજ જાશે નાત જાતમાં, તું તો હળુઓ પડીશ સહુ સાથમાં; એ કુમાડો ન આવે હાથમાં. સુણ૦ ૨ હાં રે સાંજ પડે રવિ આથમે, તારો જીવ ભમરાની પેરે ભમે; તુંને ઘરનો ધંધો કાંઇ ન ગમે. સુણ૦ ૩ હાં રે તું જઇને મળીશ ધૂતીને, તારૂં ધન લેશે સર્વ ધુતીને; પછે રહીશ હેઠું કુટીને. સુણ૦ ૪

તું તો બેઠો મૂછો મરડીને, તાહરૂં કાળજું ખાશે કરડીને, તારૂં માંસ લેશે ઉઝરડીને. સુણ૦ ૫ હાં રે તુને પ્રેમના પ્યાલા પાઇને, તાહરાં વસતર લેશે વાહાને; તુને કરશે બો ખું ખાઇને. સુણ૦ ૬ હાં રે તું તો પરમં દિરમાં પેશીને, તિહાં પારકી સેજે બેસીને; તેં ભોગ કર્યા ઘણું હેંશીને. સુણ૦ ૭ હાં રે જેમ ભુજંગથકી ડરતા રહેવું, તેમ પરનારીને પરિહરવું; હાં રે ભવસાગર ફેરે નવિ ફરવું. સુણ૦ ૮ વાહાલા પરણી નારીથી પ્રીત સારી, એ માથું વઢાવે પર નારી; તુએ નિશ્ચે જાણજો નિરધારી. સુણ૦ ૯ એ સદ્ગુરૂ કહે તે સાચું છે, તાહારી કાયાનું સરવે કાચું છે; એક નામ પ્રભુનું સાચું છે. સુણ૦ ૧૦

જોવન અથીરની સઝાય.

જોવનીઆનાં મોજાં ફોજાં, જાય નગા-

રાં હતી રે; ઘડી ઘડી ઘડીઆળાં વાજે, તોહી ન જાગે તેથી રે. જો૦ ૧ જરા રાક્ષસી જોર કરે છે, ફેલાવે ફજેતી રે; આવી અવધે ઉસંકે નહીં, લખપતીને લેતી રે. જો૦ ૨ માળે બેઠા મોજ કરે છે, ખાંતે જોવે ખેતી રે; જમરો ભમરો તાણી લેશે, ગોફણ ગોળા સેતી રે. જો૦ ૩ જિનરાજાને શરણે જાઓ, જોરા લોકો જેથી રે; દુનિયામાં દુજો દીસે નહીં, આખર તરશો તેથી રે. જો૦ ૪ દંત પડયા ને ડોસો થયો, કાજ સર્યું નહીં કેથી રે; ઉદયરત્ન કહે આપે સમજો, કહીએ વાતો કેતી રે. જો૦ ૫

સાખીઓ.

વીર જિનેશ્વર સાહિબો, ભમીયો કાળ અનંત;
પણ સમકિત પામ્યા પછી, અંતે થયા અરિહંત.
સુરતરૂ જાય ને કેતકી, ગુંથી ફુલની માળ;
ત્રિસલા નંદન પૂજીએ, વરીએ શિવ વરમાળ.

લાવણીયો.

આદિનાથની લાવણી.

શ્રી આદિનાથ નિરવાણી નમું એસો દયાની, ભવ જીવ તરણકે કાજ અમૃત વાણી. આંકણી. તુમ નાભિરાયા કુલધારી બ ડે અવતારી, યુગલ રહી ખલક્રમેં પ્રુથ કે સરકી કયારી; તુમ મમતા મનકી મારી આતમા તારી, તુજ દઈ વિપત વિષયનકી જાનકર ખારી; તુમ કરી મુગત પટરાણી જગતમેં જાણી. ભવ૦ ૧ જાણ્યા સુરનર સુખરાસી હુવા હે ઉદાસી, જલ ગઈ જ- ખલ જંજાળ જનમકી ફાંસી; તુમ જગત- પતિ અવિનાસી મુક્તિકે વાસી, તેરે દર- સનસેં સબ દુઃખ દૂર ગયા નાશી; પ્રભુ કરી સફલ જીંદગાની મેરે મન માંની, ભવ૦ ૨ બડે જોતવંત જિનરાજ જગતમેં બાજે, તેરે દરસનુ હે સુખદાય સુબાકે ર

જે; તેરી ધુન ગગનમેં ગાજે સુરપત લાજે, ગલ ગયા ગર્વ પાખંડ કામના ભાજે; નાટક નાચે ઇંદ્રાણી અધિક ધુન આણી. ભવ૦ ૩ તેરી મહિમા કહી ન જાવે પાર નહિ પાવે, ગાંધર્વ સુરપત સબ તેરે ગુણ ગાવે; તેરે ચરણોંસે લપટાવે સરસ લવલાવે, નર નાર હિયાકે માંહે ભગતિ તેરી ચ્હાવે; તેરી તૃષ્ણા સબ વીર લાણી મુગતિકુ ઠાંણી. ભવ૦ ૪ મરૂદેવા કુખકા જાયા અમર પદ પાયા, છપજા કુમરી નારી મીલિ જસ ગાયા; દુરગતકો દુઃખ વિરલાયા સફળ કરી કાયા, જીનદાસ નિરંજન દેખ શરણ તેરે આયા, સમકિતકી સેજ પીછાણી મળી મોહે ટાણી. ભવ૦ ૫

અજીતનાથની લાવણી.

શ્રી અજિતનાથ મહારાજ, ગરીબ નિવાજ, જરૂર જિનવરજી; શેવક ાશર નામી,

તાને ઉચ્ચારે અરજી. એ આંકણી. ૧ કર માફી મારા વાંક, રઝળીઓ રાંક, અનંતા ભવમેં; આવ્યો છું તાહારે શર્ણ, બળી દુઃખદવમેં; ક્રોધાદિક ઘુત્તા ચાર, ખરેખર ખાર. લગ્યા મુજ કેડે; વળી પાપી મારો નાથ છેક છંછેડે, આ સુજશો મુજ ભગવાન, કરૂં ગુણગાન, ધ્યાનમાં ધરજી. શેવક૦ ૨ મેં પુર્ણ કર્યાં છે પાપ, સુણજો આપ, કહું કર જોડી, મુજ ભુંડામાં ભગવાન, ભૂળ નહીં થોડી; જીવહિંસા અપરંપાર, કરી કિરતાર, હવે શું કરવું, જુઠું બહુ બોલી, સાચને શું હરવું; તુજ ખોળામાં મુજ શિશ, જાણ જગદીશ, ગમે તે કરજી. શેવક૦ ૩ મેં કર્યાં બહુ કુકર્મ, ધર્યો નહીં ધર્મ, પૂરણ હું પાપી, અવળો થઈ તહારી આણ, મેંજ ઉત્થાપી; હું મુરખ નિંદા ઘણી, મુનિવર તણી, કરી હ-

રખાવ્યો, પરદારા દેખી લબાડ હું લલચાયો; કિંકર કહે કેશવલાલ, આણીને વહાલ, દુઃખને હરજી. શેવક૦ ૪

શાન્તિનાથની લાવણી.

સુણ શાન્તિ શાન્તિ દાતાર, જગત આધાર, અચળજિનવરજી, અચળ જીનવરજી, કિંકર શિર નામી તને સુણાવે અરજી. એ આંકણી. કેવલ્યદ જિન તુજ નામ, સુણા ગુણ ધામ, હરખ ધરી મનમાં, હરખ ધરી મનમા આવ્યો હું તારે શરણ ભમી ભવ વનમા; ક્રોધાદિક વૈરી ચાર દિયે બહુ માર, પડ્યા મુજ કેડે, વળી અજીત પુન્ય કહંબકને ફેડે, મુજ દુઃખવારનો અંત, લાવી ભગવંત, તુમ સમ કરજી. તુજ સમ કરજી. કિંકર૦ ૧ મુજ અવગુણને જિનરાજ, માફ કર આજ, કહું કરજોડી, કહું કરજોડી, ભવ અકુપારથી તાર કર્મને તોડી, મેં પૂરણ કર્યાં કુકર્મ ધર્યો ન-

હી ધર્મ, સત્યે ભવ પામી, સત્યે ભવ પામી, વળી અસતણો અવતાર થયો બહુ કામી, હવે તુજ વિના જિનનાથ કોઈ નહિ હાથ, હરીને હરજી. હરીને હરજી. કિં૰ ૨ વાસવ સેવિત ભગવાન કરૂં ગુણગાન, દર્શ દો જિનજી, દર્શ દો જિનજી, તુજ દરિસણમાં જગદીસ મુજ મન લીનજી, તુમ ચરણ જલજની સેવ આપજો દેવ, જગત ઉપગારી, જગત ઉપગારી, પદ પંકજ સેવી તુણે વરૂ શિવનારી, માણિક વંદૂ તુમ પાય, વિભુ જિનરાય, પાપચય હરજી. પાપચય હરજી કિં૰ ૩

વિમલનાથની લાવણી.

કરૂં મેં સેવ જિન તેરી, અરજ સુણ વિમળનાથ મેરી. ટેક૰ અવર સુર નવિ ગમે મુજકું, યાચના કરત મેં તુજકું; રત્નકું સવિ જગત સેવે, કાચાકો ખંડ કોણ

લેવે, મધુકર રહે કમળ ઘેરી. અરજ૦ ૧ નાથ તુજ આણ નહીં પાળી, પારકી વા- મા નિહાળી; જીવ સમુદાય ઘણા મારી, દુઃખ મેં સહ્યાં અતિ ભારી; કરી ભોગતિ બિચમેં ફેરી. અરજ૦ ૨ કરૂં અબ શરણ જિન તેરૂં, નિજ મરણ કાપ દુઃખ મેરૂં; અચળપદ આપ હસ્ત જોડું, છેડશો નહીં તુજ છોડું, પ્રભુ કમ્મ કરતે હે દેરી. અરજ૦ ૩ જગતગુરૂ જિનવર જય- કારી, નમે તુજકું સુર નરનારી; જૈનકી સભા ગુણ ગાવે, મુનિ માણિક હર્ષ પાવે; વારજો દુષ્ટ કર્મ વેરી. અરજ૦ ૪

ઉપદેશ વિષે લાવણી.

ચેતન ભજલે જિનરાજ, પ્રણત પવિ પાણી, (૨) સબ જુઠા હે સંસાર, દુઃખકી ખાણી. એ આંકણી. ધન રમણી ભગની માત, જનકને ભ્રાતા, (૨) સ્વારથીઆ સ-

બ પરિવાર, કોઇ નહીં ત્રાતા; જેસો ચપળા ઝબકાર, તેસી હે માયા, (૨) ઉઠ ચલે જાયગા જીવ, નંગી કર કાયા. આવેગી સાથ અઘ પુન્ય, હાય કમાણી; (૨) સબ૦ ૧ તું ભટક્યો ચૌગતિમાંહી, અનંતિ વાર (૨) બહુ પુન્યોદયથી લીયો, મનુજ અવતાર, અબ છોડ ક્રોધને માન, પાપ ચયકારી, (૨) આરાધન કરૂં જિનધર્મ શર્મ દાતારી, જિનવરકી કર લે સેવ, ભાવ મન આણી. (૨) સબ૦ ૨ પરનિત મિની શું પ્રીત, કબુ નવ કીજે; (૨) અવિરત જિન આગમ, અમૃત રસકું પીજે; કર સુમતિરા તું સંગ, કુમતિ નિવારી. (૨) ભવજલધિ તરસે કિલણ, કર્મ વિદારી; ધરસે માણિકકી શીખ, ચિત્તમેં પ્રાણી. (૨) સબ૦ ૩

કેસરીયાજીની લાવણી.

સુનીયો રે ભ્રાતા સદાશીવજી, મત ચઠ જાના ક્ષુલ દેવા; ગણપતિ ઉનકા બડા હે

ડંકા, મત છેરો તુમે ઉન દેવા. સગતારેપત સુહાવત બોલે, અમહી નોકર ઈનાહુકા; હિંદુ પતસેં હાથ જોડકર, તીન ભવનમેં હે ટિકા. સુનીયો રે૦ ૧ સરગ મરત પાતાળ સુનીયે, સુરિજન મુનિજન ધાવત હે; ઈંદ્ર ચંદ્ર મુનિ દરશન આવે, મનકી મોજાં પાવત હે. સુનીયો રે૦ ૨ ગયા રાજ દિન કેસે આવે, નિરધનીયાંકું ધન દેવે; બાજ ખીલાવે સુંદર લડકા, સદા સુખી રહે તુમ સેવે. સુનીયો રે૦ ૩ તારે ઝાઝ સમુદરમાંહે, રોગ નિવારે ભવભવકા; ભૂપ રંગકો રંગ દીયો હે, ચોરન બંધન હરી દેવા. સુનીયો રે૦ ૪ ધું ધું ધું ધું ધુંસા બાજે, દશો દશાપર હે ડંકા; ભાણ તાતીયા ચુંકર બોલે, મત બતલાવો બડઅંકા. સુનીયો રે૦ ૫ રાણાજી કહે ઉમરાવ વજીરને; માનત નહીં અમ એ બાતાં; તારી કરણી તું પાવેગા, મેં નહીં આવું તુમ સાથાં.

સુનીયો રે૦ ૬ મૂછ મરોડી અઠે અભિમાને, ઝેર ભર્યાં હે નજરોમેં; રિખભદાસ કહે સાહેબ સચા, દેખ તમાસા ફેજરોમેં. સુનીયો રે૦ ૭

વસંત.

વસંત પંચમીને નઉતમ ક્ષેત્ર, લગન લીયો નિરધાર લલના; સઉ સાજન મળી તોરણ આએ, પસુઉ માંડયો પોકાર. વસંતર વિવાહ આદર્યો હો. ૧ લીલા પીળા વાંસ રંગાવો, ચોરી ચિતરાવો ચાર લલના; ભાવે તે દેવતા વેદ ભણે છે, મંગળ ગાવે સખીયાં ચાર. વસંત૦ ૨ આઠ ભવની હું નારી તમારી, સોરે અમારો વાંક લલના; ભવોભવની હું દાસી તમારી, કાળો છે કામણગારો. વસંત૦ ૩ નેમજી હૈયામાં ક્રોધે ભરાણા; સંસારમાં નહીં સાર લલના; રથવાળી નેમ ગિરનારે ચાલ્યા, રોતી રહે

રાજુલ નાર. વસંત૦ ૪ રાજુલ ચાહ્યાં સં જમ લેવા, જઇ ચડ્યાં ગઢ ગિરનાર લલના; કર જોડી ગાૈતમ પાએ લાગુ, સાચો છે દીન દયાળ. વસંત૦ ૫

હોરીઓ.

મહાવીર એસે જિનચંદનકું, હુરી આવત બે કર જોડી. બે કર જોડી, (૨) માહાવીર એસે પ્રભુ વંદનકું; હુરી આવત બે કર જોડી. એ આંકણી. ચાૈદ સહુસ તે હસ્તી બનાએ, પાંચસેં બાર મુખારી; હુરી હુરી૦ મુખ મુખી અષ્ટ દંતુશાળ સોહે, વાવડી હાંરે લાલા વાવડી આઠ લહોરી. માહાવીર૦ ૨ વાવ્ય વાવ્ય બિચ અષ્ટ કમળ હે, પાંખડી લાખ લહોરી; હુરી૦ હુરી૦ પાંખડી પાંખડી નાટક રચના, વંશળી હાંરે લાલા વંશળી વેણુ ઝકોરી. માહાવીર૦ ૩ કમળ કમળ બીચ ઇંદ્રભુવન હે, આઠ ભ-

દ્વાસન જોરી; હરી હરી૦ મિચમેં સિંહા-
સન ઇંદ્ર બિરાજે, વિર લાલા વિર નમ૧
કર જોડી. માહાવીર૦ ૪ શારણભદ્ર દેખી
હરી રચના, નિજ અભિમાન તજ્યોરી;
હરી-હરી. રિદ્ધ છોડકે ચારિત્ર લીનો, પ્રભુ કે
લાલા પ્રભુકે શરણ રહ્યોરી. માહાવીર૦ ૫
પ્રભુ કે બચ્ચાન સુણી આનંદ પાવે,વંદન મુનિપે
કર્યોરી; હરી હરી૦ વિનય ધરત બહુ ભ-
ક્તિ કરત હે, હરી નિજ હાંરે લાલા હરી
નિજ સ્વર્ગે ગયોરી. માહાવીર૦ ૬.

રંગ મચ્યો જિનદ્વારરે, ચાલો ખેલીએ
હોરી. પાસજી કે દરબારરે. ચાલો૦ ફાગન
કે દિન ચારરે. ચાલો૦ એ આંકણી. કનક
કચોળી કેસર ઘોળી, પૂજો વિવિધ પ્રકારરે.
ચાલો૦ ૧ કૃષ્ણાગરકો ધુપ ઘટત હે, પરિ-
મળ બહેકે અપારરે. ચાલો૦ ૨ લાલ ગુ-
લાલ અબીલ ઉડાવત, પાસજી કે દરબારરે.

ચાલો૦ ૩ ભરી પિચકારી ગુલાલકી છીરકો, વામાદેવી કુમારરે. ચાલો૦ ૪ તાલ મૃદંગ વેણુ ડફ બાજે, ભેરી ભુંગળ રણકારરે. ચાલો૦ ૫ સબ સખિયન મિલી ધુંવાર સુનાવત, ગાવત મંગળ સારરે. ચાલો૦ ૬ રત્નસાગર પ્રભુ ભાવના ભાવે, સુખ બોલે જયકારરે. ચાલો ખેલીએ હોરી. ૭

ચંદ્રપ્રભુજીસેં લાલરે, મોરી લાગી લગનવા. ચંદ્ર૦ લાગી લગનવા છોડી ન છુટે જબ લગ ઘટમેં પ્રાણરે. મોરી૦ ૧ દાન શિયળ તપ ભાવના ભાવે, જૈનધરમ પ્રતિપાળરે. મોરી૦ ૨ હાથ જોડ કર અરજ કરત હે, વંદત શેઠ ખુશાલરે. મોરી લાગી લગનવા. ૩

કીન સંગ ખેલું મેં હોરીરે, મેરો પીયુ બ્રહ્મચારી. કીન૦ સમુદ્રવિજય શિવાદેવીકો

નંદન, પંચ મહાવ્રત ધારીરે. મેરો૦ ૧ આપ ચલે ગિરનારે ઉપર, પાછળ રાજુલ નારીરે. મેરો૦ ૨ સેસાવનકી કુંજ ગલનમેં, લીના કેવળ કર્મ નિવારીરે. મેરો૦ ૩ કહે નેમિ પ્રભુ નેમ રાજુલ દાએ, પામ્યા મુક્તિ મોહનગારીરે. મેરો૦ ૪

હોરી ખેલોરે ભવિક મન થિર કરકે, હોરી ખેલોરે. સુમતિ સુરંગ ગુલાલ મંગાવો, અબીર ઉડાવો ઝોરી ભરભરકે. હોરી૦ ૧ ધ્યાન ગ્યાન ડફ તાલ બજાવો, ગુણ ગાવો પ્રભુ હિત ધરકે. હોરી૦ ૨ અનુભવ અત્તર ફુલેલ મંગાવો, વાસ દિસોદિસ મહમહકે, હોરી૦ ૩ ક્રોધ માન રજ ધુળ ઉડાવો, જયું તે રાખ્યા સબલ થરકે. હોરી૦ ૪

સૈયાં મેંને શી કીની ચોરી, શામ સે

કહીઓ મોરી શામરેસે. ૧ સબ જાદવ મિલ વસંત ખેલે, ખેલ ખેલત ગિરધર ગોરી; હરી હરી લાલા ખેલ૦ ડારે ગુલાલ મુઠી ભર ભરકે, અબિરકી ભરી હુ જોરી. સૈયાં૦ ૧ સસરો હમારો સમુદ્રવિજયજી, સાસુ શિવાદેવી ભોરી; હરીહરી૦ પીયુજી હમારો નેમ નગીનો, છાંડુ કેસર ઘન ઘોરી સૈયાં૦ ૨ કહત ધરમચંદ નેમને રાજુલ, સબી કરમકુ છોરી; હરી હરી૦ કરમ નાશ કરી શિવ ગત સાધી, આપ ખિલાઈ હોરી. સૈયાં૦ ૩

ગહુંળીઓ.

ગહુંળી ૧ લી.

પ્રભુ મારો ભોગ કરમ ક્ષીણ જાણી રે, પ્રભુ મારો પરણ્યો સંજમ રાણી રે; પ્રભુ મારો ત્રીસ વરસ ઘરવાસ રે, પ્રભુ મારો સંજમ લેવા ઉલ્લાસ રે; પ્રભુ તમે વિહાર હૈયામાં ધાર્યો રે, પ્રભુ અમને ગમશે નહીં

નિરધાર રે. ૧ પ્રભુ તું તો જ્ઞાનાદિક ગુણ દરિયો રે, પ્રભુ હું તો નિરાશ્રય રહયો પડીયો રે; પ્રભુ ગાહારા માતા પિતાનો નહીં જોગ રે, પ્રભુ આરા બંધવનો ન કરો વિજોગ રે. ૨ પ્રભુ માહારા તુમ વિના ઘર સુન મેડી રે, પ્રભુ માહારા ન ગમે મોહોલ ને મેડી રે; પ્રભુ માહારા તુમ આણુ વેહેતો ઉલ્લાસ રે. પ્રભુ માહારા બંધવ વિણ થયો જગદાસ રે. ૩ પ્રભુ માહારો ચોસઠ ઇંદ્ર પરવરીયો રે, પ્રભુ માહારો સિદ્ધારથ વન સંચરીયો રે; પ્રભુ માહારો વ્રત ઉચરી એમ ભાખેરે, બંધવ માહારા કરશું વિહાર ઉલ્લાસે રે. ૪ પ્રભુ માહારો એમ કહી ચાલ્યો તેણીવાર રે, પ્રભુ માહારા નયણે આંસુની ધાર રે; પ્રભુ માહારા નિજ નયરી કિમ જાસ્યું રે, પ્રભુ માહારા મુજ મન થયો ઉદાસ રે. ૫ પ્રભુ તું તો નિરાગી નિચિંત રે, પ્રભુ માહારા દર્શન-

શી કરજયો પવિત્ર રે, પ્રભુ તું તો કરૂણારે-
સનો કુંપો રે, પ્રભુ મુને એકલડો કિમ
મૂકો રે. ૬ પ્રભુ માહારો અગ્નિઉદ્યોત પેરે
દીપે રે, પ્રભુ માહારો અસંખ્યા સુરજ
તેજ ઝીપે રે; પ્રભુ માહારા વરસીદાને જ-
સ લીધો રે. પ્રભુ માહારા દયા પાળી
કારજ સીધો રે. ૭

ગહુંળી ૨ જી.

જીરે જિનવર વચન સોહંકરૂં, જીરે અ-
વિચળ સાસન વીર રે; ગુણવંતા ગિરૂઆ,
વાણી મીઠી રે માહાવીરતણી. જીરે પર્ષદા
બાર મળી તિહાં, જીરે અરથ પ્રકાશો ગુણ
ગંભીર રે, ગુણવંતા ગોતમ, પ્રશ્ન પૂછે રે
માહાવીર આગળે. ૧ જીરે નિગોદ સ્વરૂપ
મુજને કહો, જીરે કેમ એ જીવવિચાર રે;
ગુ૦ વા૦ જીરે મધુર ધ્વનિયે જગગુરૂ કહે,
જીરે કરવા ભવિક ઉપકાર રે. ગુ૦ વા૦

જીરે રાજ ચાૈદ લોક જાણિયે, જીરે અસં-ખ્યાતા જોજન કોડાકોડી રે; ગુ૦ વા૦ જીરે જોજન એક એમાં લીજીયે, જીરે લીજીયે એક એકનો અંશ રે. ગુ૦ વા૦ ૩ જીરે એક નિગોદ જીવ અનંત છે, જીરે પુદ્ગલ પરમાણુંઆ અનંત રે; ગુ૦ વા૦ જીરે એક પ્રદેશ જાણીયે, જીરે પ્રદેશ વર્ગણા અનંત રે. ગુ૦ વા૦ ૪ જીરે અસંખ્ય ગોળા સં-ખ્ય છે, જીરે નિગોદ અસંખ્ય ગોળા શેષ રે; ગુ૦ વા૦ જીરે પરમાણુઆ પ્રત્યે ગુણ અનંત છે, જીરે વરણ ગંધ રસ ફરસ રે. ગુ૦ વા૦ ૫ જીરે લોક સકલમય ઇમ ભ-ર્યો, જીરે કહે ગાૈતમ ધન્ય તુમ જ્ઞાન રે; ગુ૦ વા૦ જીરે એવા ગુરૂની આગળ ગહુંઅલી, જીરે ફતેશિખર અમૃતશિવની શ્રેણી રે. ગુ૦ વા૦ ૬.

ગહુંળી ૩ જી.

સખી સરસ્વતિ ભગવતિ માતા રે, કાંઈ પ્રણુમીજે સુખશાતા રે; કાંઇ વચન સુધારસ દાતા, ગુણવંતા સાંભળો વીર વાણી રે. કાંઈ મોક્ષતણી નિશાણી. ગુ૦ ૧ એ આંકણી. કાંઈ ચોવીસમા જિનરાયા રે, સાથે ચોદસહસ મુનિરાયા રે; જેહના સેવે સુર નર પાયા. ગુ૦ સાં૦ ૨ સખી ચતુરંગ સેના સાથ રે, સખિ આવ્યા શ્રેણિક નર નાથ રે; પ્રભુ વંદીને હુઆ સનાથ. ગુ૦ સાં૦ ૩ બહુ સખિયો સંયુત રાણી રે, આવી ચેલણા ગુણ ખાણી રે; એતો ભામંડલમાં ઉજાણી. ગુ૦ સાં૦ ૪ કરે સાથીયો મોહનવેલ રે, કાંઈ પ્રભુને વધાવે રંગ રેલ રે; કાંઈ ધોવા કર્મના મેલ. ગુ૦ સાં૦ ૫ બારે પર્ષદા નિસુણે વાણી રે, કાંઇ અમૃતરસ સમ જાણી રે; કાંઇ વરવા મુક્તિ પટરાણી. ગુ૦ સાં૦ ૬

ગાવાનાં ગીતો.

સાત વાર.

આદિતે અરિહંત અમ ઘેર આવો રે, મારા શ્યામ સલુણા નેમ દિલમાં લાવો રે. ૧ સોમે તે શુભ શણગાર સજીએ અંગે રે, મારા જુગજીવનની સાથ રમીએ રંગે રે. ૨ મંગળ શુભ દિન આજ મંગળ ચારૂં રે, કાંઈ નવ ભવ કેરો સ્નેહ હું સંભારૂં રે. ૩ બુધ ઘેર આવો નાથ બુદ્ધિના બળીઆ રે, પ્રભુ એક સહેંસને આઠ લક્ષણ ભરિઆ રે. ૪ ગુરૂ ગિરવા ગુણવંત શિવાદેવીના રે, કાંઇ સમુદ્રવિજય કુળચંદ નેમ નગીના રે. ૫ શુકર શોહસાવન ચાલો સજની રે, મારે સમય થયો પ્રભાત વિતી રજની રે. ૬ શનિશ્વર સંજમ લીધ પ્રીત વધારી રે, દાનું પામ્યા પરમાનંદ નેમ ને નારી રે. ૭ સુળચંદ કહે એમ આશા ફ-

ળશે રે; જે નિરમળ પાળે શિયળ ભવ-
જળ તરશે રે. ૮ એમ નમીએ નેમીજીણંદ
ગઢ ગિરનાર રે, રાણી રાજુલ જુવે વાટ
સાતે વાર રે. ૯

ગરબી.

ચાલો સખીઓ મમ સાથ, જિન ઘર
જઇએ રે; અવલોકી આદિનાથ, પાવન થ
ઇએ રે. ૧ મોહન મરૂદેવી નંદ, જગ જ-
યકારી રે; જસુ વદન પુનમનો ચંદ, જાઉં
બલિહારી રે. ૨ કંચનગિરિ હરી જિન-
રાજ, જઇ નવરાવે રે; કરવાને આતમ
કાજ, સચી હુલરાવે રે. ૩ વિનિતા નગ-
રીનો રાય, હરખું નિરખી રે; પણ છે સત
ધનુષની કાય, સોવન સરખી રે. ૪ હમ
દિલ વસિયા એ દેવ, રંગ રસિલા રે;
જસ સુરવર સારે સેવ, છેલ છબિલા રે.
૫ સ્વામિ શિવરમણીના કંથ, કામસુગારા

રે; સુખ આપો સાદી અનંત; પૂરણ ચ્યારા રે. ૬ પ્રભુ પૂરણ પુન્ય પસાય, એ દીઠું રે; આ હરખ મનમાં ન માય, લાગે મીઠું રે. ૭ રમઝમ કરી જિન ગુણ રાસ, રમીએ રંગે રે; આવો જિનજી આવાસ, સખીઓ સંગે રે. ૮ પૂજો હરિહર શિરતાજ, કેસર ઘોળી રે; અંબોડા લધ્યએ આજ, સેથર રોળી રે. ૯

ગરબો.

અનોપમ આજરે ઓચ્છવ છે મહાવીર મંદિરેરે
ચાલો જોવા જઈએ હેતે હળી મળી આજ;
વાલા વીરનો જનમ દિવસ છે આજનોરે.
ત્રિસલા કુખે અવતર્યો, મહાવીરનો અવતાર;
ધન ધન દિવસ તે ઘડી, વરત્યો જય જયકાર.
થાળ ભરી ભરી મોતીડે વધાવતીરે,
છપનકુમરી સજી સો શણગાર;
ઉભી આરસ પારસમણી ચોકમાંરે. અનોપમ૦

જિન મનરંજન પારણું, હીરાનો ઝળકાટ;
પોઢયા છે માંહી મણી, પુનમ મુખ જણાય.
હેતે હિંચોળે છે કંચનવરણી દોરીએરે;
માતા ત્રિસલા હરખ અપાર;
એવો દિવસ ઉગ્યો છે આનંદનોરે. અનોપમ૦
મોતી તોરણ બારણે, દિસે ઝાક ઝમાળ;
ઇંદ્રાણી આગે નચે, રણઝણ ઘુઘરા થાય.
ટહુકા કરતી કોયલ મધુરા બેણા કંઠનીરે,
વળી બપૈયા ગાવંતા રૂડા રાગ;
એવું આનંદ આનંદ વીર પારણુંરે. અનોપમ૦

મહાવીરસ્વામીનું હાલરીયું.

છાનો મોરા છઅ, છાનો મોરા વીર;
પછે તમારી દોરી તાણું.
મહાવીર કુંવર ઝુલે પારણીએ ઝુલે. ટેક.
હીરના છે દોર, ઝુમે છે મોર;
કોયલડી સૂર નારી. મહાવીર૦ ૧
ઇંદ્રાણી આવે, હાલણ હુલણ લાવે;

વીરને હેતે કરી હુલરાવે. મહાવીર૦ ૨
સુંદર બ્હેની આવે, આભૂષણ લાવે;
ખાજાં રૂડાં લાવે, મોતીચુર ભાવે;
વીરને હેતે કરી જમાડે. મહાવીર૦ ૩
વીર મ્હોટા થાશે, નિશાળે ભણવા જાશે;
એમ ત્રિસલામાતા હરખાશે. મહાવીર૦ ૪
નંદિવર્ધન આવે, રાણી રૂડી લાવે;
વીરને હેતે કરી પરણાવે. મહાવીર૦ ૫
વીર મ્હોટા થાશે, જગતમાં ગવાશે;
એમ કાંતિવિજય ગુણ ગાશે. મહાવીર૦ ૬

મહાવીરસ્વામીનું પારણું.

માતા ત્રિસલા ઝુલાવે પુત્ર પારણે, ગાવે હાલો હાલો હાલરૂવાનાં ગીત; સોના રૂપાને વળી રત્ને જડીયું પારણું, રેશમ દોરી ઘુઘરી વાગે છુમ છુમ રીત. હાલો હાલો હાલો હાલો મારા નંદને. ૧ જિનજી પાસ પ્રભુથી વરસ અઢીશેં અંતરે, હોશે ચો-

વીસમો તીર્થંકર જિન પારમાણ્યુ; કેશી-
સ્વામી મુખથી એહવી વાણી સાંભળી,
સાચી સાચી હુઇ તે મારે અમૃત વાંણુ.
હાલો૦ ૨ ચૌદ સ્વપ્ને હોવે ચક્રી કે જિન-
રાજજી, વિત્યા બારે ચક્રી નહિ હવે ચક્રી-
રાજ; જિનજી પાસપ્રભુના શ્રી કેસિ ગણ-
ધાર, તેહને વચને જાણ્યા ચોવીસમા જિ-
નરાજ, મારી કૂખે આવ્યા ત્રણભુવન શિર-
તાજ, મારી કૂખે આવ્યા તરણ તારણ જિ-
નરાજ, હું તો પૂન્ય પનોતી ઇંદ્રાણી થઇ
આજ. હાલો૦ ૩ મુજને દોહલો ઉપન્યો
બેશું ગજ અંબાડીએ, સિંહાસનપર બેશું
ચામર છત્ર ધરાય; એ સહુ લક્ષણ મુજને
નંદન તારા તેજનાં, તે દિન સંભારૂં ને
આનંદ અંગ ન માય. હાલો૦ ૪ કરતલ
પગતલ લક્ષણ એક હજારને આઠ છે, તેહથી
નિશ્ચય જાણ્યા જિનવર શ્રી જગદીશ;
નંદન જમણી જંઘે લંછન સિંહ બિરાજ-

તો, મેં તો પહેલે સ્વપ્ને દીઠા વિશવાવીશ. હાલો૦ ૫ નંદન નવલા બંધવ નંદિવર્ધનના તમે, નંદન ભોજાઇઓના દેવર છો સુકુમાળ; હસશે ભોજાઇઓ કહી લાડકા દિયર માહરા, હસશે રમશેને વળી ચુંટી ખણશે ગાલ; હસશે રમશેને વળી ઠુંસા દેશે ગાલ. હાલો૦ ૬ નંદન નવલા ચેડારાજાના ભાણેજ છો, નંદન નવલી પાંચશેં મામીના ભાણેજ છો; નંદન મામલીઆના ભાણેજા સુકુમાળ, હસશે હાથે ઉછાળી કહીને નાના ભાણેજા, આંખ્યો આંજીને વળી ટબકું કરશે ગાલ. હાલો૦ ૭ નંદન મામા મામી લાવશે ટોપી આંગલાં, રતને જડાયાં ઝુલડા મોતી કસબી કોર; નીલાં પીળાંને વળી રાતાં સરવે જાતનાં, પેહેરાવશે મામી મારા નંદ કીશોર. હાલો૦ ૮ નંદન મામા મામી સુખડલી બહુ લાવશે, નંદન ગજવે ભરશે લાડુ મોતીચુર; નંદન મુખડાં જે-

ઈને લેશે મામી ભામણાં, નંદન મામી કહેશે જીવો સુખ ભરપુર. હાલો૦ ૯ નંદન નવલા ચેડા મામાની સાતે સતી, મારી ભત્રીજીને બેન તમારી નંદ; તે પણ ગુંજે ભરવા લાખણસાઇ લાવશે, તુમને જોઇજોઇ હોશે અધિકો પરમાનંદ. હાલો૦ ૧૦ રમવા કાજે લાવશે લાખ ટકાનો ઘુઘરો, વળી સૂડા મેનાં પોપટને ગજરાજ; સારસ હંસ કોયલ તીત્તરને વળી મોરજી, મામી લાવશે રમવા નંદ તમારે કાજ. હાલો૦ ૧૧ છપ્પન કુમરી અમરી જળકળશે નવરાવીઆ, નંદન તમને અમને કેલીઘરની માંહે; ફુ-લની વૃષ્ટિ કીધી યોજન એકને માંડલે, બહુ ચિરંજીવો આશિષ દીધી તુમને ત્યાંહ. હાલો૦ ૧૨ તમને મેરૂગિરિપર સુરપતિએ નવરાવીઆ, નિરખી નિરખી હરખો સુકૃત લાભ કમાય; મૂખડા ઉપર વારૂ કોટી કોટી ચંદ્રમા, વળી તનપર વારૂ ગોરી ગુણ સમુ

હાય. હાલો૦ ૧૪ નંદન નવલા ભણવા નિશાળે પણ મુકશું, ગજપરે અંબાડી બેસાડી મોટે સાજ; પસલી ભરશું શ્રીફળ ફોફળ નાગરવેલશું, સુખડલી લેશું નિશાળીઆને કાજ. હાલો૦ ૧૪ નંદન નવલા મોહોટાં થાશોને પરણાવશું, વહુવર સરખી જોડી લાવશું રાજકુમાર; સરખા વેવાઈ વેવાણો પધરાવશું, વરવહુ પોંખી લેશું જોઈ જોઇને દેદાર. હાલો૦ ૧૫ સાસરૂ પીઅર મારાં બેહુ પખ નંદન ઉજળાં, માહારી કૂખે આવ્યા તાત પનોતા નંદ; માહારે આંગણ વુઠયા અમૃત દુધે મેહુલા, માહારે આંગણ ફળિયા સુર તરૂ સુખના કંદ. હાલો૦ ૧૬ એણીપરે ગાયું માતા ત્રિસલા સુતનું પારણું, જે કોઈ ગાશે લેશે પુત્ર તણા સામ્રાજ બીલીમોરા નગરે વરણ્યું વીરનું હાલરૂં, જયજય મંગળ હોજો દીપવિજય કવિરાજ. હાલો૦ ૧૭

ફટાણા નિષેધ વિષે ગાયન.

સખીઓ નાજ નીજ નીતી.—એ રાહ.

બેની ફટાણા બોલી નવી ફુલીએ રે,
જે બોલે નફટ નીચ નાર;
જેને દેવો ઘટે છે ધિક્કાર,
તેવા ફટાણાથી ફજેતીના ફાલકા રે. ૧
બેની નફટ પુરૂષ જેહથી હસે રે,
કરે નખરાં જે નર નાદાર. તેવા૦ ૨
બેની પુરૂષના ફંદનો પાસલો રે,
માનું ફટાણાએ ધર્યો અવતાર. તેવા૦ ૩
બેની સતી સુલક્ષણ શીયલવતી રે,
તજે પરિચય ધરે નહીં પ્યાર. તેવા૦ ૪
જેના વચનમાં વિકારની વાસના રે,
તેવી નીચ નારીને ફીટકાર. તેવા૦ ૫
બેની કુલ વધુને એ નવી ઘટે રે,
નીચ વચનનો કરવો ઉચ્ચાર. તેવા૦ ૬
સુખ મધુર શીયળ ગુણ શોભતો રે,
એવો ઉત્તમ સ્રીનો આચાર. તેવા૦ ૭

એની સીખ તે સઘળાએ માનવી રે,
જે છે નિજ પરને હિતકાર. તેવા૦ ૮
જૈનશાળા બાળા સરવે મળી રે,
આપો ફટાણાને ફીટફીટકાર. તેવા૦ ૯

સ્ત્રીને શીયળ પાળવાના યત્કિ-ન્ચિત્ બોલ.

૧ પિતા, બાંધવ, પ્રમુખ કોઈ પણ પુરૂષના કોટે વળગી મળવું નહીં.

૨ પરપુરૂષનું ઉવટણાદિથી અંગ મર્દન કરવું નહીં.

૩ કોઇ પર પુરૂષને નવરાવવો નહીં.

૪ પરપુરૂષ સાથે પત્રાદિકથી ખેલવું નહીં.

૫ પરપુરૂષનો છેડો પકડી વાત કરવી નહીં.

૬ પરપુરૂષ સાથે હસીને હાથ તાલી લેવી નહીં.

૭ પરપુરૂષની વેણી ગુંથવી નહીં.

૮ પરપુરૂષનાં અંગ ચાંપવાં નહીં.

૯ પરપુરૂષના હાથની પાન બીડી લેવી નહીં.

૧૦ પરપુરૂષ સાથે એક સય્યાએ બેસવું નહીં, તેમ સુવું પણ નહીં.

૧૧ વાટે, (રસ્તે) શેરીએ, પુરૂષના સંઘમાં જવું નહીં.

૧૨ જેઠ, સસરો, સાસુ વગેરે સાસરામાં કોઈ મોટેરાની સાથે ઠઠ્ઠાબાજી કરવી નહીં.

૧૩ પરપુરૂષ સાથે એકાંતમાં રહેવું નહીં.

૧૪ પરપુરૂષથી દૃષ્ટિ મીલાવી સરાગથી જોવું નહીં.

૧૫ પરપુરૂષ સાથે સાંકેતિક ભાષાથી બોલવું નહીં.

૧૬ જોગી, ભરડા, ભીક્ષાચરની સાથે ભાષણ કરવું નહીં.

૧૭ કોઇ દેખે તેમ વડીનીતિ અને લઘુનીતિ કરવી નહીં.

૧૮ પુરૂષ દેખતાં આળસ મરડવી નહીં.

૧૯ તેમજ શરીરના અવયવ ઉઘાડા રાખી બતાવવા નહીં.

૨૦ અત્યંત મીઠા પદાર્થ ખાવા ઉપર પ્રીતિ રાખવી નહીં.

૨૧ ભોજન અલ્પ કરવું.

૨૨ મોટા સ્વરથી હસવું નહીં.

૨૩ અજાણે ઘેર જવું નહીં.

૨૪ પીયર ઝાઝું રહેવું નહીં.

૨૫ ઘરની વાત કોઇને કહેવી નહીં.

૨૬ સાસરાનું દ્રવ્ય કપટથી પીયરીઆને આપવું નહીં.

૨૭ ધીરા તથા મીઠા સ્વરથી બોલવું.

૨૮ પોતાના સ્વામીનું અપમાન થાય ત્યાં જવું નહીં.

આરતીઓ.

આરતી ૧

અપ્સરા કરતી આરતી જિન આગે, હાં રે જિન આગેરે જિન આગે; હાંરે એતો અવિચળ સુખડાં માગે, હાંરે નાભિ નંદન પાસ. અપ્સરા કરતી આરતી જિન આગે. ૧ તાથેઇ નાટક નાચતી પાય ઠમકે હાં રે દોય ચરણે ઝાંઝર ઝમકે; હાં રે સોવન ઘુઘરડી ઘમકે, હાં રે લેતી ફુદડી બાળ. અપ્સરા૦ ૨ તાલ મૃદંગ ને વાંસળી ડફ વેણા, હાં રે રૂડા ગાવંતી સ્વર ઝીણા હાં રે મધુર સુરાસુર નયણા, હાં રે જોતી મુખડું નિહાળ. અપ્સરા૦ ૩ ધન્ય મારૂદેવા માતને પ્રભુ જાયા, હાં રે તોરી કંચનવરણી કાયા, હાં રે મેં તો પૂરવ પૂન્યે પાયા, હાં રે દેખ્યો તોરો દેદાર. અપ્સરા ૪ પ્રાણજીવન પરમેશ્વર પ્રભુ પ્યારો, હાં રે

પ્રભુ સેવક હું છું તારો; હાં રે ભવોભવનાં દુઃખડાં વારો, હાં રે તુમે દીન દયાળ. અ૦ ૫ સેવક જાણી આપણો ચિત્ત ધરજો, હાં રે મોરી આપદા સઘળી હરજો; હાં રે મુનિ માણેક સુખીઓ કરજો, હાં રે જાણી પોતાનો બાળ. અપ૦ ૬ ઇતિ.

આરતી ૨

જે જે આરતી આદિ જિનંદા, નાભિરાયા મારૂદેવીકો નંદા. જે જે આરતી૦ પેહેલી આરતી પૂજા કીજે, નરભવ પામી લાવો લીજે. જે જે આરતી૦ ૨ દુસરી આરતી દીન દયાળ, ધુળવ મંડપમાં જગ અજવાળ્યાં. જે જે આરતી૦ ૩ તીસરી આરતી ત્રિભોવન દેવા, સુરિનર ઇંદ્ર કરે તારી સેવા. જે જે આરતી૦ ૪ ચોથી આરતી ચઉદસ ચુરે, મનવંછિત ફળ શીવસુખ પૂરે. જે જે આરતી૦ ૫ પાંચમી

આરતી પુન્ય ઉપાયો, મુળચંદજી રિખવ ગુણ ગાયો. જે જે આરતી૦ ૬

મહાવીરસ્વામીની આરતી.

જય દેવ, જય દેવ, જય સુખના સ્વામી; (પ્રભુ૦) તુજને વંદન કરીએ, (૨) ભવ ભવના ભામી. જય દેવ૦ ૧ સિદ્ધારથના સુત, ત્રિસલાના જાયા; (પ્રભુ૦) જસોદાના છો કંથજી, (૨) ત્રિભુવન જગ રાયા. જય દેવ૦ ૨ બાળપણામાં આપ, ગયા રમવા કાજે; (પ્રભુ૦) દેવતાએ દીધો પડછાયો, (૨) બિવરાવવા કાજે. જયદેવ૦ ૩ એકવારનું રૂપ, લીધું છે નાગનું; (પ્રભુ૦) બીજીવારનું રૂપ, (૨) લીધું બાળકનું. જય દેવ૦ ૪ બાળક બિના સઉ, પોતે નથી બિતા; (પ્રભુ૦) દેવતાનું કાંઈ ન ચાલ્યું, (૨) હારી જતા રે'તા. જયદેવ૦ ૫ એવા છે ભગવાન, મહાવીર તમે જા-

ભ્રુ; (પ્રભુ૦) વંદે છે સઉ તેને, (૨) નમે રાય રાણા. જય દેવ૦ ૬ ઇતિ૦

શાન્તિનાથની આરતી.

જય જય આરતી શાન્તિ તુમારી, તેરા ચરણકમલકી જાઉં બલિહારી. જય૦ ૧ વિશ્વસેન અચિરાજીકો નંદા, શાન્તિનાથ સુખ પૂનમચંદા. જય૦ ૨ ચાલીસ ધનુષ સોવનમય કાયા, મૃગલંછન પ્રભુ ચરણ સુહાયા. જય૦ ૩ ચક્રવર્તી પ્રભુ પાંચમા શોહે, સોલમા જિનવર જગ સહુ મોહે. જય૦ ૪ મંગલ આરતી તોરી કીજે, જન્મ જન્મનો લાહો લીજે. જય૦ ૫ કર જોડી સેવક ગુણ ગાવે, સો નરનારી અમરપદ પાવે. જય૦ ૬ ઇતિ.

મંગળદીવો.

દીવો રે દીવો મંગલિક દીવો, આરતી ઉતારોને બહુ ચિરંજીવો. દીવો૦ ૧ સોહા

મહું ઘર પરવ દિવાળી, અમર ખેલે અ-
બળા બાલી. દીવો૦ ૨ દેપાળ ભણે ઇણે
કુળે અજુઆળી, ભાવે ભગતે વિઘ્ન નિ-
વારી. દીવો૦ ૩ દેપાળ ભણે ઇણે કલિ
કાળે, આરતી ઉતારી રાજા કુમારપાળે.
દીવો૦ ૪ તમ ઘર મંગળિક, અમ ઘરે મં
ગળિક, મંગળિક ચતુર્વિધ સંઘને હોજો.
દીવો રે દીવો૦ ૫ ઇતિ.

અથ મંગળચાર,

ચારો મંગળ ચાર, આજ મહારે ચારો
મંગળ ચાર. દેખ્યો દરસ સરસ જિનજીકો
શોભા સુંદર સાર. આજ૦ ૧ છિનું છિનું
છિનું મન મોહન ચરચો, ઘસી કેસર ઘન
સાર. આજ૦ ૨ વિવિધ જાતીકે પુષ્પ મં
ગાવો, મોઘર લાલ ગુલાલ. આજ૦ ૩ ધુપ
ઉખેવોને કરો આરતી, મુખ બોલો જય-
કાર. આજ૦ ૪ હર્ષ ધરી આદિશ્વર પૂજો,

ચોમુખ પ્રતિમા ચાર. આજ૦ ૫ હૈયે ધરી
ભાવ ભાવના ભાવો, જિમ પામો ભવપાર.
આજ૦ ૬ સકળચંદ શેવક જિનજીકો,
આનંદઘન ઉપગાર. આજ૦ ૭

ઓચ્છવ.

ઓચ્છવ રંગ વધામણાં, પ્રભુ પાસને નામે;
કલ્યાણ ઓચ્છવ કીયો, ચડતે પરીણામે.
સતવર્ષ આયુ જીવીને, અક્ષય સુખ સ્વામી;
તુમ પદ સેવા ભક્તિમાં, નહીં રાખું ખામી.
સાચી રે ભકતે સાહેબા, રીઝો એક વેળા;
શ્રી શુભવીર હોવે સદા, મન વંછીત મેળા.

સમાપ્ત

જૈન ધર્મનાં પુસ્તકોનું લીસ્ટ.

નંબર	નામ	રૂ. આ. પા.
૧	ચોવીસી વીસી સ્તવન સંગ્રહ	૧—૮—૦
૨	ચૈત્ય વંદન ચોવીસી	૦—૪—૦
૩	ચંદરાજાનો રાસ જીણા અક્ષરનો	૦—૮—૦
૪	ચંદ્રશીખરનો રાસ	૦—૧૦—૦
૫	કુમારપાળનો રાસ	૦—૧૦—૦
૬	ધન્નાસાલી ભદ્રનો રાસ (ગુજરાતી)	૧—૦—૦
૭	સઝાયમાળા ભાગ ૧ લો	૧—૦—૦
૮	સઝાયમાળા ભાગ ૨ જો	૧—૦—૦
૯	સઝાયમાળા ભાગ ૩ જો	૧—૦—૦
૧૦	સઝાયમાળા ભાગ ૪ જો	૧—૪—૦
૧૧	વિવિધ પુજા સંગ્રહ ભાગ ૧,૨,૩,૪	૧—૮—૦
૧૨	પંચ પ્રતિક્રમણ સુત્ર	૦—૪—૦
૧૩	પંચ પ્રતિક્રમણ સુત્ર (શાસ્ત્રી)	૦—૧૨—૦
૧૪	પંચ પ્રતિક્રમણ સુત્ર અર્થ સાથે	૦—૧૨—૦
૧૫	દિવસીરાઇ પ્રતિક્રમણ (ગુજરાતી)	૦—૪—૦

૧૬	દેવસીરાઇ પ્રતિક્રમણ (શાસ્ત્રી)	૦—૪—૦
૧૭	દેવસીરાઇ પ્રતિક્રમણ અર્થ સાથે	૦—૧૨—૦
૧૮	રસીક સ્તવનાવલી ભાગ ૧—૨—૩	૦—૪—૦
૧૯	મનોરંજક સ્તવનાવલી ભાગ ૧—૨—૩ ચીત્ર સાથે	૦—૬—૦
૨૦	જૈન લાવણી સંગ્રહ	૦—૬—૦
૨૧	જૈન ગહુલી સંગ્રહ	૦—૬—૦
૨૨	જૈન સલોકા સંગ્રહ.	૦—૪—૦
૨૩	નવસ્મરણ ગુજરાતી અર્થ સાથે.	૦—૨—૦
૨૪	નવસ્મરણ શાસ્ત્રી	૦—૪—૦
૨૫	કેવલકૃત નેમવીવાહ.	૦—૨—૦
૨૬	લીલાવતીનો રાસ.	૦—૧—૦
૨૭	છ ભાઇનો રાસ.	૦—૧—૦
૨૮	અંજના સતીનો રાસ.	૦—૧—૦
૨૯	મોતીશાના ઢાલીયા.	૦—૧—૦
૩૦	સમાયકસુત્ર અર્થ સહીત.	૦—૧—૦
૩૧	મલ્લીનાથનું વર્ણન.	૦—૧—૦
૩૨	રતનપાલ વહેવારીઆનો રાસ.	૦—૪—૦

૩૩	વસ્તુપાલ તેજપાલનો રાસ.	૦—૪-૦
૩૪	માનતુંગ રાજા માનવતી રાણીનોરાસ.	૦—૪-૦
૩૫	એલાયચી કુમારનો રાસ.	૦—૨-૦
૩૬	એલાયચી કુમારના ઢાળીઆ	૦—૨-૦
૩૭	શેત્રુંજય તીર્થમાળાનો રાસ.	૦—૨-૦
૩૮	હરીચંદ રાજાનો રાસ.	૦—૨-૦
૩૯	પરદેશી રાજાનો રાસ.	૦—૨-૦
૪૦	ધરમબુદ્ધિ રાજાનો રાસ.	૦—૨-૦
૪૧	ઊતમચરીત્ર કુમારનો રાસ.	૦—૨-૦
૪૨	કયવન્નાશાહનો રાસ.	૦—૨-૦
૪૩	રતનચુડ વહેવારીઆનો રાસ.	૦—૨-૦
૪૪	ચંદન મલીયાગીરીનો રાસ.	૦—૨-૦
૪૫	રાત્રી ભોજનનો રાસ.	૦—૨-૦
૪૬	શીયળો પદેશ.	૦—૨-૦
૪૭	આનંદઘનજી કૃત ચોવીસી અર્થ સાથે	૦—૮-૦
૪૮	મહાવીર સ્વામીનું ચરીત્ર	૦—૮-૦
૪૯	સ્નાત્ર પુજામોટી.	૦—૨-૦
૫૦	સતીશીલાવતી નોવેલ.	૦—૮-૦